Rs. 5/-

શ્રી સ્વામિનારાયણ

May' 2008



પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ-૧. ● Publisher : Shree Swaminarayan Temple, Ahmedabad-1.


1


2


3


4


5


6


7


8

(૧) અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રી હરિપ્રાગટ્યોત્સવ પ્રસંગે બાલસ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ મહાભિષેક પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે સંપન્ન થયો. (૨) બાલસ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજની અન્નકૂટની આરતી ઉતારતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી. (૩) અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં રામનવમી સમૈયા પ્રસંગે બાલસ્વરુપ શ્રી ઘનશ્યામ મહારાજના પાટોત્સવ અને મહાપૂજાના યજમાનો શ્રીહરિના ૬ઠ્ઠા અને ૭માં વંશજની આરતી ઉતારતા. (૫) શ્રીહરિ જયંતી પ્રસંગે અમદાવાદ મંદિરમાં સમૂહ મહાપૂજામાં બિરાજમાન પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી. (૫-૬-૭-૮) શ્રીહરિ જયંતી સમૈયા પ્રસંગે અમદાવાદ મંદિરના પ્રસાદીના સભામંડપમાં અખંડ મંત્રજાપ અને રાત્રીના કીર્તન ભક્તિ કાર્યક્રમ.



संस्थापक

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૯૯૫૯૭ - ૯૮૨૫૩૦૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭

ફોન

૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
ફેક્સ : ૦૭૯ ૨૭૪૫૨૧૪૫

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮
શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી
તંત્રી શ્રી
સ્વામી નારાયણસ્વરૂપદાસજી (મહંત સ્વામી)

પત્રવ્યવહાર

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦, ૨૨૧૩૬૮૧૮.
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
www.swaminarayan.info
એડ્રેસમાં ફેરફાર કરવા
E-mail : manishnvora@yahoo.co.in

લવાજમ

વાર્ષિક : રૂા. ૫૦-૦૦
વંશ પરંપરાગત
દેશમાં રૂા. ૫૦૧-૦૦
વિદેશમાં :રૂા. ૫૦૦૦-૦૦
છુટક નકલ રૂા. ૫-૦૦

શ્રી સ્વામિનારાયણ

શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - 2 અંક : 13 મઈ -2008

અનુક્રમણિકા

૧ અસ્મદીયમ્ ૦૨

૨ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ ૦૩

૩ પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ ૦૩

૪ હે યુવાનો !! ૦૪

૫ સત્સંગમાં સમજણ ૦૬

૬ જાણવા જેવું ૦૮

૭ સંતનો રાજીપો ૦૯

૮ યજ્ઞની અકળામણ ૧૦

૯ સત્સંગ સુરભિ ૧૩

૧૦ સત્સંગ બાલવાટિકા ૧૫

૧૧ ભક્તિ સુધા ૧૭

૧૨ સાક્ષાત્ પ્રેમનાં અવતાર પ્રેમસખી ૨૦


૧૩ પ્રશ્નપેટી ૨૧

૧૪ સત્સંગ સમાચાર ૨૨

: સંપાદક, મુદ્રક અને પ્રકાશક :

મહંત સ્વામી નારાયણસ્વરૂપદાસજી દ્વારા
શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે
શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ વતી પ્રકાશિત કર્યું.

અસ્મદીયમ્



તંત્રીશ્રીની કલમે....

મુમુક્ષુને સત્સંગમાં ભગવાનનું ભજન કરતાં કરતાં અનેક પ્રકારના આવરણો આવે છે. તેમાં વ્યવહારિક અડચણો કરતાં જ્ઞાન અને સમજણ તથા નિશ્ચયના અભાવમાં આધ્યાત્મિક વિઘ્નો વધુ આવતા રહે છે. પોતાની દૃષ્ટિમાં દેખવામાં આવતા ગુણ-અવગુણો દોષ-નિર્દોષતાના સંજોગોમાં ઈષ્ટદેવ પ્રત્યે તથા ધર્મવંશી આચાર્ય પદમાં, સંતોમાં, શાસ્ત્રોમાં અને સત્સંગીઓમાં ક્યારેક ક્યારેક ગુણદોષનો મિશ્ર પ્રતિભાવ આવે છે. આવા સંજોગો ઉપસ્થિત થવાના મુખ્ય કારણો ઈષ્ટદેવના સ્વરૂપમાં નિશ્ચયનો અભાવ હોય તે જ માત્ર કારણભૂત છે. શ્રીહરિએ ગ.વ. ૬૩ માં કહ્યું છે કે જેને નિશ્ચયમાં કસર હોય તેને જ્યારે ભગવાનમાં કાંઈ સામર્થી દેખાય ત્યારે આનંદ થાય અને જ્યારે સામર્થી ન દેખાય ત્યારે અંતર ઝાંખુ પડી જાય છે. તથા વડતાલના ૧૨ વચ. માં કહ્યું કે શું જાણીએ મારુ કલ્યાણ થશે કે નહિ થાય ? હું જ્યારે મરીશ ત્યારે દેવતા થઈશ કે રાજા થઈશ કે ભૂત થઈશ ? આવા ઘાટ રહ્યાં કરતા હોય છે. અને જેને સ્વામિનારાયણ ભગવાનનો મહિમા સમજીને પરિપૂર્ણ નિશ્ચય હોય તેતો તો એમ સમજે કે મને જે ભગવાન મળ્યા તે દિવસથી જ મારુ કલ્યાણ થઈ ચૂક્યું છે, અને જે મારા દર્શન કરશે કે મારી વાર્તા સાંભળશે તે જીવ પણ પાપ થકી મુકાઈને પરમપદને પામશે તથા મને સર્વે પ્રાપ્તિ થઈ રહી છે. જ્યાં પ્રત્યક્ષ ભગવાન રહ્યા છે ત્યાં જ પરમ ધામ છે. આ સંત સર્વે નારદ સનકાદિક જેવા, સત્સંગી સર્વે ઉધ્ધવ અક્રુર જેવા છે કે બ્રહ્માનંદ, મુક્તાનંદ, દાદા ખાચર, પર્વત જેવા છે. બાઈયો સર્વે જીવુબા, લાડુબા જેવી છે. હવે મારે કાંઈ કરવું રહ્યું નથી અને અક્ષરધામ તેને હું પામી ગયો છું. એવી જાતના ઘાટ થાય અને પોતાના હૃદયમાં અતિ આનંદ વર્તે એવી રીતે જેના અંતરમાં વર્તતુ હોય તેને પરિપક્વ નિશ્ચય જાણવો. એવો જેને પરિપક્વ નિશ્ચય હોય તેને માટે શ્રીહરિ ગ.પ્ર. ૬૪ માં કહે છે કે તે પોતે અત્યંત ત્યાગી હોય તોય પણ તે પાસે ગમે તેવી પ્રવૃર્તિ માર્ગની ક્રિયા કરાવીએ તો તે કરે, પણ તેમાંથી પાછો હઠે નહીં અને કચવાઈને પણ કરે નહિ રાજી થકો કરે તથા સ્વભાવ મુકાવાનો ઈષ્ટદેવનો આગ્રહ જોઈને સ્વભાવ મુકી દે અને પોતામાં અવગુણ હોય તો પણ કથા કીર્તન વગર ઘડી માત્ર રહેવાય નહિ આવા લક્ષણ જેમાં હોય તેને પરિપક્વ નિશ્ચય છે એમ જાણવું. એવા નિશ્ચયનો અભાવ હોય તો ગુણ-અવગુણ સતત આવે જાય અને અંતઃકરણ અર્ધ બળેલ કાષ્ટની જેમ દગ્ધ રહ્યા કરે સુખેથી ભજન પણ ન થાય અને થાય તો મનસ્વી થાય. સર્વોપરિ ભગવાનની પ્રાપ્તિ થઈ છે તેનો આનંદ ન મળે. માટે મહારાજનો નિશ્ચય તે સત્સંગનો પાયો છે તેમાં જેટલી કચાસ હોય તેવા સુખ-દુઃખનો અનુભવ થાય.

તંત્રી શ્રી (મહંત સ્વામી)

સાધુ નારાયણસ્વરૂપદાસના જયશ્રી સ્વામિનારાયણ



પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(એપ્રિલ - ૨૦૦૮)

૧૦. શ્રી સ્વામિનારાયણ મંદિર નવા વાડજ દશાબ્દી મહોત્સવ પ્રસંગે પધરામણી.

૧૪. શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં અક્ષરભુવન બાલ સ્વરૂપ ઘનશ્યામ મહારાજનો અભિષેક પોતાના વરદ્ હસ્તે કર્યો.

૧૭. થી ૨૩. અમેરિકાના કલિવલેન્ડમાં નૂતન (આઈ.એસ.એસ.ઓ. સંસ્થાપિત) શિખરબદ્ધ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધાર્યા.

૨૪. થી ૨૫. કચ્છ ભુજ પધરામણી.

૨૬. શ્રી સ્વામિનારાયણ મંદિર નાથદ્વારા પારાયણ પ્રસંગે પધરામણી

૨૭. શ્રી ચેતનકુમાર નવનીતલાલ ઠક્કરને ત્યાં પધરામણી, ઘોડાસર.

૨૮. ઉમેદગઢ (ઈડર દેશ) ગામે પારાયણ પ્રસંગે પધરામણી.

૨૯. નારાયણ પર (કચ્છ) પારાયણ પ્રસંગે પધરામણી.

૩૦. શ્રી સ્વામિનારાયણ મંદિર લસુન્દ્રા પાટોત્સવ પ્રસંગે પધરામણી.



પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(એપ્રિલ - ૨૦૦૮)

૨૫. વડુ ગામે આયોજીત ક્રિકેટ ટુનામેન્ટના ઉદ્ઘાટન પ્રસંગે પધરામણી.

૨૭. એપ્રોચ-બાપુનગર શ્રી સ્વામિનારાયણ મંદિર બાળ મહોત્સવના ઉદ્ઘાટન પ્રસંગે પધરામણી.

કર્મશક્તિ નવા નરોડા શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૨૮. આસ્ટ્રોપ્યોર સિસ્ટમપ્રા. લી. ના ઉદ્ઘાટન પ્રસંગે પધરામણી. નરોડા

૨૯. ઉમેદગઢ (તા. ઈડર) શ્રી સ્વામિનારાયણ મંદિર પારાયણની પૂર્ણાહુતિ પ્રસંગે પધરામણી.

હે યુવાનો !!



(ગતાંકથી ચાલું)

- કોઠારી સ્વામી રામાનુજદાસજી

યુવાનીમાં રહેલી અગાધ શક્તિ અને ધગશ ને કામે લગાડી સત્સંગમાં સુંદર પરિણામ લાવવા માટે જે યુવાનમાં જે કળા હોય, કાર્ય કરવાની ક્ષમતા હોય તે વિષયમાં જ તેને આગળ વધારી તેની બુદ્ધિ શક્તિ અને કાર્ય શક્તિને વિકસાવવા પ્રયાસ કરવો જોઈએ. વડીલોએ પણ યુવાનોની અંદર રહેલી અગાધ શક્તિને જો કાર્યશીલ અને રચનાત્મક બનાવવી હોય તો પોતાનીજ દૃષ્ટિએ જોયા કરતા સમય અને સંજોગ ને લઈ યુવાનોની દૃષ્ટિએ પણ જોવું જોઈએ. યુવાનોએ પણ જીવનમાં આવતા સંજોગો પર ધ્યાન કેન્દ્રિત કરી તેમાં સફળતાની ચાવીની શોધ કરવી જોઈએ.

જીવનમાં આવતા સંજોગો પર બેસી રહે તે યુવાન મનુષ્ય નહિ એ તો લાકડું છે, લાકડું - યુવા માનસ અને એમાં પણ સિધ્ધિ મેળવવા મથતા યુવાને તો સંજોગો વચ્ચે પણ પોતાની કાર્ય શક્તિને કેળવી પોતાની સિધ્ધિના નવા નિશાનો નવા ધ્યેય-લક્ષને સિધ્ધ કરવા માટે કટિબધ્ધ બનવું જોઈએ. કારણ કે યુવાનો આપણા સત્સંગનું ભવિષ્ય આપની રાહ જોઈ રહ્યું છે. ખરેખર યુવાનો જ ભાવિનું નિર્માણ કરી શકે છે.

યુવક મંડળમાં આગળ રહીને કાર્ય કરતા યુવકો અને વડીલોએ સત્સંગમાં આવતા દરેક નાના-મોટા, ભણેલ, અભણ, ગરીબ, તવંગર સર્વેને મનથી સ્વીકારીને તેમને યોગ્ય પ્રવૃતિ-કાર્ય આપવું જોઈએ. જીવનમાં આગળ આવવું હોય અથવા સત્સંગના યુવાનો અને કિશોરો તથા બાળકોને જો આગળ લાવવા હોય તો સત્સંગ બાળ-મંડળમાં જવાબદારી સોંપો. કોઈની પણ કોઈનીય જોડે સરખામણી ન કરશો. શ્રીજી મહારાજે પ્રથમના છઠ્ઠા વચનામૃતમાં કહ્યા પ્રમાણે સત્સંગમાં જે વિવેકી હોય તેમણે પોતે પોતાના ગુણ ન જોતા બીજાના ગુણો જોઈને પોતાના અવગુણ સામુ જોવુ જોઈએ. તે સિધ્ધાંત પ્રમાણે દરેક યુવાનોમાં ખરેખર રહેલી વાસ્તવિકતાને શોધી કાઢવી પડશે.

વાસ્તવિકતા એટલે બીજમાં રહેલું વૃક્ષ- કળીઓમાં રહેલ ફુલો અને સાંજમાં રહેલી સવાર. એ પ્રમાણે જેમ નાનો એવા બીજમાં પણ મોટા વૃક્ષ રહેલા છે અંને બગીચામાં ફુલછોડ પણ ખીલવા માટે થનગની રહેલી કળીઓમાં જેમ મોગરા, જુઈ, ચમેલી જેવા સુગંધીમાન ફુલો રહેલા છે અને સાંજે સંધ્યા ટાણે આથમતા સૂર્યની સાથે ઢળતી સાંજ જેમા મનોહર સવાર છુંપાયેલી છે તેમ વિશ્વની દરેક વ્યક્તિમાં કાંઈને કાંઈ રચનાત્મક શક્તિ છુપાયેલી હોય છે તેને બહાર લાવવી જોઈએ.

કારણ કે વડીલો આજે જે છે, તે છે કેમ કે એક દિવસ વડીલો પણ બાળક તરીકે પરાધીન હતા. દરેક મનુષ્યમાં એની વિચાર સૃષ્ટિની શરૂઆત પણ ૧૮ થી ૨૫ વર્ષની યુવાન અવસ્થામાં જ થાય છે અને જીવનના વિકાસના વિચારોનું સર્જન કરી શકે છે. જે એક દિવસ વાસ્તવિક રૂપે સત્સંગ સમાજને મળી રહે છે. તે માટે બાળકને દરેક અઠવાડીયે એની માટેનું ભાતું મળી રહે અને બાળક પોતાના જીવનનું ઘડતર કરી, એક રચનાત્મક વ્યક્તિ તરીકે બહાર આવી શકે તે માટે સત્સંગ સભા ગોઠવવી જોઈએ. બાળ મંડળ, કિશોરમંડળ અને યુવક મંડળોની સભામાંથી જ પ્રવૃત્તિઓ દ્વારા સત્સંગના વિકાસ અને જીવનના વિકાસ માટેનું ભાતું મળી રહે છે. આપણે ખાસ ધ્યાનમાં લેવા જેવી વાત એ છે કે સત્સંગીઓના જીવનમાં સભાઓનો જબરજસ્ત ફાળો છે માટે સત્સંગના ભાવિને આગળ વિકાસશીલ બનાવવું હોય અને ભવિષ્યમાં થનગનતો યુવાન જોવાની મહેચ્છા હોય તો તમો દરેક યુવાનો પણ તમારા સંતાનોને અઠવાડિક સભામાં આવવાનું દ્રઢ કરાવશો. યુવાનોએ દરરોજ નિયમિત મંદિર જવું, પૂજાપાઠ અને સત્સંગની સેવા પ્રવૃતિમાં જોડીને તેના માનસને સત્સંગમાં

કાર્યશીલ બનાવજો. દા.ત. અત્યારે તમારા જેવા યુવક મંડળના ૫૦૦ યુવાનો તૈયાર થયા છે. તે યુવાનો પોતપોતાના વિસ્તારોમાં બાળ મંડળ, યુવક મંડળની અઠવાડિક સભાનું આયોજન કરે તો અને તેમાં જો ફક્ત ૧૫ થી ૨૦ બાળકો-યુવાનો ભાગ લે તો ૭,૫૦૦ સાત હજાર પાંચસો બાળકો અને ૧૦,૦૦૦ (દશ હજાર) યુવાનો ને જીવન જીવવામાં લક્ષની પ્રાપ્તિ નો ફાયદો થાય, સત્સંગ રૂપી હવેલીનો પાયો જેનાથી ખૂબ મજબુત અને સક્રિય બને. આપણે ઘણા યુવક મંડળોની, વડીલ સત્સંગીઓની અનેક સ્થાનોમાં પ્રવૃતિ જોઈએ છીએ, દા.ત. કે જેના વડે આપ જેવા ઘણા યુવાનોમાં પણ બીજના છુપાયેલા વૃક્ષ સમાન વાસ્તવિકતા પ્રગટ થઈ શકે છે.

આજે સત્સંગમાં અને સમાજના કેટલાય યુવાનોને ચર્ચા જ્ઞાન-ગોષ્ઠિ કરવાની ઈચ્છા છે. કેટલાય યુવાનોને પોતાના મનમાં ઉઠતા અનેક પ્રશ્નોને સમજવાની તમન્ના છે. કેટલાય પોતાના જીવનમાં અનેક કાર્યો માટે પ્રોત્સાહન ઈચ્છે છે. કેટલાય યુવાનો પોતાના જીવન આદર્શને આગળ વધાવવા ઝડપ વધે તે માટે સંતોના, વડીલોના બે મીઠા બોલ, ઉપદેશ-રૂપી મીઠો ઠપકો સાંભળવા ઈચ્છે છે. પરંતુ આજે આ આપનાર ઘણા ઓછા છે. તો તમને પણ ખાસ ભલામણ કરવાની, વડીલો તમે યુવાનો માટે અને યુવાનો ભાવિ પેઢી માટે આજથી જરૂર એકાદ કલાક રોજ સમય કાઢશો તો શ્રીજી મહારાજના કહ્યા પ્રમાણે "અમારો દાખડો સફળ કરજો." એ દાખડો આપણે સફળ કર્યો ગણાશે. સત્સંગમાં તમોએ બહુ મોટું કાર્ય કર્યું ગણાશે. કારણ કે એક જીવને અભયદાન આપશો તો શ્રીજી મહારાજનો ખૂબજ રાજીપો મળશે, કારણ કે આજે સત્સંગમાં એની ખૂબજ તાતી જરૂર છે. અને કથાવાર્તા અને સત્સંગ સભા વડે જ આ શક્ય બની શકે છે. સત્સંગ સભામાં જોડાવાથી મનમા રહેલી લઘુતા ગ્રંથી દૂર થાય છે. એક યુવાની યોગ્ય માર્ગે વળે છે. નદીના વહેણમાં જો પૂર આવે તો અનેક ગામો અને નગરો પુરમાં તણાઈ બરબાદ થઈ જાય છે. પરંતુ જો તે પુરના પાણીને બંધ રાખી તેમાંથી કેનાલો બનાવી તેને યોગ્ય દિશામાં જો વાળવામાં આવે તો અનેક ગામડાઓમાં પ્રકાશના પૂંજ પથરાય અને ખેતરોમાં હરિયાળી ક્રાંતિ સર્જી શકાય છે. એવી જ રીતે આપણા સત્સંગમાં પણ હજારો યુવાનોની કાર્યશક્તિને યોગ્ય દિશા સૂચન વડે, એકત્રિત કરી જો સત્સંગના વિકાસ માર્ગે વાળવામાં આવે તો સત્સંગમાં વિશ્વમાં ક્રાંતિ સર્જી શકાય. આપણે વિચાર કરવો કે આપણને સર્વોપરી ભગવાન અને સર્વોપરી શ્રીહરિ સ્થાપિત ગાદી સ્થાન પર બિરાજીત અપર સ્વરૂપ આચાર્ય મહારાજશ્રી અને સંતો મળ્યા છે. તો આજથી આપણે નક્કી કરીએ કે હું એક બાળક અને યુવાનને શ્રીજી મહારાજનો નિશ્ચય કરાવી સત્સંગના માર્ગે વાળીશ, અને શ્રીહરિ તથા આચાર્ય મહારાજનો રાજીપો મેળવીશ.

"मूर्ति तारी घनश्याम"

તારી મૂર્તિ મનોહર જોયા કરું,
અખંડ અંતરમાં એને ઉતાર્યા કરું,
સદાય હૃદયે વસો ઘનશ્યામ
અખંડ સૌભાગ્ય ગણું.... ૧


મારા હૃદય કમળમાં અખંડ વસો,
મારા સર્વે મનોરથ સુફળ કરો,
મારી ભક્તિમાં ભળજો ઘનશ્યામ,
અખંડ સૌભાગ્ય ગણું.... ૨

વ્હાલા ભક્તના અવગુણ જોશો નહિ,
પોતાનું બિરૂદ જાણી મુને વિસારશો નહીં,
અંત કાળે દેજો અક્ષરવાસ,
અખંડ સૌભાગ્ય ગણું.... ૩

તારા મુખની લાવણ્યતામાં ભૂલી ગઈ
મેં તો શુદ્ધબુદ્ધ સર્વે ખોઈ દીધી,
એક નિમખન વિસારું ઘનશ્યામ
અખંડ સૌભાગ્ય ગણું.... ૪

રંગમહોલમાં આવી તને નિરખ્યા કરું,
અંગોઅંગ તારા હું નિહાળ્યા કરુ,
ભક્ત 'પ્રહલાદ' માગે દર્શન દાન
અખંડ સૌભાગ્ય ગણું.... ૪

પ્રહલાદભાઈ વિ. પટેલ,
કરજીસણવાળા (ન્યુજર્સી, અમેરિકા)



સત્સંગમાં સમજણ

- પ્રો. હિતેન્દ્રભાઈ નારણભાઈ પટેલ

ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના આશ્રિતો માટે પરમ કલ્યાણકારી શિક્ષાપત્રી રચી તેના શ્લો. ૧૫૪ માં પોતના આશ્રિતોને "વિવેકી" વિશેષણથી નવાજ્યા છે. આપણે પણ શ્રીહરિના સાચા આશ્રિત બનવા માટે વિવેકી જરૂર બનવું. બ્રહ્માનંદ સ્વામીને સત્સંગની મર્યાદાનો ભંગ ન થાય તેવું અંગ હતું. શ્રીહરિના અંગત સખા હોવા છતાં આવું રૂડું અંગ રાખીને વિશેષપણે વર્તવાનો ખટકો રાખતા અને રખાવતા. તે જ આ અમદાવાદ શ્રી નરનારાયણદેવ દેશના ગાદી સ્થાનની મહત્તા છે. આજના યુગમાં આ બાબત પરત્વે કિંચિત ઉલ્લેખ કર્યો છે તેને સૌ હરિભક્તોએ યથાયોગ્ય યથા સમય ધ્યાનમાં લેવો.

હરિભક્તોની જાણકારી માટે મેં જ્યારે આ વિવેક-વિચાર બાબતે મોટેરા વડીલ મહંતશ્રીઓ સાથે જાણકારી મેળવવાના હેતુથી આ વાત કરી ત્યારે તેઓએ એટલું જ કહ્યું કે અમે તો હરિભક્તોને લીધે જ ઊજળા છીએ. પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રીએ અમને સંત દીક્ષા આપી એટલે જ સમાજમાં અમારી ગણતી છે. અમારું બહુ માહાત્મ્ય લખવું નહિ. આજ તેમની મહાનતા છે. મેં જ્યારે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીને આ વાત કહી ત્યારે તેઓશ્રીએ જણાવ્યું કે શિક્ષાપત્રી શ્લો. ૧૨૯ મુજબ અમારા માટે તો સાધુ માત્ર આદરણીય છે. આ સંપ્રદાયમાં પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી, સંતો અને હરિભક્તો આ ત્રણેય પાયાના અભિન્ન અંગો છે. શ્રીજીએ પોતાનું સઘળું સામર્થ્ય ધર્મવંશી આચાર્યશ્રીને આપ્યું. અવતાર જેટલી શક્તિ અને સામર્થ્ય તો નંદ સંતો ધરાવતા અને હરિભક્તોને તો એવા નિર્વાસનિક બનાવી મૂક્યા છે કે તેમની પાસે અક્ષરધામની પ્રાપ્તિ સિવાય બીજી કાંઈ ઈચ્છા જ બચેલી નથી. આ ત્રણેય અંગો એકબીજાના પૂરક છે. આપણે અન્યનું માહાત્મ્ય સમજવું અને બરોબરીયાપણું રાખવું જ નહિ.

૧. હરિભક્તે સંતને દર્શને જવું કે સંતો મળે ત્યારે શેક-હેન્ડ ન કરવા પણ ચરણ સ્પર્શ જ કરવા. મંદિરના મહંત હોય કે વડીલ મોટેરા સંતો હોય તેમને દંડવત્ પ્રણામ કરીને જ મળવું પણ બરોબરીયાપણું રાખીને ન મળાય. સંપ્રદાયની પ્રણાલિકા પ્રમાણે બહારગામથી આવતા સંતે સ્થાનિક સંતને પણ દંડવત પ્રણામ કરીને હેતથી મળવું. સંતો અન્ય સંતોને મળે ત્યારે સરખે સરખા હોય તે હેત-પ્રેમથી ભેટીને મળે. શ્રીહરિ વચનામૃતમાં પણ આ વિવેક જણાવીને કહે છે કે જેને ઝાઝાં ચોમાસા થયા હોય તેનું થોડા ચોમાસાવાળાએ વંદન કરવું. શિ.શ્લો. ૩૭ પ્રમાણે જ્યારે આપણા ગુરુના (આચાર્ય મહારાજશ્રીને) દર્શને જવું ત્યારે ઠાલે હાથે ન જવું. આપણે જે અર્પણ કરીએ છીએ તે અનેક ઘણું થઈને આપણી પાસે પરત આવે છે. તેથી હાથે કરીને આપણે રાંક થઈને ન જવું.

૨. હરિભક્તોએ સંતોની અન્નવસ્ત્રે કરીને સેવા કરવી, દેહે કરીને સેવા કરવી. પોતાની શક્તિ હોય અને સંતને કાંઈ જોઈતું હોય તો ના ન પાડવી અને સંતે પણ અપરિગ્રહવૃત્તિ રાખીને શિ.શ્લો. ૬૬ પ્રમાણે જ તેને જે તે કાર્યની પ્રેરણા કરવી. સૌથી શ્રેષ્ઠ સેવા તનની છે, પછી મનની છે અને છેલ્લે ધનની છે.

૩. આપણે મંદિરમાં દેવ દર્શને ગયા હોઈએ અથવા મંદિરના કોઈ વહીવટી કાર્ય અર્થે ગયા હોઈએ અને મંદિરના મહંતશ્રી કે અધિકારી વર્ગ શિક્ષાપત્રી શ્લો. ૭૫ મુજબ આપણને ચા-પાણી કે મહાપ્રસાદ લેવાનો આગ્રહ કરે ત્યારે પ્રસંગ અનુસારે યથોચિત તે પ્રસાદી સમજીને ગ્રહણ કરવું પણ મનમાં એવું જરૂર સમજવું કે આ મારા ઈષ્ટદેવ મારું સન્માન કરે છે ત્યારે તેના પ્રતિ ઉત્તર રૂપે આપણે પણ શિક્ષાપત્રી શ્લો. ૧૫૧ આજ્ઞાનું અનુસંધાન રાખીને, દેવને યથાશક્તિ વિશેષ દાન-ધર્માદો-ભેટ કરવી. પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી, વડીલ મોટેરા સંતો-મહંતો પાસેથી મળેલી રાજીપાની ચપટીભર પ્રસાદી પણ આ જીવને મોક્ષમાર્ગે ચાલવાનું શક્તિબળ પુરુ પાડે છે અને તે પામવા માટે હમંશા આપણે સદ્‌ગુણે યુક્ત થવા પ્રયત્ન કરવો.

૪. મંદિરમાં દેવના દર્શને, પ.પૂ.ધ.ધુ. આચાર્ય

મહારાજશ્રીના દર્શને કે કોઈ સત્પુરુષના દર્શને જઈએ ત્યારે અચુકપણે તિલક-ચાંલ્લો અને કંઠી ધારણ કરવાનો ખટકો રાખવો. હરિભક્તનાં તો આ સૌભાગ્ય ચિહનો છે. તેને ધારણ કરવા માત્રથી તેના હૃદયમાં બિરાજમાન શ્રીહરિના અન્યને દર્શન થાય છે. એક વખત પ.પૂ.ધ.ધુ. મોટા મહારાજશ્રી વિદેશમાં ધર્મયાત્રામાં હતા. એક હરિભક્તે ત્યાં આવીને વિનંતી કરી કે મહારાજ ! સંજોગોવસાત્ મારી કંઠી અચાનક તૂટી ગઈ છે અને મારે તાત્કાલિક એક ખૂબજ અગત્યના કામે મંદિરની બહાર જવાનું છે. મને નવી કંઠી ધારણ કરાવો. પ.પૂ. મહારાજશ્રીએ સાથે રહેલા સેવકને નવીન કંઠી લાવવા આજ્ઞા કરી. પરંતુ વ્યવસ્થાપકો અન્ય દેવ સેવામાં રોકાયેલા હોવાથી બે ચાર મિનિટ થઈ. પ.પૂ. મહારાજશ્રીએ ક્ષણનો પણ વિલંબ કર્યા સિવાય તત્કાળ પોતાના કંઠમાંથી કંઠી ઉતારીને હરિભક્તને યથાવિધિ પહેરાવી દીધી ! અને તેમને તેમના અગત્યના કામે જવાની રજા આપી અને બે મિનિટ પછી નવીન કંઠી સેવક લઈને આવ્યા ત્યારે પોતે તે ધારણ કરી. ધર્મ રાખીને વ્યવહાર કેમ સચવાય તેનું અતિ સુંદર ઉદાહરણ તેઓશ્રીએ પુરુ પાડ્યું. પ.પૂ. મહારાજશ્રીને પોતાના હરિભક્તને ધર્મ સહિત સાચવવાનો કેટલો ખટકો છે ! પોતે તો શ્રીજીસ્વરૂપ હોવા છતાં પણ કંઠીનો મહિમા કેટલો સમજે છે ! તેઓશ્રીનો એકમાત્ર અનુરોધ છે કે કંઠી, તિલક, ચાંલ્લા વગર એક ક્ષણ પણ ન રહેવું. આપણે પણ આ ઉપદેશને એક મહારાજશ્રીના શિષ્ય તરીકે સમજવો અને જીવનમાં ઉતારવો.

૫. આપણે મંદિરમાં જઈએ અને તે વખતે જો દેવને થાળ ધરાવ્યા હોય અને દર્શન બંધ હોય ત્યારે દંડવત-પ્રદક્ષિણા ન થાય. તે સમયે આપણે બહારગામથી આવ્યા હોઈએ તો, મંદિરની પ્રદક્ષિણામાં દંડવત્ પ્રણામ કરી લેવા પણ સન્મુખ રહીને ન કરવા. પછી શાંતિથી બેસીને થાળના પદોનું મધુર સ્વરે ગાન કરવું.

૬. પ.પૂ.ધ.ધુ આચાર્યશ્રીના દર્શને કે દેવના દર્શને આવ્યા હોઈએ ત્યારે ધક્કા-મુક્કી ન જ કરાય. તે વખતે આપણે એટલું જ સમજવું કે અન્ય સર્વે સંત-હરિભક્તો ધર્મ-નિયમમાં મારા કરતાં ઘણા મોટા છે. આમ સમજવાથી વેગનું જોર ઓછું થશે. મારે વ્યવહારનું અન્ય કાર્ય કરવાનું મોડું થાય છે તેથી મંદિરમાંથી જલદી નીકળવું છે. તેમ રાખવા કરતાં જીવન એવું બનાવો કે, મારે મંદિરમાં જવાનું છે તેથી વ્યવહાર કાર્ય જલદી આટોપી લેવું છે. પરંતુ જ્યાં શાશ્વત કાળ માટે આપણે રહેવું છે તેના બદલે અલ્પ સમય માટે જ્યાં રહેવું છે તેની આપણને ચિંતા વધુ છે. મૃત્યુ પછી પણ અનંતકાળ સુધી જેની પાસે આપણે રહેવાનું છે તેની પાસે રહેવાનો અત્યારે આપણને સમય નથી ! આ સમજણ ઠીક નથી. પર્વના દિવસોએ દર્શનની માત્ર ઝાંખી જ થાય, ઉભા રહીને નિરાંતે દર્શન ન થાય, ચાલતાં ચાલતાં જ દર્શન કરવાં પડે. બીજાને દર્શનનો લાભ આપવાની વૃત્તિ રાખશો તો દર્શનનો વધુ આનંદ આવશે. હજારો-લાખો હરિભક્તોની મેદની દર્શન કરવા માટે તલસતી હોય ત્યારે આપણે મંદિરની જાળી પકડીને દર્શનના મિષે ખસવાનું નામન લઈએ તો દેવ પણ આપણી ઉપર રાજી ક્યાંથી થાય ? આવા વખતે આપણે સમજવું કે મારા પાછળ હજારો હરિભક્તો, માતાઓ- બાળકો, બહેનો, વયોવૃદ્ધ સંત-હરિભક્તો, શારીરિક મુશ્કેલીઓવાળા હરિભક્તો પણ દર્શન માટે રાહ જુએ છે. આમ વિચારીને યથાયોગ્ય યથા સમય મર્યાદામાં રહીને દર્શન કરવાં. મંદિરનું વિશાળ ચોગાન-મેદાન, કે જ્યાંથી ધર્મવંશી આચાર્યશ્રીની માત્ર લાલ પાઘના પણ દર્શન થતા હોય તે બધી જ જગ્યા અક્ષરધામતુલ્ય છે. દર્શનમાં થોડો સમય વધુ જાય તો આપણે એમ સમજવું કે, અન્ય કરતાં હું વધુ ભાગ્યશાળી છું કે આ અક્ષરધામતુલ્ય જગ્યામાં મને વધુ સમય રહેવાનું મળ્યું. આ વિવેક વિચાર માત્રથી હરિભક્તને ક્યારેય જવાનું મોડું નહિ થાય, પોતાનાથી ધક્કા-મુક્કી થશે નહિ અને કોઈકના ધક્કા-મુકી ખાવાની ફરિયાદ પણ નહિ રહે. પરમાત્મા જ્યારે સાક્ષાત્ બિરાજમાન હોય ત્યારે તેમની સમક્ષ આવા વિવેકથી જ વર્તવું.

૭. આપણે જ્યારે સભામાં બેઠા હોઈએ ત્યારે હંમેશા સમજી લો કે ચાલું સભા પારાયણમાંથી વચમાં કદાપિ ઊભા થવાય નહિ. કથાના વક્તા સાક્ષાત્ વ્યાસનારાયણનું જ સ્વરૂપ છે, સભામાં પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી શ્રીજીનું અપર સ્વરૂપ છે, વડીલ સંતો એ નંદ સંતોના જ શિષ્યો છે - શિષ્ય ગુરુની ભાવાત્મક એકતા છે, મોટેરા હરિભક્તો શ્રીજીને ધારીને સભામાં બેઠા હોય, પરમાત્માની મૂર્તિ કે ચિત્ર પ્રતિમામાં સાક્ષાત્ શ્રીજી મહારાજનો આવિર્ભાવ હોય છે, જે તે પ્રમાણિત શાસ્ત્ર શ્રીજી સ્વરૂપ છે. આવી અદ્‌ભુત સભાનો વચમાં ક્ષુલ્લક કારણોસર ત્યાગ કરવાથી મોટો દોષ લાગે છે.

(ક્રમશ:)

જાણવા જેવું

- સાધુ ધર્મકિશોરદાસ (પ્રયાગરાજ યુ.પી.)



અષ્ટસિદ્ધિ

(૧) અણિમા (છોટા હોના)
(૨) મહિમા (બડા હોના)
(૩) લઘિમા (હલ્કા હોના) (૪) ગરિમા (ખૂબ ભારી હોના)
(૫) ઈશિત્વ (ખૂબ સામર્થવાન હોના) (૬) પ્રાપ્તિ (ઈચ્છાપૂર્તિ)
(૭) નાશિત્વ (કીસી કો વશ મેં કરના)
(૮) પ્રકામ્ય (સબ તરહ પૂર્ણ તયા કા અનુભવ)

ચાર ધામ

(૧) બદ્રિકાશ્રમ(સતયુગ) (૨) રામેશ્વર (ત્રેતાયુગ)
(૩) દ્વારિકા (દ્વાપર યુગ) (૪) જગન્નાથપુરી (કલયુગ)

પંચ ભુત

(૧) પૃથ્વી (૨) જલ (૩) તેજ (૪) વાયુ (૫) આકાશ

પંચ વિષય

(૧) શબ્દ (૨) સ્પર્શ (૩) રુપ (૪) રસ (૫) ગંધ

પંચજ્ઞાનેન્દ્રિય

(૧) આંખ (૨) કાન (૩) નાક (૪) જીભ (૫) ચામડી

પંચ કર્મેન્દ્રિય

(૧) વાણી (૨) હાથ (૩) પૈર (૪) શિષ્ણ અથવા યોની
(૫) ગુદા

ચાર અંતકરણ

(૧) મન (૨) બુદ્ધિ (૩) ચિત્ત (૪) અહંકાર

ચૌદ દેવતા

(૧) દિકપાલ (૨) વાયુ (૩) સૂર્ય (૪) અશ્વિની (૫) કુમાર
(૬) અગ્નિ (૭) ઈન્દ્ર (૮) વિષ્ણુ (૯) પ્રજાપતિ (૧૦) યમ
(૧૧) બ્રહ્મા (૧૨) ચન્દ્ર (૧૩) વાસુદેવ (૧૪) રુદ્ર
(૧૦) યમ(૧૧) બ્રહ્મા (૧૨) ચન્દ્ર (૧૩) વાસુદેવ (૧૪) રુદ્ર

અઢાર પુરાણ

(૧) બ્રહ્મપુરાણ (૨) પદમપુરાણ (૩) શિવપુરાણ (૪)
ભાગ્વતપુરાણ (૫) નારદપુરાણ (૬) માર્કેણ્ડેયપુરાણ (૭)
અગ્નિપુરાણ (૮) ભવિષ્યપુરાણ (૯) બ્રહ્મવૈતર્તપુરાણ (૧૦)
લિંગપુરાણ (૧૧) મત્સ્યપુરાણ (૧૨) કૂર્મપુરાણ (૧૩)
સ્કંદપુરાણ (૧૪) ગરુડપુરાણ (૧૫) નૃસિંહ પુરાણ (૧૬)
વરાહપુરાણ (૧૭) વિષ્ણુધર્મોત્તર પુરાણ (૧૮) મહાભારત

અનુસંધાન પેજ - ૧૨ પર...

છ - શાસ્ત્ર (ષ્ટદર્શન)

(૧) વ્યાકરણ શાસ્ત્ર (૨) દર્શન શાસ્ત્ર (૩) મીમાંસા શાસ્ત્ર
(૪) યોગ શાસ્ત્ર (૫) ન્યાય શાસ્ત્ર (૬) સાહિત્ય શાસ્ત્ર

નવ નિધિ

(૧) મહાયમદ (૨) પક્ષ (૩) શંખ (૪) મકર (૫) કચ્છય
(૬) મુકુન્દ (૭) કુન્દ (૮) નીલ (૯) ખચ

સપ્તર્ષિ

(૧) ગૌતમ(૨) ભારદ્વાજ (૩) વિશ્વા મિત્ર (૪) કશ્યપ
(૫) જમદગ્નિ (૬) વિશિષ્ટ (૭) અત્રી

ચાર વેદ

(૧) ઋગવેદ (૨) યર્જુવેદ (૩) સામવેદ (૪) અથર્વવેદ

ચૌદલોક કા બ્રહ્માંડ

નીચે (૧) અતલ (૨) વિત્તલ (૩) સુત્તલ (૪) તલાતલ
(૫) મહાતલ (૬) રસાતલ (૭) પાતાલ
ઉપર (૧) ભુર (૨) ભવન (૩) જન (૪) સ્વર્ગ (૫) મહર
(૬) તપ (૭) બ્રહ્મલોક

નવધા ભક્તિ

(૧) શ્રવણ (૨) કીર્તન (૩) સ્મરણ (૪) અર્ચન (૫) વંદન
(૬) પાદસેવન (૭) દાસત્વ (૮) સખા (૯) આત્મ નિવેદન.

ષટકર્મ

(૧) સ્નાન (૨) સંધ્યા (૩) દેવપૂજા (૪) તર્પણ
(૫) હોમ(૬) સ્વાધ્યાય

ષષ્ટ દોષ

(૧) કામ(૨) ક્રોધ (૩) લોભ (૪) સ્વાદ (૫) સ્નેહ
(૬) માન-અભિમાન

પંચ દેવ

(૧) ગણપતિ (૨) શક્તિ (૩) સવિતા (૪) વિષ્ણુ (૫) શિવ

ચાર વર્ણ

(૧) બ્રાહ્મણ (૨) ક્ષત્રિય (૩) વૈશ્ય (૪) શુદ્ર

ચાર આશ્રમ

(૧) બ્રહ્મચર્ય (૨) ગ્રહસ્થ (૩) વાનપ્રસ્થ (૪) સન્યસ્થ

ચાર અવસ્થા

(૧) સ્થુલ (૨) સુક્ષ્મ(૩) કારણ (૪) મહાકારણ



સંતનો રાજીપો

- સાધુ ભક્તવત્સલદાસ (તપોવન મંદિર, લીંબડી)

સંત કૃપાએ સુખ ઉપજે,
સંત કૃપાથી સરે કામ,
સંત કૃપાએ પામીએ, પૂરણ પુરુષોત્તમધામ.

ગુજરાત પ્રાંતમાં સીજીવાડા નામે ગામ છે. આ ગામમાં ભગવાન સ્વામિનારાયણ અને સંતોની નિષ્ઠાવાળા અનેક ભક્તો હતા. તેમાં એક ભક્ત જગરૂપ બારોટ નામે હતા. પણ આ ભક્તને પોતાના ગુરુને વિષે એવી નિષ્ઠા કે ગમે તેમ થાય પણ નિષ્ઠા ફરે નહિ. પણ આ ભક્તે સેવા કરીને આચાર્ય મહારાજશ્રી અને સંતોને રાજી કર્યા હતા. શ્રીજી મહારાજ પણ ગ.પ્ર.પ્ર. ૫૮ માં સ્વમુખે બોલ્યા છે કે જો મોટા સંત રાજી થાય તો રાંક હોઈ તે રાજા થાય અને ગમે તેવા પ્રારબ્ધ હોય તે રૂડા થાય અને ગમે તેવું વિઘ્ન આવનારૂ હોય તે નાશ થઈ જાય.

તો આ ભક્તને સંતો ઉપર ખૂબ જ પ્રેમ હતો. તેમાંય તે મુક્તાનંદ સ્વામીના શિષ્ય હતાં. તેથી તેના મનમાં એમ થાય ક્યારે પધારશે સ્વામી મારા ગામ. તે માટે સ્વામીને અવાર-નવાર પ્રાર્થના કર્યા કરે. પણ કોઈ દિવસ આવશું. એમ સ્વામી કહ્યાં કરે. સ્વામી સાથે બધા ભક્તો સાથે આ ભગત પણ દર પૂનમે વડતાલ દર્શને જાય અને પ્રાર્થના કરે પણ સ્વામી બોલે ક્યારેક આવીશું. એવામાં બન્યું એવું કે ઈર્ષાથી જેના હૈયામાં બળતરા થતી હોય તે કોઈની મોટાઈ જોઈ શકે નહિ. આમ સ્વામીની મોટાઈ એક બ્રહ્મચારીથી જોવાતી નહોતી. સંતોમાં તેલીયો ખાર હોય છે. એટલે એના મનમાં રાગનું ડાભોળીયું ખૂંત્યા કરતું હતું. તેથી મુક્તાનંદ સ્વામીની રાબરૂ જાય તેમ કરવા વિચાર્યું.

એક વખત સ્વામીનું મૂંડન કરવા જતાં વાણંદને જોયો અને તેનો બોલાવ્યો અને કહ્યું કે, તું જે મુંડન કરવા જાય છે તે મોટા સંત છે. તો એના જો તું નખ, કેશ લઈ લે તો તારૂ કામથઈ જાશે. આ પ્રમાણે વાણંદે તો નખ, કેશ તો લઈ લીધાં. તે સ્વામીને ખબર પડવા ન દીધી અને પાછો આવ્યો. ત્યારે પેલા બ્રહ્મચારી રસ્તામાં ઉભા રહ્યાં અને પૂછ્યું કે, કેમ લઈ લીધા ? તો પેલાએ બતાવ્યા અને બ્રહ્મચારી બોલ્યા - લે, પ્રસાદી મને આપી દે. આવા પવિત્ર સંતોના આ નખ, કેશ તારે ન રખાય, એમ કહીને લઈ લીધાં.

પછી સભા મંડપમાં સભા થઈ. બધા વ્યવસ્થિત બેસી ગયા. પૂ. આચાર્ય મહારાજશ્રી પણ આવીને બિરાજ્યા એટલે બ્રહ્મચારી ઉભા થયા. અને એમ બોલ્યા કે, હજી મહારાજના પગલા આ પૃથ્વી ઉપરથી ભૂંસાણા નથી ત્યાં તો અધર્મ શરૂ થઈ ગયો. મહારાજશ્રી કહે શું થયું ? તે વાત તો કરો. ત્યારે બોલ્યા કે તમે જેને ચડાવ્યા છે એવા આ મુક્તાનંદ આ વાણંદને નખ અને કેશ પૂજવા માટે આપે છે. પૂ. મહારાજશ્રીએ સ્વામી સામે જોયું. સ્વામી તો આમાં કાંઈ જાણતા નહોતાં. અને આમતો સ્વામી બધાયને સામે જ કહી દેતાં, પણ આ તો પોતાનું નામ એટલે કાંઈ બોલાય નહિ. એકદમ સભા શાંત હતી. તેવામાં પોતાના ગુરુ ઉપર જેમને પૂરો વિશ્વાસ છે એવા જગરૂપ બારોટ ઉભા થયા. અને બોલ્યા કે, કોને આપ્યા છે ? તે વાણંદનું નામ આપો. એટલે વાણંદને બોલાવ્યો અને બરાબરનો ઝપાટામાં લીધો. અને બોલ્યા કે, સત્ય બોલ આમાં હકીકત શું છે. ત્યારે જે સત્ય હતું તે વાત કરી. પછી તો બ્રહ્મચારી નીચું મોં રાખીને ચાલ્યાં ગયા.

પણ સ્વામી ભગત ઉપર એટલા રાજી થયા કે, થોડા સમય બાદ તે ભગતને સાથે લઈ તેના ગામ પધાર્યા. જેથી વાણંદના આનંદનો કોઈ પાર રહ્યો નહિ. આંખમાંથી પ્રેમના આંસુ આવ્યા. આમ, કરતાં સ્વામી અને ભગત સીંજીવાડે પધાર્યા. સ્વામીએ ભગતના ઘેર ઉતારો કર્યો. થાળ કરવાની તૈયારી કરી ત્યારે પૂછ્યું. થાળ શેનો કરશું. ત્યારે સ્વામી કહે કે, આજ તો તું કહે તેનો થાળ કરીએ. પછી દૂધપાકની રસોઈ નક્કી થઈ અને રસોઈ તૈયાર કરીને ઠાકોરજીને થાળ ધરાવ્યો. સંતો માનસી-પૂજા કરવા બેઠા હતા. અને ભગત આવ્યા. પણ ભગતનો ચહેરો ઉદાસ જોઈને મુક્તાનંદ સ્વામી બોલ્યા : કેમ ઉદાસ છો ? ત્યારે બોલ્યા કે, ગુરુજી એક વિઘ્ન આવ્યું છે. શું છે ? વાત તો કર. તો કહે કે સ્વામી મારો વીસ વર્ષનો દીકરો દેહ છોડી ગયો છે. મુક્તાનંદ સ્વામી કહે કે બને નહિ. ચાલ મને બતાવ તે ક્યાં છે. જ્યાં ખાટલો હતો ત્યાં સ્વામી પધાર્યા અને મુખમાં ઠાકોરજીનું પ્રસાદીનું જળ આપ્યું, અને કાનમાં સ્વામિનારાયણ મંત્ર બોલ્યા. ત્યાં તો છોકરો બેઠો થયો. પછી તો ભગત પોતાના ગુરુના ખોળામાં માથુ નાખીને રડી પડ્યાં. ત્યારે સ્વામી બોલ્યા કેમ રડે છે ? આજ તો તારી ઉપર રાજી થયો છું. માગ તારે શું જોઈએ છીએ ?'' ત્યારે ભગત બોલ્યા બસ સ્વામી મારે તો તમારો રાજીપો જ જોઈએ છીએ.

તો વ્હાલા ભક્તજનો ! આપણને પણ આવા જગરૂપ બારોટ જેવી આચાર્ય મહારાજશ્રી અને સંતોમાં નિષ્ઠા થાય અને આપણે આવો રાજીપો મેળવીએ. એજ નરનારાયણદેવને પ્રાર્થના.

યજ્ઞની અકળામણ



- ચંદ્રકાન્ત મોહનલાલ પાઠક (ગાંધીનગર)

ઓ....મસ્વાહા, ઓ....મસ્વાહા.

બ્રાહ્મણો વિધિયુક્ત અગ્નિદેવને આહુતિ આપી રહ્યા હતા. એવે વખતે નિત્ય કર્મથી પરવારી સેવક ગણથી વીંટાયેલા ભગવાન સ્વામિનારાયણ યજ્ઞશાળામાં પધાર્યા. વિપ્રવૃંદ સર્વ ઉભું થઈ ગયું.

ઓ....મભગવાન સ્વામિનારાયણ નમઃ, ઓ.... મવૈષ્ણવકૃતુકારકાય નમઃ, ઓ....મઅહિંસક યજ્ઞ પુરસ્કર્તાય નમઃ એવું કહીને નમસ્કાર કરતા કરતા શ્રીહરિને બિરદાવ્યા. શ્રીહરિ પણ બ્રહ્મદેવોને પગે લાગ્યા. દરેકને પુષ્પના હાર પહેરાવી યજન કર્યું. પછી પોતાના સુંદર સિંહાસન પર વિરાજમાન થઈ વિપ્રો પ્રત્યે બોલ્યા.

અમે તમને એક વાત કહેવા માગીએ છીએ. ખોટું ન લગાડશો. અમારે મન ભૂદેવ અને અગ્નિદેવનું સરખું ગૌરવ છે. બંને પૂજનીય છે. વંદનીય છે. નાના-મોટા યજ્ઞ કરાવી બંનેને રાજી કરવા, તૃપ્ત કરવા તથા પ્રસન્ન કરવાની અમારી ઈચ્છા હોય છે. સમાજમાં પણ એ વાતનો પ્રચાર કરીએ છીએ. આ વખતે અમે પાંચ દિવસ સુધી બ્રહ્મભોજન કરાવવા વિચાર્યું હતું. પરંતુ તમે જેટલું ઘી જમ્યા. તેનાથી બમણું અગ્નિમાં હોમી દીધું. હવે ત્રણ દિવસ જ જમાડી શકાય તેટલું ઘી પડ્યું છે. તમે જમો. ખૂબ ઘી જમો. જમતાં ખૂટશે તો બીજું લાવી દેશું. પરંતુ બગાડ ન કરશો.

ભૂદેવોએ કહ્યું, હે મહાપ્રભુ ! તમે જગતના આધાર છો. વિશ્વના પ્રાણ છો. સૃષ્ટિના પાલક છો. તમારા વિના તૃપ્ત કોણ કરે ? યજ્ઞ કાર્યમાં અમે સ્વાર્થ વૃત્તિ નથી રાખતા. અગ્નિદેવ અને બ્રાહ્મણ બંને દ્વારા યજ્ઞનારાયણ પ્રસાદ સ્વીકારે છે. અગ્નિદેવને પ્રસન્ન કરવા અમે જમીએ છીએ તેનાથી અધિક તેમને જમાડીએ છીએ. અગ્નિદેવ પ્રદીપ્ત થાય, તૃપ્ત થાય તો જ અમારા પેટમાં ગયેલું ઘી પચે. હવે તમે કહ્યું એટલે ઓછું ઘી વાપરશું. વૈશ્વાનર પણ આપનું એક સ્વરૂપ છે. તેથી તમને રાજી કરવા અમે અગ્નિદેવને વધુ ઘી અર્પણ કરીએ છીએ. તમે કહ્યું હોત કે યજ્ઞ અને તમારા બંને માટે આ ઘી વાપરવાનું છે તો અમે એ રીતે ઘી વાપરત. ખબર ન હતી એટલે અમારી ભૂલ થઈ. હવે તેવું નહિ થાય.

શ્રીહરિ બોલ્યા, ના, ના. તમે સંકોચ ના રાખતા. તમે જે સ્પષ્ટતા કરી તેનાથી લાગ્યું કે દોષ અમારો છે. તમારો હેતુ અમે સમજી શક્યા નહિ, તેથી અમને લાગ્યું કે તમે જાણી જોઈને ઘીનો બગાડ કરો છો. હવે તમે કહ્યું તે અમે સત્ય માનીએ છીએ, તમે બધા પવિત્ર ભૂદેવો છો. યજ્ઞમાં વાપરો છો તેમજ ઘી વાપરતા રહેજો. તમે પણ જમવામાં કસર ન રાખતા. તમે માગશો તેથી અધિક ઘી લાવી આપશું.

બ્રાહ્મણો લાડુ જમી જમીને ખૂબ ધરાઈ ગયા. આસો વદ તેરસના દિવસે યજ્ઞની પૂર્ણાહુતિ થઈ. ભૂદેવોને મનમાની દક્ષિણા આપી. ઘી બહુ વધી પડ્યું તેથી શ્રીહરિ બોલ્યા કે તમે બધા વેદાધ્યાયી વિપ્રો છો. ઘી ઘણું વધ્યું છે. અમારી ઈચ્છા છે કે તમે રુચિ પ્રમાણે ઘી પીવો. બધાએ ઈચ્છાનુસાર ઘી પીધું. મહા પ્રભુ ફરી બોલ્યા, હે ભૂદેવો પ્રસન્ન થયેલા વૈશ્વાનરે તમારો જઠરાગ્નિ ઘણો સતેજ કર્યો છે. તેથી અમે ફરી આગ્રહ કરીએ છીએ કે હવે તમે જેટલા શેર ઘી પીશો એટલા રૂપિયા અમે દક્ષિણા આપશું. જે બ્રાહ્મણો આગળ આવ્યા તેમને શ્રીહરિએ પોતે ઘીનું પાત્ર હાથમાં લઈ ઘી પાયું. દક્ષિણા આપી. બધા રાજીના રેડ થઈ ગયા. આશીર્વાદ આપ્યા, હે શ્રીહરિ ! આપ જેવા સંત વલ્લભ છો, જેવા ભક્તવલ્લભ છો તેવા જ વિપ્રવલ્લભ છો. તમારી કીર્તિ વિસ્તાર પામો. સદા સર્વદા આવા યજ્ઞ કરતા રહો.

એક સંતે આવીને કહ્યું, હે મહારાજ ! કોઠારમાં ઘી, ગોળ, સાકર, લોટ, દાળ, ચોખા, મરી મસાલા વગેરે ઘણું વધ્યું છે. શું કરશું ? શ્રીહરિ કહે સંતો હરિભક્તો જે જે આવ્યા છે તેમને રોજે રોજ જમાડો. ગામમાં પણ બધે પ્રસાદી આપો. જ્યારે જ્યારે અમે યજ્ઞ કરીએ છીએ ત્યારે સીધું ઘણું વધી પડે છે. આ તો આપણા ગુરુશ્રી રામાનંદ સ્વામીની કૃપા છે. તેઓ આપણા ઉપર બહુ રાજી છે.

સંવત ૧૮૬૫ માં કારિયાણી ગામે ચાર માસ રોકાઈ શ્રીહરિએ ગ્રામજનો માટે તળાવ ખોદાવ્યું હતું. નારાયણ સરોવર એવું તેનું નામ આપી તે નિમિત્તે આ વિષ્ણુયજ્ઞ કર્યો હતો.

ત્યાર પછી ભગવાન શ્રીહરિએ જેતલપુરમાં બીજા યજ્ઞનું આયોજન કર્યું. આ અતિરૂદ્ર તો અઢાર દિવસ સુધી ચાલ્યો. માગશર વદ પાંચમથી આરંભ થયો હતો. પોષ સુદ સપ્તમીએ પૂર્ણ થયો. દેશોદેશથી સંતો તથા હરિભક્તોને તેડાવ્યા હતા. યજ્ઞની ભવ્યતા સાંભળી બીજા પણ અનેક દૈવીજનો મુમુક્ષુઓ આવ્યા હતા. વિશાળ જગ્યામાં યજ્ઞ સામગ્રીના મોટા પહાડ થયા હતા. ઘઉં દળવા માટે ઘઉંના ગાડાં ભરાવી શ્રીહરિ પોતે સેવકો સાથે જેતલપુર તથા આસપાસના ગામોમાં ઘેરઘેર ફર્યા હતા. સત્સંગી તેમજ અન્ય ધાર્મિક વૃત્તિવાળા અસંખ્ય બહેનોને ઉત્સાહ અને શક્તિ અનુસાર દળવા માટે શ્રીહરિએ જાતે ઘઉંનું વિતરણ કર્યું હતું. જેતલપુરની એક ગણિકાએ પણ સેવાનો લાભ આપવા વિનંતી કરી ત્યારે મહા પ્રભુએ તેને પણ ઘઉં આપ્યા હતા. જ્યાં નજર કરો ત્યાં ચોખા, દાળ, લોટ વગેરેના મોટા પર્વતો નજરે પડતા. અસંખ્ય માટીના વાસણો, મોટી મોટી કોઠીઓ, રંગાળા, પણ ઢગલાબંધ લાવ્યા હતા. રસોઈના વાસણોનો પાર ન હતો. પાંચ હજાર બ્રાહ્મણો પીરસવાની સેવા બજાવતા હતા. શ્રીહરિએ દેખરેખ માટે સંતોના મંડળ નક્કી કર્યા હતા. હરિભક્તોને સેવાના ક્ષેત્રો વહેંચી આપ્યા હતા. વણિક ભક્તો નામું લખતા. ખેડૂત ભક્તો ગાડામાં કોઠીઓ મુકીને જળ ભરી લાવતા. સુથાર ભક્તોને મંડપ બનાવવાનું તથા યજ્ઞ માટે સમિધનું કામ સોંપ્યું હતું. અનાજ વગેરે સાફ કરવા અનેક બહેનો રાત-દિવસ જોયા વગર સતત સેવામાં રહેતી. રસોઈ માટે બનાવેલી વિશાળ પાકશાળામાં અનેક પવિત્ર વિપ્રોના જૂથ કામે લાગ્યા હતા. બ્રાહ્મણોએ ખૂબ ઘી સાકર નાખી બનાવેલા શ્વેત લાડુના મોટા મોટા ગંજ ખડા કરી દીધા હતા. જેને જે વસ્તુ જોઈએ તે તત્કાળ મળી જાય તેવું અદ્‌ભુત આયોજન હતુ. મયારામભટ્ટને સૌના ઉપરી બનાવ્યા હતા. તેઓ શ્રીહરિનો સંપર્ક કરી કોઈ પણ સમસ્યાનો નિકાલ તરત લાવી દેતા. ધરતી માતાએ પોતાના સર્વ રસકસ આ હરિક્ષેત્રમાં ઠલવી દીધા હતા. ક્યાંય કોઈ વાતની કમી નહીં.

આ યજ્ઞનો દેશ વિદેશમાં ડંકો દેવાણો એટલે ડભાણમાં રહેતા ભક્તોનો હરખ ઉભરાણો. પોતાના ગામને ગોંદરે આવો મહાયજ્ઞ કરવાના કોડ જાગ્યા. વિષ્ણુદાસ, રઘુનાથ, રાયજી વગેરે પાટીદાર ભક્તો શ્રીહરિને મળ્યા. હે મહારાજ! આપ ભક્ત કલ્પતરુ છો તો અમારી ઈચ્છા પૂર્ણ કરો. જેતલપુરમાં યજ્ઞ કર્યો એવો જ યજ્ઞ અમારા ગામમાં કરો. શ્રીહરિ બોલ્યા, હે ભક્તો ! તમારો ભાવ છે તો ડભાણમાં પણ જરૂર યજ્ઞ થશે. સમય આવ્યે અમે તમને કહેશું.

શ્રીજી મહારાજના આવા અહિંસક યજ્ઞોની સર્વત્ર ભારે પ્રશંસા થઈ. તેમની કીર્તિ વધી. મહિમા વધ્યો. પ્રતાપ વધ્યો. પ્રભાવ વધ્યો અનેક મનુષ્યો સત્સંગી થયા. સ્વામિનારાયણ ધર્મની પ્રતિષ્ઠા વધી. અન્ય ધર્મના લોકોને પણ આ ધર્મમાં શ્રધ્ધા જાગી. વિપર્યાસી ધર્મગુરુનો ત્યાગ કરી મોટી સંખ્યામાં સ્વામિનારાયણ ભગવાનના અનુયાયી બનવા લાગ્યા. સત્સંગીઓના વર્તમાન ધર્મોનું પાલન કરવા લાગ્યા. આની મોટી અસર અન્ય મંતપંથીઓ ઉપર થઈ. માયાવી, પ્રપંચી, પેટભરા, સ્વાર્થી અને કહેવાતા ધર્મગુરુઓ અકળાયા. તેઓ વિચારવા લાગ્યા કે આપણા અસ્તિત્વ સામે હવે ખતરો ઉભો થયો છે. આજીવિકા પર અસર પડવા લાગી છે. માન સન્માન ઘટવા લાગ્યા છે. સેવકો આપણને છોડી સ્વામી પંથી થવા લાગ્યા છે. સ્વામિનારાયણ આપણું નખ્ખોદ વાળવા બેઠા છે ! હવે બેસી રહ્યે નહિ ચાલે. કંઈક કરવું પડશે !

અસુર સમૂહ એકઠો થયો. ત્યાગી, વૈરાગ્ય, ખાખી, નાગા, અઘોર, ઓઘડ, અવધૂત, વામી, નામી હરામી, ભૂત, ભૈરવ, વીર મહાવીર - આ બધા પંથના આગેવાનો - મતલબી ધર્મગુરુઓ ભેગા થયા. અમદાવાદની આસપાસ બધા મળ્યા. સ્વામિનારાયણ સંપ્રદાયને નામશેષ કરવાના એક જ ધ્યેય સાથે. બધાએ નિર્ણય કર્યો. વૃક્ષનું જીવન મૂળ છે. મૂળનો નાશ કર્યો હોય તો ડાળાં પાંદડા આપોઆપ નાશ પામે. માટે સ્વામિનારાયણને ખતમ કરવા.

વામમાર્ગીઓએ એક અર્થદાસ ગોંસાઈને ઉભો કર્યો. તે ધનનો લોભી હતો. મોઢું ભરાય તેટલા પૈસા તેને આપ્યા. કહ્યું કે તારે સ્વામિનારાયણને મારી નાખવા. આ ગોંસાઈ યુવાન હતો. શક્તિ માર્ગી હતો. જેતલપુર આવ્યો. ભેખધારી સાધુ જાણી ભલા પાટીદારોએ ચોરે ઉતારો આપ્યો. જમવા માટે ભોજન આપ્યું. પછી સ્વામિનારાયણ કેવા છે તેનો ક્યાસ કાઢવા શ્રીહરિ પાસે આવ્યો. અતિથિ જાણી આદરપૂર્વક બેસાડ્યો. પછી અંતર્યામીએ અજાણ્યા થઈ પૂછ્યું. આવો મહાપુરુષ ! ક્યા દેશથી આવો છો ? ગામ ક્યું છે ? ક્યા મઠના આશ્રિત છો ? શંકરાચાર્યના ચાર મઠ છે. તેમાં મૂળ સ્થાન ક્યું ? દત્તાત્રેય અને શિવજી એ બેમાં વધુ સમર્થ કોણ? તમારી મુખ્ય દેવી કઈ ? માંસ ભક્ષણ અને મદિરા પાન કરવાની છૂટ ક્યું ધર્મ શાસ્ત્ર

આપે છે ? આ બધા પ્રશ્નો પૂછ્યા પરંતુ ગોંસાઈ કંઈ જ બોલી શક્યો નહિ. માનભંગ થયેલો તે મહા પ્રભુ સામે તુચ્છ નજર કરી ચાલ્યો ગયો. પછી મહારાજે કહ્યું, કુટિલ હતો. છાની રીતે બગલમાં ખંજર લાવ્યો હતો. હવે આવે તો વિશ્વાસ કરશો નહિ. સાવધ રહેજો. બીજે દિવસે તે ઊનની શાલ જેવો ચકમો ઓઢીને આવ્યો. અંદર મ્યાન વિનાની કટાર સંતાડી હતી. આવ્યો તેવા વેગથી શ્રીહરિ તરફ ધસ્યો. ત્યાંજ ચતુર મૂળુભાઈએ તેને બમણા વેગથી પકડી પાડ્યો. કટાર ખૂંચવી લીધી. સભાજનો સ્તબ્ધ થઈ ગયા. બીજા પાર્ષદો પણ ત્યાં ઘસી આવ્યા. તેને ઘેરી લીધો. દરિયાવ દિલના શ્રીહરિએ કહ્યું, એને મારશો નહિ. મહાપુરુષોની મોટાઈ તેમના વર્તનથી જ દેખાઈ આવે છે. પોતે સમર્થ હોવા છતાં ન ગુસ્સે થયા. ન કડવા વચન કહ્યાં, ન શિક્ષા કરવાનું કહ્યું, દુનિયાને ડૂબાડી દે એટલાં સાગરનાં જળ ઘૂઘવે છે પરંતુ કોઈ સાગર ક્યારેય છલકાયો છે ખરો ?

અપમાનિત થઈ ગોંસાઈ પાછો ફર્યો. વડા વડાઓ વળી એકાંતમાં મળ્યા. ઉલુક મંડળ ભેગું થયું. સ્વામિનારાયણ મોટા મોટા યજ્ઞો કરે છે તે આટલા બધા પૈસા લાવે છે ક્યાંથી? કહે છે કે પાણી કરતાંયે વધારે ઘી વાપરે છે. એક જણે કંઈક જાણતો હોવાની અદાથી કહ્યું, એ આખા હિન્દુસ્તાનના જંગલોમાં ફર્યા છે. એમાં ક્યાંકથી એમને જડી બુટ્ટી લાધી છે. એનો આ બધો પ્રતાપ છે. અનેક સ્ત્રી પુરુષો આ જડીબુટ્ટીથી આકર્ષાય છે. એ જડીબુટ્ટીને કારણે એ ચાહે તેટલું ધન મેળવી શકે છે. એમાં વળી એક ઉત્સાહી અવળચંડો ખબર લાવ્યો. સ્વામિનારાયણ ફરી પાછો એક યજ્ઞ કરવાના છે. પરિષદમાં જાણે પ્રાણ આવ્યો. આ તો મહાકાળીએ સામે ચાલીને તક આપી. બધા પોતપોતાની રીતે ઉપાય વિચારવા લાગ્યા. આ વખતે યજ્ઞનું સુરસુરિયું કરી નાખીએ. સ્વામિનારાયણને પણ પકડી લઈએ.

જેતલપુરથી શ્રીહરિએ દેશોદેશમાં ફરતા સંતો ઉપર પત્ર લખ્યો. વળી ગામોગામ રહેતા હરિભક્તો ઉપર પણ પત્ર લખાવ્યા. પત્રમાં મર્મ ભરી વાત લખી. અમે એક યજ્ઞ કરવા વિચારીએ છીએ. આ યજ્ઞ વિશિષ્ટ પ્રકારનો હશે. તે થશે કે નહિ થાય એ તો ઈશ્વરાધીન છે. અમારા જે પાકા હરિભક્તો હોય તેમણે વૈશાખ વદ દશમની આસપાસ આવવું. કોઈએ એકલ દોકલ આવવું નહિ. બધાએ સમૂહમાં આવવું. રક્ષણ માટે દરેકે પોતાની પાસે હથિયાર રાખવું. બીજું અમારું ગમે તેવું વર્તન જોઈ કોઈને સંશય થાય, તરેહ તરેહના તર્ક વિતર્ક થાય તેવાએ આવવું નહિ. *(ક્રમશ:)*

અનુસંધાન પેજ ૮નું ચાલું...

ચાર ગુણ

(૧) તમસ (૨) રજસ (૩) સત્વ (૪) શુદ્ધ સત્વ

ચાર તપ

(૧) ધર્મ (૨) ભક્તિ (૩) જ્ઞાન (૪) વૈરાગ્ય

ચાર ભક્ત

(૧) આર્થ (૨) અર્થાર્થિ (૩) જિજ્ઞાસુ (૪) મુમુક્ષુ

ચાર ફલ

(૧) ધર્મ (૨) અર્થ (૩) કામ(૪) મોક્ષ

ચાર પ્રલય

(૧) નિત્ય (૨) નિમિત્ત (૩) પ્રાકૃત (૪) આત્યંતિક

પંચકોષાત્મક માયા

(૧) અન્નમય કોષ (૨) પ્રાણમય કોષ (૩) મનોમન કોષ
(૪) વિજ્ઞાનમય કોષ (૫) આનંદમય કોષ

દશ અવતાર

(૧) મત્સ્ય અવતાર (૨) કુર્મ અવતાર (૩) વરાહ અવતાર
(૪) નરસિંહ અવતાર (૫) વામન અવતાર
(૬) પરશુરામઅવતાર (૭) રામઅવતાર (૮) બલદેવ
અવતાર (૯) કૃષ્ણ અવતાર (૧૦) કલ્કિ અવતાર

દશ મહા દાન

(૧) સુવર્ણ (૨) તિલ (૩) હાથી (૪) દાસી (૫) રથ
(૬) પૃથ્વી (ભુદાન) (૭) ભવનદા (૮) કન્યાદાન
(૯) કપિલાગાય (૧૦) વાછડા સહિત દૂધ દેતી ગાય

ચન્દ્ર દિશા

પૂર્વ - મેષ, સિંહ, ધન
પશ્ચિમ - મિથુન, તુલા, કુંભ
ઉત્તર - કર્ક વૃશ્ચિક, મીન
દક્ષિણ - વૃષભ, કન્યા, મકર

કાળનો વાસ

રવિવાર - ઉત્તર દિશા
સોમવાર - વાયવ્ય કોણ
મંગળવાર - પશ્ચિમદિશા
બુધવાર - નેઋત્ય કોણ
ગુરુવાર - દક્ષિણ દિશા
શુક્રવાર - અગ્નિ કોણ
શનિવાર - પૂર્વ દિશા



સત્સંગ સુરભિ

"હું તો તમારામાં અખંડ રહ્યો છું !"

- અતુલ ભાનુપ્રસાદ પોથીવાલા (અમદાવાદ)

સ્વામીશ્રી સહજાનંદજી મહારાજ જ્યારે સભામાં બિરાજે ત્યારે હાથમાં એક બેરખો રાખે. મહારાજના હાથમાં બેરખો કાયમ રમતો હોય ! અને ભૂલે ચૂકે ય સભામાં કોઈ ઝોકાં ખાય કે મહારાજ તેને બેરખો છૂટો મારે !

એકવાર સભામાં બ્રહ્માનંદ સ્વામીને અચાનક ઝોકું આવી ગયું એટલે મહારાજે એમના માથામાં બેરખો માર્યો ! સ્વામી તો એકદમ જાગી ગયા અને મહારાજને કહેવા લાગ્યા : "મહારાજ ! મને બેરખો કેમ માર્યો ? હું કંઈ ઊંઘતો નહોતો !"

મહારાજે કહ્યું : "તો શું કરતા હતાં ?" બ્રહ્માનંદ સ્વામી કહે, "હું તો મનમાં આપની મનોહર મૂર્તિનું ધ્યાન ધરી કવિતા કરતો હતો !"

"તો સંભળાવો જોઈએ તમારી કવિતા !" મહારાજે આજ્ઞા કરી.

બ્રહ્માનંદ સ્વામી શીઘ્ર કવિ તો હતા જ અને આજે મહારાજની પ્રેરણા મળી. શ્રીજી મહારાજે નવલ કસૂંબી પાઘ ધારણ કરી હતી એના ઉપર અજબ કલગી શોભતી હતી. મોળીડું મોતીડાં થી છાયું હતું. ઘેરા લાલ રંગના તાજા જ ગુલાબના પુષ્પોનો હાર પહેરેલો હતો, સ્વામી મહારાજની આવી ભવ્ય મૂર્તિમાં એકરસ થઈ ગયા અને માણીગર માવાની આ મોહિનીમાં સ્વામીનું ચિત્ત ચકચૂર થઈ ગયું. એ તો ઊભા થઈને લાંબો લહેરકો કરી લલકારવા લાગ્યા.

તારો ચટક રંગીલો છેડલો, અલબેલા રે
કાંઈ નવલ કસુંબી પાઘ, રંગના રેલા રે.

આટલી બે કડી સાંભળતાં તો આખી સભા રંગમાં આવી ગઈ શ્રીહરિના મનોહર સ્વરૂપની ભૂરકી સભામાં એવી તો વ્યાપી ગઈ કે બ્રહ્મ કવિના શબ્દો આખી સભા ઝૂમી ઝૂમી ને ઝીલવા લાગી.

છેલ્લે કવિ તાલીના લટકાં લઈને ગાવા લાગ્યા,

તારી પાઘલડીના પેચમાં અલબેલા રે
મારું ચિત્તડું થયું ચકચૂર રંગના રેલા રે...
બ્રહ્માનંદ કહે તારી મૂરતિ અલબેલા રે
વણદીઠે ઘેલી તૂર .... રંગના રેલા રે.

સમગ્ર સભા શ્રીહરિની મૂર્તિમાં ઘેલી તૂર થઈ ગઈ. શ્રીજી મહારાજની પ્રસન્નતાનો પાર ન રહ્યો. "સ્વામી ! આજે અમારો બેરખો ખોટી જગ્યાએ વાગી ગયો ! તમે તો આંખો બંધ કરીને અમારા સ્વરૂપમાં રસ બસ થઈ ગયાં હતાં !" શ્રીહરિએ સુંદર પ્રમાણપત્ર સ્વામીને અર્પણ કર્યું !

સ્વામીમાં કવિતા કરવાની અદ્‌ભૂત શક્તિ તો હતી જ પણ તે ઉપરાંત બીજી ઘણી શક્તિઓ હતી. શ્રીજી મહરાજે આ લાડુદાનને બરાબર પારખી લીધા હતા. જેમ ઝવેરી હીરાની પરખ કરે તેમ. મંદિરોના બાંધકામનું આયોજન કરવામાં સ્વામી કુશળ હતા, તો વાતચીતની કળામાં પણ એવા પાવરધા કે ભલભલા મહારથી ને મહાત કરી દે. તેઓ અશ્વવિદ્યામાં પણ પ્રવીણ હતા. અમદાવાદના ગોરા અમલદારનો ઘોડો માંદો પડ્યો અને કોઈ સાજો ન કરી શક્યું ત્યારે સ્વામીએ તે ઘોડાને સાજો કર્યો હતો. ડનલોપ સાહેબે શ્રીજી મહારાજને અમદાવાદમાં મંદિર માટે જોઈએ તેટલી જમીન સંપાદન કરવાનું વચન તો આપ્યું. પરંતુ સરકાર પાસેથી પાઠકવાડીની એ જમીન અઘાટ વેચાણથી પ્રાપ્ત કરવામાં બ્રહ્માનંદ સ્વામીએ મહત્વનો ભાગ ભજવ્યો હતો.

શ્રીજી મહારાજે વડતાલ, જૂનાગઢ અને મૂળીનાં શિખરબધ્ધ મંદિરોનું કામ પણ સ્વામીને સોંપ્યુ હતું. વડતાલમાં શ્રી લક્ષ્મીનારાયણદેવનું શિખરબધ્ધ મંદિર કરવાનું હતું અને સ્વામી પાસે માત્ર બાર રૂપિયા જ હતા ! જો એક શિખરવાળું મંદિર કરીએ તો ખર્ચ ઓછો આવે પણ બ્રહ્માનંદ સ્વામી તો મહારાજનો મહિમા બરાબર ઓળખતા હતા. એમણે નક્કી કર્યું કે ગમે તે થાય પરંતુ મંદિર તો ત્રણ શિખર વાળું જ બાંધવું છે ! તેમણે તો શ્રીહરિને મનમાં ધારીને ત્રણ શિખરનો પાયો નાંખ્યો. મહારાજે આ જાણ્યું એટલે સ્વામીને ટકોર કરી : "તેતા પાંવ પ્રસારીએ જીતની લંબી સોડ" સ્વામી તો મહારાજ જેવો શેઠિયો મળ્યા પછી શું બાકી રહે ! એમણે તો મહારાજને તરત જ લખ્યું :

સાહેબ સરિખો શેઠિયો વસે નગ્ર કે માંહી
તાકે ધનકી ક્યા કમી, જાકી હૂંડી ચલે નવખંડ માંહી !

જેની હૂંડી નવખંડ ધરતીમાં ચાલે તેવો સાહેબ સરિખો શેઠિયો નગરમાં વસે છે પછી ધનની ખેંચ કેવી ?

વડતાલમાં ચૂનાની ચક્કી ચલાવતાં ચલાવતાં સ્વામીએ કાવ્યોનો અખૂટ ધોધ વહેવડાવ્યો છે. વડતાલ મંદિરનું કામ પુરું થયું એટલે ભિક્ષાની ઝોળી ખભે લટકાવી સ્વામી તો મહારાજની આજ્ઞા થતાં જ

ચાલી નીકળ્યા. હવે મહારાજે એમને જૂનાગઢનું મંદિર બાંધવા માટે મોકલ્યા.

જૂનાગઢમાં નવાબનું રાજ્ય હતું. નવાબનો એક કારભારી વારે વારે અડચણો ઊભી કરતો હતો. પરંતુ બ્રહ્માનંદ સ્વામીની પ્રતિભાથી નવાબ એટલા પ્રભાવિત થઈ ગયા કે એમણે મંદિર માટે જોઈતી જમીન ભેટ આપી દીધી. એટલું જ નહિ રાજદરબારમાં બોલાવી સ્વામીને સોના મહોરો અને આભૂષણોથી ભરેલો થાળ અર્પણ કર્યો. સ્વામીએ અત્યંત વિનયપૂર્વક એ પાછો વાળ્યો અને તરત જ આ પદ રચીને સભામાં ગાયું.

રાજી રહીએ રામસે, દામવામસે દૂર,
પિયા પ્યાલા પ્રેમકા, મતવાલા મગરૂર !
એક ગુરુકા આશરા, એક ગુરુ કી આશ
તીન સે રાજી રહીએ, ઓરન સે ઉદાસ !
સોઈ ફક્કડ ફકીર હૈ, સુને ગુરુ આદેશ,
શ્રીરંગ સમજે સાન સે, વો સચ્ચા દરવેશ !

આ કાવ્યમાં કવિએ સાચો સંત ફકીર કેવો હોય તે બતાવ્યું છે. કવિ સમજાવે છે :

"જે રામથી રાજી રહે અને દામ(ધન) તથા વામ(વામા સ્ત્રી) થી દૂર રહે, જે પ્રભુના પ્રેમનો પ્યાલો પી મસ્ત અને મગરૂર રહેતો હોય, જેને કેવળ એક ગુરુનો જ આશરો હોય અને એક જ ગુરુની આશા હોય, જે કેવળ ગુરુથી જ રાજી રહેતો હોય અને બીજાને જોઈને ઉદાસ થતો હોય, જે એક માત્ર ગુરુના જ આદેશ (આજ્ઞા) પ્રમાણે ચાલતો હોય તે સાચો ફકીર છે. સાચો દરવેશ છે."

બ્રહ્માનંદ સ્વામીનું એક નામ શ્રીરંગદાસ હતું જે આ પદમાં તેમણે વાપર્યું છે.

આ પદ સાંભળી નવાબ એવા ખુશ થઈ ગયા કે બોલી ઉઠ્યા : "વાહ ! આનું નામ ફકીર ! જેને ધન અને સ્ત્રી જોઈતી ન હોય એવો આદમી મેં આજે જોયો !"

જૂનાગઢમાં પણ મોટું ભવ્ય શિખરબધ્ધ મંદિર સ્વામીએ તૈયાર કર્યું.

સુરતના મુનિબાવા નામે એક મહા સમર્થ વિદ્વાન હતા. સ્વામીએ તેમને શ્રીહરિનો મહિમા સમજાવી સત્સંગી કર્યા. તો સુરતના પારસી અરદેશર કોટવાલ પણ બ્રહ્માનંદ સ્વામીની પ્રેરણાથી જ શ્રીજી મહારાજના ભક્ત બન્યા હતા. સાધારણ માણસથી ન બને તેવું આ કામ હતું. તેથી જ મહારાજ કહેતા કે "બ્રહ્માનંદ સ્વામી તો ગજેન્દ્ર જેવા છે. હાથી ખૂંચ્યો હોય ત્યારે તો આવા સ્વામી જેવા ગજેન્દ્રનું જ કામ પડે." એટલે કે મુનિબાવા જેવા હાથીને ગજેન્દ્ર જેવા બ્રહ્મમુનિ જ સત્સંગમાં ખેંચી આણી શકે.

બ્રહ્માનંદ સ્વામી શ્રીજી મહારાજના શિષ્ય તો હતા જ પણ તેઓ વિનોદી વાતો કરી તથા વિનોદી કીર્તનો લખી મહારાજને ઘણીવાર હસાવતા. મહારાજની લીલાઓનાં તેમણે અસંખ્ય પદો આલેખ્યા છે. મહારાજે એક વાર સ્વામીને પૂછ્યું : "સ્વામી તમને આવું લખવાનું અને ગાવાનું કોણે કહ્યું ?"

બ્રહ્માનંદ સ્વામીએ તરત જ એનો જવાબ વાળ્યો "કહેવાનું વળી કોણ ? અમે તો જેવું જોયું તેવું ગાયું !" સ્વામી તમે અમને જેવા જોયા છે તેવા જ અમને જાણ્યા છે અને એવા જ કીર્તનોમાં ગાયા છે !

શ્રીજી મહારાજનું આ બીજું પ્રમાણપત્ર હતું !

છેલ્લે શ્રીજી મહારાજે જ્યારે દેહ ત્યાગ કરી સ્વધામમાં જવાની ઈચ્છા પ્રદર્શિત કરી એટલે બ્રહ્માનંદ સ્વામી ખૂબજ ઉદાસ થઈ ગયા હતા. એમની આંખોમાંથી આંસુઓનો અસ્ખલિત પ્રવાહ ચાલ્યો અને એમણે ગાયું.

બ્રહ્માનંદના બાલ સનેહીડા
રાખું જોર કરી, નહીં દઉં જવા !

શ્રીજી મહારાજ ને થયું કે શ્રી રામના જેવા હનુમાન તેવા મારા આ હનુમાન-યતિ છે. આ અમને નહિ જ જવા દે એટલે એમણે સ્વામીને જૂનાગઢ મંદિરનું કાર્ય સંભાળવા આજ્ઞા કરી.

મહારાજનો સાથ છોડીને જવાની સ્વામીની ઈચ્છા તો નહોતી જ પરંતુ "મહારાજ ની આજ્ઞા એજ જીવન" એટલે જવા તૈયાર થયા. પ્રસન્ન થઈ મહારાજ એમને બાથમાં લઈને ભેટ્યા, ફરી ફરી ભેટ્યા. આવું ત્રણ દિવસ થયું. ચોથે દિવસે સ્વામી જુનાગઢ જવા નીકળ્યા.

થોડા જ દિવસોમાં સમાચાર આવ્યા કે શ્રીજી મહારાજ ધામમાં પધારી ગયા છે. સ્વામી દોડતા ગઢડે આવ્યા પણ તે પહેલાં તો અગ્નિસંસ્કારની વિધિ પણ પૂર્ણ થઈ ગઈ હતી. સ્વામીએ કહ્યું કે "દહન ક્રિયા ન થઈ હોત તો દેહમાં એમને પાછા બોલાવત, પણ હવે શું થાય ?"

સ્વામી તો ગઢડામાં ગોપીનાથજીના મંદિરમાં જઈ આંસુડાની ધારે ધારે અસહ્ય વિરહ વેદનાના પદો ગાવા લાગ્યાં. સ્વામીની વેદનામાં એટલો ભાવ હતો કે શ્રીજી મહારાજ ગોપીનાથજીની મૂર્તિમાંથી પ્રગટ થયા. સ્વામીને ભેટી એમને આશ્વાસન આપ્યું અને કહ્યું કે "સ્વામી તમે તો બ્રહ્મબોલના કવિ છો. શોક ન કરશો. તમને આવો શોક શોભે નહિ. હું તો તમારામાં અખંડ રહ્યો છું !"

હું તો તમારામાં અખંડ રહ્યો છું ! મહારાજનું આ વચન શ્રીમુખેથી સાંભળ્યું એટલે સ્વામીનો શોક હળવો થયો. મહારાજ સ્વધામ સિધાવ્યા બાદ પૂ. અયોધ્યાપ્રસાદજી મહારાજની આજ્ઞાથી મૂળી મંદિરમાં છેલ્લું આયુષ્ય પૂર્ણ કરી સં. ૧૮૮૮ ના જેઠ સુદ-૧૦ના ધામમાં સિધાવ્યા.

મૂળી મંદિરમાં જ સ્વામીની જીવનલીલા સમાપ્ત થઈ. દેહ છોડતી વખતે સ્વામીએ ગાયું હતું.

"મહેર કરીને માવજી, તેડી લેજો તમ પાસ !"

આજે મૂળી મંદિરમાં એમનું સ્મારક છે. જેને બ્રહ્મમહોલ કહે છે. મહારાજે એમને બ્રહ્મબોલના કવિની ઉપમા આપેલી એ સાર્થક હતી. કેમકે શ્રીહરિ આ યતિ એવા સ્વામીમાં અખંડ બિરાજમાન હતા !



સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

બાજરીના રોટલાથી કલ્યાણ

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

એકવાર બ્રહ્માનંદ સ્વામી ભૂખ્યા થયેલા. વાત જાણે એમ હતી. ગામોગામ સત્સંગ પ્રચારાર્થે ફરતા હતા. તેમાં એક વખત દશમના દિવસે ઠાકોરજીના થાળનું ક્યાંય ઠેકાણું પડ્યું નહીં. અને બીજા દિવસે એકાદશીનો તો ઉપવાસ હતો. બારસના દિવસે બે દિવસના ભૂખ્યા સંતો ખેતરના શેઢેથી પસાર થાય છે. ખૂબ થાકેલાં, ભાદરવાના તાપથી અકળાયેલા આ સંતો ખેતરના એક વૃક્ષ નીચે વિસામો ખાવા બેઠા. એક છોકરો ખેતરની ચોકી કરતો હતો. પથરા લઈને પક્ષીઓ ઊડાડે છે. તેણે આ બે મહાત્માઓને જોયા. એ જીવ પૂર્વનો સંસ્કારી તેથી સંતો પાસે આવ્યો અને પૂછયું સ્વામીજી, પોંક ખાશો ? આ એ બાળકની અંદરની ભાવના બોલે છે. બાજરીના ડૂંડા એવા સુંદર! સાધુ-મહાત્મા છે એને કોણ પોંક આપતું હશે ? ઘણા માણસો દાન કરે, દયા ખાઈને દાન કરે. આ બિચારા સ્વામીનું ક્યાં ઠેકાણું પડતું હશે. આપણે આપો જરા. એટલે દયા ખાઈને દાન નહીં કરવાનું દાન આપણા પોતાના પુણ્ય માટે છે. સામા માટે નથી.

મહાત્માજી ! પોંક ખાશો ? સ્વામીને એમ થયું. આમંત્રણ છે. હરિ ઈચ્છાએ આજ અઢી ઉપવાસ થયા છે. ભાઈ બહુ સારું, લાવ, ઠાકોરજી પૂજામાંથી બહાર પધરાવી, પોંક ધરીને સંતો આરોગવા માંડ્યા. પેલો છોકરો હોંશિયાર હતો. જાણી ગયો કે આ બાવા ભૂખ્યો થયા લાગે છે. મોઢાં ઝડપથી ચલાવે છે. ધરાઈ ગયેલા માણસને જમવા બેસાડોને તો થાળી ઉપર એના હાથ આંટા મારે. આ બાજુથી લઉં કે આ બાજુથી લઉં. સમજી લેવું કે અંદર જગ્યા નથી લાગતી. ભૂખ્યો માણસ એ જોવા ન બેસે. એક બાજુથી શરૂ કરે. બાળક જાણી ગયો કે આ બાવા ભૂખ્યા થયા લાગે છે. બાવાજી ! રોટલો જમવો છે ?

બ્રહ્માનંદ સ્વામી વિચાર કરે છે, આ ભગવાન બોલતા લાગે છે. કારણ કે પોંકથી કાંઈ અંદર પૂરો પાવર પ્રગટે નહીં. એટલે સ્વામીએ પૂછ્યું, ભાઈ ! રોટલા અહીં ક્યાંથી હોય ? હા છે મારી પાસે, આ રહ્યા. બાજરીના રોટલા. વસ્ત્રના ટૂકડામાં બાંધીને ઝાડ ઉપર ભરાવેલા, બે રોટલા. લો મહાત્માજી જમો. પણ છોકરા તું શું કરીશ ? અરે હું તો ખેડૂતનો દીકરો છું. મારે ક્યાં ઘર દૂર છે. આ દોટ મૂકીશ તો બીજા રોટલા લઈ આવીશ. ખેડૂતનો છોકરો હિંમતવાળો હોય છે. આ રહ્યું ઘર અને ખેડૂતનો છોકરો ન હોય તો કહેશે અમે દૂર રહીએ છીએ. તરત ઢીલો પડી જાય. ત્યાંથી ક્યાંથી આવું ? ખેડૂતનો છોકરો હતો તો વહેલો ઊઠી લાકડી ઉપાડી ખેતરમાં પહોંચી જાય. ખેડૂતનો છોકરો હોય તો કોણ જાય ? એવો એને વિચાર ન આવે. હું હમણાં દોડીને ઘેર પહોંચીને બીજા રોટલા લઈ આવીશ. અને બ્રહ્માનંદ સ્વામીએ અને સાથેના સંતે એક એક રોટલો આરોગ્યો. એટલા બધા રાજી થયા. બે ઉપવાસ પછી આ છોકરાએ પારણા કરાવ્યાં. હવે એને આપવું શું ? બાળક છે નિર્દોષ છે. એને સંતોના મહિમાની કાંઈ ખબર નથી. છોકરા ! હવે તેં તો અમને રોટલા આપ્યા. અમે તને શું આપીએ ? તમારી પાસે શું હોય ? એને એમ કે બાવા પાસે શું લેવાનું હોય? અને મોટે ભાગે બાવાની છાપ કેવી ? ન મળે ખાવા પછી થાય બાવા. એટલે આવી છાપ. આ છોકરો કહે છે તમારી પાસે શું હોય ?

બ્રહ્માનંદ સ્વામી વિચાર કરે છે બાળકને ખબર નથી મારી પાસે શું છે !! પણ કાંઈ વાંધો નહીં. એક કામ કરજે. આ જો મારું પેટ જો. સ્વામીએ પોતાનું પેટ બતાવ્યું. સ્વામીનું પેટ જરા મોટું હતું. એટલું યાદ રાખજે બેટા. એક મોટા પેટવાળા સાધુને તેં રોટલા ખવરાવ્યા છે. અને સંતો ઉપડી ગયા. છોકરાને ગોખાઈ ગયું. આવો બાવો કોઈ દહાડો જોયો નથી. મને પેટ બતાવ્યું કે આ પેટમાં તેં રોટલા મૂક્યા છે. ઘણીવાર તમે કોઈ સરકારી બેંકમાં નાણાં મૂકો ને એ જાય જ નહી. એમાંથી વ્યાજ મળ્યા જ કરે. કોઈ બીજા સારાં પાટિયાં ભાળીને પૈસા મૂકવા જાઓ તો બધું જાય. એટલે આ સંતોનું પેટ એટલે જાણે સરકારી બેંક.

સંતો તો ચાલ્યા ગયા પણ આ બાળકને આશ્ચર્યનો આંચકો આપતા ગયા. પેટ યાદ રાખવાનું કહી ગયા. બાવા ખરા છે. મને પેટ બતાવ્યું ! ઘેર જઈને કહે બા એ જમાનમાં પોતાની માને લોકો બા અથવા મા કહેતા. મા શબ્દ ક્યાંથી આવ્યો ખબર છે ? સૌથી પહેલાં વાછડું જન્મે એનો ઉચ્ચાર જો જો. એમાંથી મા શબ્દ નીકળે

છે. એટલે જન્મ આપનાર ને 'મા' તરીકે સંબોધન મળ્યું. પરમાત્માને 'મા' કહેવાય. "ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ." ઈશ્વર મા છે. ઈશ્વર બાપ છે. તો એ ઈશ્વરના પ્રતિનિધિ તરીકે સંસારમાં "મા" કહેવાય છે. આ અમૃત શબ્દો છે. પણ માણસોએ અમૃત શબ્દો છોડી દીધા અને બધા મન ફાવતા ગમે ત્યાંથી ઉછીના લાવેલા શબ્દો ચાલુ કરી દીધા. ઘેર જઈને આ ખેડૂત છોકરો કહે છે. મા આજ તો મોટા પેટવાળા બે સાધુ આવ્યા હતા. પછી ? એ ભૂખ્યા હતા. મેં રોટલા આપી દીધા. પણ સાધુ બાવાનો બહુ વિશ્વાસ ન કરવો. ક્યાંક ઉપાડી જાય. પણ મા ! આ બાવા ઉપાડી જાય એવા ન હતા હો. એ તો રાજી રાજી થઈ ગયા. મને આશીર્વાદ દઈ ગયા અને પાછા પેટ બતાવીને કહે છે, યાદ રાખજે તેં અમને બે રોટલા જમાડ્યા'તા.

સમય સમયની રીતે પસાર થઈ ગયો. એક જમાનાનો આ બાળક અત્યારે એંશી વર્ષે પહોંચી ગયો. એંસી ઈક્યાસીમું ચાલતું હતું અને મૃત્યુ નજીક આવ્યું અંતકાળ આવ્યો અને બ્રહ્માનંદ સ્વામીએ દર્શન દીધા. હાથમાં રોટલા. જય સ્વામિનારાયણ. ચાલો ભગવાનના ધામમાં, એ જીવનો મોક્ષ થઈ ગયો.

હરિગીતામાં શ્રીહરિ ભક્તિમાતાને સંબોધીને કહે છે કે મા આવા બ્રહ્મનિષ્ઠ ભગવાનના સંતોને ભાવથી જમાડે કે સેવા કરે એમની આજ્ઞામાં રહીને પરમાત્માનાં ભક્તિ-ભજન કરે તો જન્મજન્માંતરના પાપ બળીને ભસ્મ થઈ જાય છે. એ જીવને માયા બંધન કરી શકતી નથી. એનો મોક્ષ થાય છે.

●

પરમ ભક્ત કોને કહેવાય ?

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

હે ભગવાન ! આ શું ? તમે મારી સામે પ્રગટ ઉભા છો ? પૂજારીના આશ્ચર્યનો પાર ન રહ્યો. પૂજારી ખુશ થઈ ગયો કે મારી ભક્તિ સાર્થક થઈ કે ભગવાને પ્રગટ દર્શન દીધા.

ત્યારે ભગવાન કહે છે. હું તો મારા પરમભક્ત માટે સદા પ્રગટ જ છુંજ. કપટી, દંભી, સ્વાર્થી ભક્તોથી લાખ ગાઉ દૂર રહું છું. હે ભગવાન તમે કોની ઉપર રાજી છો અને કોને તમારા પરમભક્ત માનો છો ! મારે તમારા પરમભક્તને જોવા છે. દર્શન કરવા છે. આ જગતમાંથી એવા ભક્તોને શોધી શકાય તેવો ઉપાય બતાવો.

ભગવાને પૂજારીની વાતનો સ્વીકાર કરતા. પૂજારીને એક પિત્તળની થાળી આપીને કહ્યું જે આ થાળીને હાથ અડાડે અને તે જો સોનાની થઈ જાય તે જ મારો પરમભક્ત માનજે. પછી તો આ વાતની જાહેરાત થઈ. જે ભગાવનના ભક્ત હોય સાચા ભક્ત હોય તે આ થાળીને હાથ અડાડે. જો થાળી સોનાની થાય તો તે જ સાચો ભક્ત છે. તેને ભગવાન ભક્ત તરીકે સ્વીકારે છે. તેમ સૌએ સમજવું.

મિત્રો ! કોના હાથે થાળી સોનાની બનશે. જરા પણ વિચાર આવે છે.

નગરનો રાજા આવે છે. ઘણા કામ મેં સારા કર્યો છે. મારા નગરમાં મેં વાવ્ય ખોદાવી છે. બંધ બંધાવ્યા છે. કિલ્લા બંધાવ્યા છે, મારી પ્રજાના રક્ષણ માટે અને કેટલાય બ્રાહ્મણોને દાન દીધા છે. હું ખરો ભક્ત કહેવાઉ અને જ્યાં થાળીને હાથ લગાવે છે. પણ આ શું ? થાળી સોનાની ન જ થઈ. (રાજા ભૂલી ગયા સારા કામકર્યા પણ નગરની પ્રજા પર (ટેક્સ) કર કેટલો બધો નાખ્યો છે. પછી ક્યાંથી સોનાની થાય.)

એમ કેટલાય શેઠીયાઓ આવી ગયા. અમીર ઉમરાવો, પંડિતો, પણ થાળી સોનાની ન થઈ. ત્યારે મંદિરમાં એક સામાન્ય માણસ જે માટી સાથે મહેનત કરનાર, ખેડૂત આવે છે. આ બાજુ સૌને વિચાર જાગે છે. ચાલોને આ ખેડૂત પાસે થાળી ઉપડાવીએ. મશ્કરીના ઈરાદે આવો સૌને વિચાર આવે છે. આ ખેડૂતનું જીવન નિર્દોષ હતું પણ તે કોઈ સમજ્યું નહિ. મશ્કરી કરવા તૈયાર થયું. ખેડૂત થોડો મુંઝાયો આ બધા મને આવું શા માટે કહે છે ? થોડા ગભરાયો થાળી ગરમ તો નહિ હોય ને ! જ્યાં ભગવાન સામે નજર કરી તો આત્મવિશ્વાસ જાગી ઉઠ્યો. લાજ રાખનારો, હિંમત આપનારો બેઠો છે. એનો જ દરબાર છે. તો પછી ચિંતા શાની. ફડાક દઈને થાળી ઉપાડી અને જયાં થાળીને હાથ અડ્યો કે તરત જ સોનાની થઈ ગઈ. સૌના આશ્ચર્યનો પાર ન રહ્યો. પૂજારીએ જાહેર કર્યું કે આ જ ભક્ત ભગવાનને પ્રિય છે. ભગવાન ફરી મૂર્તિમાંથી પ્રગટ થયા અને આ ખેડૂતને હાર પહેરાવ્યો.

મિત્રો ! વાર્તાનો સાર ખૂબ સરસ છે. ઉડાણ પૂર્વક વિચારશો તો જ ખ્યાલ આવશે કે ભગવાનનું ગણિત કંઈક જુદા જ પ્રકારનું હોય છે. જગત જેને કદાચ મોટો ભક્ત માનતું હોય પરંતુ ભગવાનની નજરમાં એ નાનો પણ હોઈ શકે અને જગત આ ખેડૂત જેવા સાદા સીધા ભક્તને નાનો ગણતા હોય તો તે ભગવાનને માટે મોટો પણ હોય.

સૌથી મોટી વાત વચનામૃતમાં શ્રીહરિએ કહી કે, "એવી રીતે માનને તજીને જે ભગવાનને ભજે તેને તો સર્વે હરિભક્તમાં અતિશે મોટેરો જાણવો.

માટે પોતાના કાર્યમાં, ફરજમાં નિષ્ઠા રાખી નિર્માની પણે ભજન-સ્મરણ કરવું, તો ભગવાન રાજી થાય અને એમના સાચા ભક્ત તરીકે આપણને અપનાવે તો આપણું કામ થઈ જાય.



ભક્તિ સુધા

વખતબાની શૂરવીરતા

- તરલાબેન અતુલભાઈ પોથીવાલા (અમદાવાદ)

શ્રીહરિ એક વખત અમદાવાદ પધારેલા. તે વખતે એમણે ખોખરા મહેમદાવાદમાં નાથુભક્તને ત્યાં ઉતારો કરેલો. એ દરમ્યાન પ્રભુને મારવા માટે અસુરોનું મોટું ટોળું હથિયારો સાથે ત્યાં ધસી આવ્યું. મહારાજની રક્ષા માટે ઉભેલા પાર્ષદોએ પણ પોતાના હથિયાર સજાવ્યાં. ઘમસાણ લડાઈ થઈ. એ લડાઈમાં શ્રીહરિની ઈચ્છાથી ધરતીના ભારરૂપ ઘણા અસુરોનો વિનાશ થઈ ગયો!

આ કાર્ય પૂર્ણ કરી મહારાજ ત્યાંથી વહેલાલ ગામ પધાર્યા. વહેલાલમાં જેસીંગભાઈ પટેલ ખૂબ શૂરવીર અને મહારાજમાં અનન્ય નિષ્ઠા ધરાવતા હરિભક્ત હતા. મહારાજ જાણે રઘવાયાં જેવા બની જેસીંગભાઈના ઘેર પધાર્યા. એ વખતે પટેલ પોતે ઘરમાં હતા નહિ. એમનાં બહેન વખતબા હતા.

મહારાજે આવીને ડેલી ખખડાવી. વખતબાએ બારણું ઉઘાડ્યું. જોયું તો સામે પરસેવાથી રેબઝેબ થયેલ મહારાજને જોયા. શ્વાસ જાણે થંભતો નહોતો. મહારાજ ગભરાયેલા સ્વરમાં બોલ્યા: "ઘરમાં કોઈ નથી?"

"મહારાજ! ભાઈ તો ખેતરમાં ગયા છે."

"તો અમે જતા રહીએ."

"પણ પ્રભુ શા માટે? અમે તો છીએને?"

"અમારી પાછળ લશ્કર આવે છે, અમને પકડવા."

"તો તો મહારાજ અહીં ઘરમાં જ બિરાજો. હું છું ને? ગામની બહાર જાઉં છું. હું જોઉ છું, કોણ આ ગામમાં પગ મૂકવાની હિંમત કરે છે?"

આટલું બોલી માણકી ઘોડીને સંતાડવા માટે ઘરમાં બાંધી. મહારાજને અંદરનાં ઓરડામાં ઢોલિયા ઉપર બિરાજમાન કર્યા. માટલીમાંથી કળસો ભરીને પાણી શ્રીહરિને ધર્યું.

"લો મહારાજ! ઘડીક વિશ્રામ કરો."

એમ કહી વખતબાએ સાડલાનો છેડો બરાબર ખોસી હાથમાં સાંબેલું લઈને નીકળી પડ્યાં. મહારાજ બાઈની શૂરવીરતાને જોતાં જ રહ્યાં. "ગામની ભાગોળે કોઈ આવે તો ખરા, હું જોઈ લઈશ. એક એકનાં માથા ભાંગી નાખું."

વખતબા આવી રીતે સજ્જ થઈને ગામની ભાગોળે ઊભાં હતાં. ત્યાં તો જેસીંગભાઈ આવ્યા.

"બહેન આ શું? કેમ સાંબેલું લઈને આમ કછોટો વાળીને ઊભાં છો?"

"અરે! મહારાજને પકડવા લશ્કર આવે છે. મહારાજને મેં આપણાં ઘેર વિરાજમાન કર્યા છે."

"બહેન! કોઈ નથી આવતું. હું એક ગાઉથી ચાલ્યો આવું છું કોઈ નથી. ચાલો પાછા ઘેર, મહારાજ વાટ જોતાં હશે!"

ભાઈ બહેન બંને ઘેર આવ્યા. જેસીંગભાઈ મહારાજને પગે લાગ્યા અને પૂછ્યું, "પ્રભુ! શું છે આ બધું? તમે જો આજ્ઞા કરતા હો તો અત્યારે જ દશ હજાર હથિયારધારી હાજર કરું. આપની કૃપાથી મારે એટલી તો ઓળખાણ છે, બસ આપ માત્ર આજ્ઞા કરો."

જેસીંગભાઈ હાથ જોડીને ઊભા રહ્યાં. સાથે વખતબા પણ હતાં. હજુ પણ બાઈના મુખ ઊપરથી શૂરવીરતાનું ખુન્નસ ઓસર્યું નહોતું!

છેવટે શ્રીજી મહારાજ હસ્યા અને બોલ્યા, "જેસીંગભાઈ, કોઈ આવતું નથી, આ તો તમારી કસોટી કરવા સારું અમે આમ કર્યું."

"તો ઠીક મહારાજ!" જેસીંગભાઈને શાંતિ થઈ. ત્યાં તો વખતબા બોલી ઉઠ્યા, "મહારાજ! હવે આવ્યા છો તો થાળ જમીને જ જજો."

વખતબાની શૂરવીરતાથી મહારાજ અત્યંત રાજી થયા. કહે, "વખતબા અમને પણ કકડીને ભૂખ લાગી છે માટે જલ્દીથી થાળ તૈયાર કરો."

જેસીંગભાઈએ માણકી ઘોડીને નીરણ આપ્યું. અને વખતબા નહાઈને પ્રેમપૂર્વક મહારાજ માટે થાળ બનાવવા

લાગી ગયા.

મહારાજ પ્રેમપૂર્વક વખતબાનો થાળ જમ્યાં અને પ્રસાદી ભાઈ-બહેનને આપી. પછી મહારાજ વિદાય થયા. જેસીંગભાઈ મહારાજ સાથે ભાગોળ સુધી ગયા. બાઈ બારણે ઊભી ઊભી એ માણકીના અસવારને એકીટશે નિહાળતી રહી !

"વાહ પ્રભુ ! તમારી લીલાને કોણ ઓળખી શકે ? પ્રસ્વેદ બિંદુઓથી શોભતા આપના એ મુખારવિંદને હુંય કેમભૂલી શકું ?" મનોમન આમવિચારતાં વખતબા મહારાજનું છોગલું દેખાતું બંધ થયું ત્યાં સુધી ઓશરીએ ઊભા રહ્યાં.

આવા શૂરવીર હતા વખતબા. વખતબાની સાક્ષી પૂરતું એ સાંબેલું આજે પણ વહેલાલ ગામમાં સચવાઈ રહ્યું છે.

●

ચોખ્ખા ધર્માદાનો પ્રતાપ

- ભગવતીબહેન કે. સોની (પાટણ - ઉ.ગુ.)

ગામ હામાપરમાં આહિર કરશન બામણીયા હરિજન હતા. તેમણે બાજરો વાવ્યો હતો. તેને રોઝડા ખાઈ જતા હતા. તેની ચિંતાથી રાત્રીએ તેને ઉંઘ આવે નહિ. તેમને એક રાત્રીએ શ્રીજી મહારાજે દર્શન દીધા ને કહે "હે ભક્ત ! શું ચિંતામાં પડી ગયા છો ?" ત્યારે ભક્ત કહે "હે મહારાજ! રોઝડા રોજ બાજરો ખાય જાય છે તેની ચિંતા રહે છે.' ત્યારે મહારાજ કહે "તમે ઘરે જઈને સૂઈજાઓ અમે તમારી વતી જાગીશું. અમે માણકી ઉપર ચડીને તમારા ખેતર ફરતાં આંટા દઈશું.' ત્યારે તે ભક્ત ઘરે જઈને સૂઈ ગયા. સવારે ખેતરે જઈને જોયું તો ખેતરને ફરતા માણકીના પગલા જોઈને જાણ્યું જે, 'શ્રીજી મહારાજે રાત્રીએ ખબર રાખી છે.'

એમ રોજે શ્રીજી મહારાજ તેના ખેતરની ખબર રાખતા. તે શા કારણથી ખબર રાખતા તો **તે કરશન ભક્ત પોતાની ઉપજમાંથી ચોખ્ખો વિશમો ભાગ કાઢીને જુનાગઢ** પહોંચાડતા. તે માટે એમના વ્યવહારની મહારાજને ખબર રાખવી પડતી. એમ જેની આવકમાં (ઉપજમાં) ભગવાનનો ભાગ હોય તેની ખબર ભગવાનને રાખવી જ પડે છે.

તો સૌ હરિભક્તો ધર્માદો ન કાઢતા હોય તો શરૂ કરી દેજો. મહારાજ દયાળુ છે. સમર્થ હોય તેમને તો દશમો ભાગ કાઢવો જોઈએ. તો શ્રીજી મહારાજને આપણી ચિંતા રહે ને આપણે કરશન ભક્તની જેમ નિરાંતે નિંદ્રા લઈ શકીએ.

●

શ્રીજી મહારાજનાં લીલાચરિત્રનો મહિમા

- કંચનબેન રણછોડભાઈ પટેલ (નારણપુરા)

એક સમયે આદિ આચાર્યશ્રી રઘુવીરજી મહારાજે સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામીને પ્રશ્ન પૂછયો કે હે સ્વામી, શ્રીજી મહારાજનાં લીલાચરિત્રોનો મહિમા કેવી રીતે સમજવો અને તે સમજવાથી શું ફળ મળે છે ? ત્યારે સ્વામી બોલ્યા,

હે રઘુવીરજી મહારાજશ્રી, પૂર્ણપુરુષોત્તમનારાયણ પોતે આ બ્રહ્માંડને વિષે પ્રગટ થયા ત્યાંથી તે અંતર્ધાન થયા ત્યાં સુધીના લીલાચરિત્ર ગાવાથી અને સાંભળવાથી આ જીવ માયાના ભાવથી મુક્ત થઈને નિર્ગુણ ભાવને પામે છે. શ્રીજી મહારાજનાં લીલા ચરિત્રનું શ્રવણ કરવું અને કરાવવું તેમાં જ મનુષ્ય દેહની સાર્થકતા છે. બ્રહ્મભાવને પામીને શ્રીજી મહારાજના લીલાચરિત્રો ગાવાં અને સાંભળવા. ગમે તેવો આત્મનિષ્ઠાવાળો હોય અને પોતાના આત્માના તેજને દેખતો હોય તો પણ કદી શાંતિ થતી નથી. શ્રીજી મહારાજનાં લીલાચરિત્રો પોતે સાંભળે અને બીજાને કહે પછી શ્રીજી મહારાજનું ધ્યાન ધરે તો જ તેને પરમ શાંતિ થાય છે.

વળી મુક્તાનંદ સ્વામીએ શાંતિ થવાનો ઉપાય શ્રીજી મહારાજને પૂછયો ત્યારે શ્રીજી મહારાજે કહ્યું કે અમારા લીલા ચરિત્રો ગાવાથી અને સાંભળવાથી શાંતિ થાય છે. ત્યાં દ્રષ્ટાંત છે જે નાના સ્વરૂપાનંદ સ્વામી નિરાકાર તેજને દેખતા પણ જ્યારે તેમના શરીરે બળતરા થવા લાગી ત્યારે શ્રીજી મહારાજે તેમને દાદા ખાચરના ઓરડાના નળિયામાંથી અને પોતાની મૂર્તિમાંથી તેજ દેખાડ્યું. તેથી તેમને બળતરા મટી ગઈ અને શાંતિ થઈ. તેથી તેઓ શ્રીજી મહારાજને દિવ્ય સાકાર માનવા લાગ્યા. અને પછી તેમને શ્રીજી મહારાજની મૂર્તિ પણ દેખાવા લાગી. માટે શ્રીજી મહારાજનાં લીલા ચરિત્રો ગાવાથી ને સાંભળવાથી આ જીવનું જરૂર કલ્યાણ થાય છે.

આ ભરતખંડમાં શ્રીજી મહારાજે પ્રગટ થઈ અપાર લીલા કરી છે. જે કહેવા કે લખવા બેસીએ તો તેનો પાર આવે જ નહીં. માટે જે જે લીલાચરિત્રો જોયાં હોય તે સંભારી રાખવાં. શ્રીજી મહારાજે કહ્યું છે કે અમે આ ઉત્સવ - સમૈયા કરીએ છીએ તેનું કારણ માત્ર એટલું જ છે કે જો કોઈ જીવને અંત સમયે એની સ્મૃતિ થાય તો તે જીવનું પરમકલ્યાણ થાય. માટે શ્રીજી મહારાજનાં લીલા ચરિત્રો પરમકલ્યાણકારી છે અને નિર્ગુણ છે. માટે અંતરમાં ધારવા, વિચારવા, સંભારવા અને ગાવા. નંદ સંતોના કીર્તનો, શ્રીજી મહારાજના લીલા ચરિત્રો પ્રસંગ-

પ્રસંગનાં હોય છે તેથી આવા કીર્તનો બહેનોએ મંડળમાં ગાવા એવી પ.પૂ. અ.સૌ. ગાદીવાળાશ્રીની આજ્ઞા છે.

●

સિધ્ધાનંદ સ્વામી

- મંગુબેન પ્રહલાદભાઈ પટેલ (જીવરાજપાર્ક)

પાટણ જીલ્લાના હારિજ અને સમી વચ્ચે એક ત્રણ હજાર વસ્તીનું જ મુંજપુર નામનું ગામ છે. ત્યાં લેઉવા પટેલને ત્યાં એક મહામુક્ત બાળકનો જન્મ થયો તેનું નામસંગો એવું રાખ્યું. સંગો નાનપણથી સંસ્કારી અને ભગવત પરાયણ હતો. ગામમાં એક શિવાલય મંદિર હતું તે મંદિરમાં જાય અને શિવજી પાસે બેસીને રૂદન કરે અને પોતે એમ બોલ્યા કરે મેં આ દેહ ખોટો વેડફવા નથી ધર્યો, મેં તો પ્રભુ ભજવા માટે ધર્યો છે. બસ જો મને પ્રગટ પ્રભુ ન મળે તો મારે હવે જીવન ઝેર સમાન થઈ ગયું છે. તેમને સંસાર ખારો લાગવા માડ્યો. એમ કરતા ૧૨ વર્ષની ઉમર થઈ ત્યારે એક દિવસે મંદિરમાંથી એવો ગેબી અવાજ આવ્યો કે હે સંગા તારે મરવાનું કોઈ કારણ નથી કેમકે તને થોડા દિવસમાં પ્રગટ ભગવાન મળશે. આવી આકાશવાણી સાંભળી સંગો આનંદમાં આવી ગયો.

પ્રગટ પ્રભુની રાહ જોવા લાગ્યો. તેમ કરતાં સંગાને ૧૫ વર્ષ થયાં અને પોતાના મિત્રો સાથે ગઢપુર જવા તૈયાર થયા. કેમકે શ્રીજી મહારાજે સંગાને સ્વપ્નમાં દર્શન દીધાં હતા. જેથી ગઢપુર મિત્રો સાથે પહોંચતાજ જ્યાં સ્વામિનારાયણ પ્રભુને જોતાં જ આનંદ વિભોર બની ગયા અને નિશ્ચય થઈ ગયો કે હવે મારે ઘરે જવું નથી. પણ દશ દિવસ થયા ત્યારે મિત્રો કહેવા લાગ્યા કે સંગા હવે ચાલો ઘરે જઈએ. પણ સંગાને તો સર્વસ્વ બધું અહીંજ મળી ગયું. પછી શ્રીજી મહારાજે કહ્યું કે ભગત ઘરે જાઓ અમે તમને જરૂર બોલાવીશું. પછી મહારાજની આજ્ઞા થવાથી ઘરે પાછા પધાર્યા પણ કંઈ રૂચે નહિ. અને એક દિવસ વાડીએ ગયા ત્યાં તેમના કાકાને કહ્યું કે કાકા એ સ્વામિનારાયણ સાચા જ ભગવાન છે. એટલે તેમના કાકાએ જવાબ આપ્યો તો તું ઘરે શા માટે આવ્યો ? જો સ્વામિનારાયણ ભગવાન હોય તો પ્રભુને સમર્પિત થઈજા. અને બસ આટલું જ સાંભળતાં સંગા ભગતે ગઢપુરનો રસ્તો પકડ્યો, અને પ્રભુ પાસે જઈને મસ્તક નમાવીને કહ્યું : પ્રભુ હું તમારો છું અને મને સદાય તમારો કરીને રાખો. પછી શ્રીજી મહારાજે સચ્ચિદાનંદ સ્વામીને કહ્યું સ્વામી તમે રાધાવાવે ખેતીવાડીનું સંભાળો છો તો સંગા ભગતને તમારી પાસે રાખો. સાંગો ભગત સ્વામી પાસે રહી ધ્યાન ધરતાં શિખ્યા અને ખૂબ ધ્યાન ધરે અને વાડીએથી ફળ, ફૂલ, શાકભાજી લઈને મહારાજને આપવા જાય ત્યારે સાંગા ભગત મનમાં એવો સંકલ્પ કરતા જાય કે મહારાજ પાસે હું જઈશ ને મહારાજ મને ઉંચા સાદે બોલાવશે કે સાંગા ઓ સાંગા તું આવ્યો ! અને વાડીએથી શું લાવ્યો. આમ મને મહારાજ બોલાવશે અને હું રાજી રાજી થઈશ. પછી હું મહારાજને કહીશ કે મહારાજ વાડીએથી સાંગો ફળ, ફૂલ અને મારા મહારાજને વાલા વંતાક લાવ્યો. ત્યારે મહારાજ મારા ઉપર બહુ રાજી થશે. તેવામાં ચાતુર્માસ આવ્યો. ત્યારે સચ્ચિદાનંદ સ્વામીએ કહ્યું કે સંગા ભગત મારે તો એવો નિયમ લેવો છે, કે ચાર માસ સુધી નિંદ્રા કરવી નથી. પછી મહારાજ લીંબતરૂ નીચે બેસીને બધાને નિયમ આપતા હતા, તેવામાં સંગા ભગતે તો મનમાં નક્કી કરી લીધું કે મારા ગુરુ જો આવો નિયમ રાખે તો મારે કઠણમાં કઠણ નિયમ લેવો છે. પણ શ્રીજી મહારાજ સંગાનો સંકલ્પ જાણીને બધી સભા વચ્ચે બોલ્યા કે જેણે કઠણ નિયમ લેવાનો સંકલ્પ કર્યો હોય તો તે કઠણ નિયમ તો અમારા સ્વરૂપમાં અખંડ વૃત્તિ રાખવી તેથી બીજી કોઈ અધિક પ્રાપ્તિ નથી અને જો આવો નિયમજે લેશે તેની અમે જરૂર રક્ષા કરીશું અને ચોવીસ કલાક અમારા સ્વરૂપમાં વૃત્તિ રાખશે તેને અખંડ હૃદયમાં દર્શન આપીશું. અને સંગા ભગતે ચોવીસ કલાક તૈલવ્રત મૂર્તિમાં અખંડ વૃત્તિ રાખી અને મહારાજનું સ્વરૂપ અખંડ દેખાવા લાગ્યું અને તે પછી સંગા ભગતે મહારાજની ઘણી સેવા કરી અને રામપ્રતાપભાઈની પણ ખૂબ સેવા કરી અને તેમનો સગરામ(રથ) હાંકતા. વડતાલમાં પણ ઘણી સેવા કરી અને પછી ગઢાળી ગામમાં આંબા શેઠને ત્યાં ગયા હતા. ત્યાં બે દિવસ જમ્યા નહિ. તેથી મુક્તાનંદ સ્વામીએ શ્રીજી મહારાજને કહ્યું કે પ્રભુ સંગોભગત બે દિવસથી જમતા નથી. ત્યારે મહારાજ બોલ્યા કે સાંગા ભગતને બોલાવો. પછી મહારાજ બોલ્યા કે સાંગા ભગત કેમ જમતા નથી ? પણ સંગો ભગત કંઈ પણ બોલ્યા નહિ. પછી મુક્તાનંદ સ્વામી બોલ્યા કે મહારાજ સંગા ભગતે ખૂબ સેવા કરી છે. હવે તેમને દીક્ષા આપો તો સારૂ. પછી મહારાજ બોલ્યા કે સ્વામી સંગા ભગતનું નામ શું રાખશું. ત્યારે મુક્તાનંદ સ્વામી બોલ્યા કે મહારાજ તમારે જે ઈચ્છા હોય તે નામ રાખો. પછી મહારાજે દીક્ષા આપીને બોલ્યા કે સંગા ભગતે તો પહેલાંથી જ મૂર્તિ સિધ્ધ કરેલ છે. તેથી તેમનું નામ સિધ્ધાનંદ સ્વામી રાખીએ. ધન્ય છે સિધ્ધાનંદ સ્વામીને તેમના ચરણોમાં કોટી કોટી વંદન.

સાક્ષાત્ પ્રેમનાં અવતાર પ્રેમસખી

(પ્રેમાનંદ સ્વામી)

- પ્રો. મહાદેવ ધોરિયાણી (રાજકોટ)



પ્રેમાનંદ સ્વામીનો પૂર્વાશ્રમસંપૂર્ણપણે અપ્રસિદ્ધ છે. એમની જ્ઞાતિ વિષે સૌ કોઈ અનભિજ્ઞ (અજાણ) છે. સાંભળવા પ્રમાણે પ્રેમાનંદ સ્વામી પણ પછાત વર્ગના ગાયક જાતિના હતા. તેમનો જન્મનડિયાદ પાસે 'ઓગાણા' ગામમાં ગાંધર્વ જ્ઞાતિ એટલે કે તૂરી કોમમાં થયો હતો, એમમનાય છે. આ જ્ઞાતિના લોકો ગાવા-બજાવવાનો વ્યવસાય કરતા હતા. પરંતુ શ્રીજી મહારાજે પોતાના પરમહંસોમાં એમને આગવું સ્થાન આપ્યું હતું. મહારાજે આ દિવ્ય મણિને પારખી લીધો હતો, અને આ અમૂલ્ય હીરાને સરાણે ચડાવી, પહેલ પાડીને અનુપમઓપ આપ્યો હતો, અને 'પ્રેમસખી' બિરુદ પામ્યા હતા.

સંવત ૧૮૭૦-૭૧ માં સહજાનંદ સ્વામીનો મેળાપ થયો હતો અને મહારાજે તેમને દીક્ષા આપી નિજ બોધાનંદ નામકરણ રાખ્યું હતું. પાછળથી 'પ્રેમાનંદ' નામરાખવામાં આવ્યું હતું.

તેમણે કટેલાક ગ્રંથો અને હજારો ભાવવાહી કીર્તનોની ભેટ સત્સંગને ધરી છે. આરતી પછી બોલાતી 'નિર્વિકલ્પ ઉત્તમઅતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.' એ પ્રાર્થના, રાત્રે બોલાતા ચેષ્ટાના પદો અને ધ્યાનના પદો "વંદુ સહજાનંદ રસરૂપ અનુપમસારને રે લોલ." તદુપરાંત, -

- "આજ મારે ઓરડે રે, આવ્યા અવિનાશી અલબેલ."
- "સજની શ્રીજી મુજને સાંભર્યા રે ....."
- "નેણામાં રાખું રે નેણામાં રાખું ....."
- "કીજીએ ધ્યાન શ્રી ધર્મના કુંવરનું ....."
- "પ્રથમશ્રીહરિને રે ચરણે શીશ નમાવું....."

ઉપરોક્ત પદોમાં શ્રીજી મહારાજ પ્રત્યેની પ્રીતિ પદે પદે, શબ્દે શબ્દે ઉભરાય છે, તેમના હૈયામાં ઉભરાતા દાસત્વ, દીનતા, દૃઢતા અને આર્જવભર્યા (નમ્રતા ભર્યા) સુકુમારભાવોનું સરળ અને હૃદયસ્પર્શી આલેખન તેમનાં કીર્તનોમાં અને પદોમાં થયું છે.

તેમણે રચેલાં મૂર્તિનાં કીર્તનો સત્સંગમાં ખૂબજ પ્રચલિત છે. "વંદુ સહજાનંદ"ના પદ જ્યારે પ્રેમાનંદ સ્વામી ગાતા ત્યારે શ્રીજી મહારાજ ખૂબજ રાજી થતાં. પ્રસ્તુત પદનો મહિમા મહારાજે ગ.મ. ૪૮ માં વચનામૃતમાં પણ કહ્યો છે : "..... આ કીર્તનને સાંભળીને તો અમારા મનમાં એમવિચાર થયો જે, આવી રીતે એને ભગવાનની મૂર્તિનું ચિંતવન છે. માટે એ સાધુને તો ઉઠીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામકરીએ."

"ભગવાન વિના બીજા પદાર્થનું ચિંતવન મૂકીને એક ભગવાનના સ્વરૂપનું ચિંતવન કરવું. અને જો ભગવાનના સ્વરૂપનું ચિંતવન થઈ ન શકે તો પણ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ તેણે યુક્ત એવા જે આ સાધુ તેને મધ્યે પડી રહેવું." (વ.ગ.મ. ૪૮) ઘણીવાર પ્રેમાનંદ સ્વામીનાં પ્રેમાળ પદો સાંભળી અડધી રાતે પણ મહારાજ તેમને દર્શન દેવા દોડી જતા ! પ્રેમાનંદ સ્વામીની પ્રસાદીની સિતાર આજે પણ એ ભવ્ય ભૂતકાળ તાજો થાય તે માટે ગઢડા મુકામે 'અક્ષરભુવન" માં સાચવી રાખીછે.

"અહો ! ખરેખર બ્રહ્માનંદ સ્વામી અને પ્રેમાનંદ સ્વામી જેવા ત્યાગી સાધુ જેમનું જીવન સાધુતાથી સભર છે અને એમના જેવા શીઘ્ર કવિ આખા બ્રહ્માંડમાં ક્યાંય નથી."

પ્રેમાનંદ સ્વામીકૃત "પ્રથમશ્રીહરિને" એ સ્વાભાવિક ચેષ્ટાનાં પદો રાત્રે સારાય સંપ્રદાયમાં બોલાય છે. પ્રેમાનંદ સ્વામીનાં કીર્તનો અને પદોમાં શબ્દે શબ્દે પ્રેમરસની છોળો ઉડે છે જે તરબતર કરી નાખે છે ! મહારાજ ધામમાં સિધાવ્યા પછી તેરમાને દિવસે "સજની શ્રીજી મુજને....." એ કીર્તન જ્યારે ભાવવાહી સ્વરે સ્વામીએ સભામાં ગાયુ ત્યારે હજારો હરિભક્તો અને સંતોની આંખો અશ્રુભીની બની હતી. પોતાને પ્રભુનો વિરહ સહન નહિ થતાં સરોદો લઈને ગોપીનાથજી મહારાજ સમક્ષ બેસીને "ક્યારે હવે દેખું રે હરિ હસતાં" એ કીર્તનો ગાતા હતા ત્યારે મહારાજે મૂર્તિમાંથી પ્રત્યક્ષ દર્શન આપી હાર પહેરાવ્યો હતો.

મુક્તાનંદ સ્વામી, ગુણાતાતીનંદ સ્વામી વગેરે પરમહંસોની હાજરીમાં શ્રીજી મહારાજે કહ્યું હતું કે :-

"આજે આ પરમહંસોના દરબારમાં અમે પ્રેમાનંદને (નિજબોધાનંદને) પ્રવેશ કરાવીએ છીએ. આ "પ્રેમસખી" પ્રત્યક્ષનાં એટલે કે પ્રગટ પુરુષોત્તમના ગુણગાન ગાશે અને પ્રેમલક્ષણા ભક્તિનો પ્રચાર અને પ્રસાર કરશે."

ખુદ સહજાનંદ સ્વામીએ ઓરડાની ઓસરીએ આખી રાત ઉભા રહીને પ્રેમાનંદનાં કીર્તનો અને પદો સાંભળ્યા હતા. વહેલી સવારે પ્રેમાનંદે બારણા તરફ નજર કરી, ત્યારે તેઓ આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા ! અરે ! જેના મિલનના વિવિધ ભાવમાં સારીય રાત સૂરને વહેતો મૂક્યો હતો તે તો સાક્ષાત્ નજર સમક્ષ આવીને ઉભા છે !

સ્વામીએ વ્યાકુળ દશામાં મહારાજનાં ચરણ ગ્રહી લીધાંને પૂછ્યું :

"મહારાજ ! ક્યારના પધાર્યા છો ?"

"મધરાતથી ઊભા છીએ, પણ તમને ક્યાં ખ્યાલ જ છે? તમે તો શ્રીહરિની ભક્તિમાં રસ બસ (મસ્ત) હતા ને!"

ટૂંકમાં, પ્રેમાનંદ સ્વામીના ગ્રંથોમાં "ધ્યાનમંજરી", "શ્રીહરિચરિત્રામૃત", "નારાયણ ચરિત્ર", "વિવેકસાગર", "તુલસીવિવાહ", "ગોપીવિરહ" વગેરે મુખ્યછે. આ ઉપરાંત લગભગ ૧૪ હજાર પદો સ્વામીએ રચ્યાંછે.

ઈ.સ. ૧૮૫૫ એટલે કે વિક્રમસંવત ૧૯૧૧ ના કાર્તિકી અમાસના દિવસે ગઢડામાં પંચભૌતિક દેહનો ત્યાગ કરીને પ્રેમાનંદ સ્વામી અક્ષરધામસિધાવ્યા.

"પ્રેમાનંદ સ્વામીએ ગુજરાતી સાહિત્યની ભક્તિ-કવિતાને સુપેરે સમૃદ્ધ કરેલીછે." પ્રો. અનંતરાય રાવળનો આ અભિપ્રાય ખરેખર સાચોછે.

"A Poet is born not to made" અર્થાત્ કવિઓ બનાવી શકાતા નથી, એ તો જન્મથી જ હોયછે.



??? પ્રશ્નપેટી ???

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા. સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (સ્વામિનારાયણ મંદિર જેતલપુર)

પ્રશ્ન : ૧ સર્વે સાધન કરતાં મોટું સાધન ક્યું?

પ્રશ્ન : ૨ મોહને ઉદય થવાનું કારણ શું છે?

પ્રશ્ન : ૩ સર્વે પાપમાં અતિ મોટું પાપ ક્યું છે?

પ્રશ્ન : ૪ ઈન્દ્રિયો અને મન ક્યા સાધનોથી જીતાય છે?

પ્રશ્ન : ૫ ક્યા ગ્રંથ પોતાના સંપ્રદાયની પુષ્ટિ કરે છે?

પ્રશ્ન : ૬ ભગવાનનો અનન્ય ભક્ત કોને કહેવાય?

પ્રશ્ન : ૭ ભક્ત ઉપર ભગવાન ક્યારે રાજી થાય છે?

માર્ચ-૨૦૦૮ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને સાચા ઉત્તરો આપનારના નામ

(૧) જે શાસ્ત્રને વિશે શ્રી કૃષ્ણભગવાન તથા વરાહાદિક ભગવાનના અવતાર તેમનું યુક્તિએ કરીને ખંડન કર્યું હોય એવા જે શાસ્ત્ર તે ક્યારેય ન સાંભળવા અને ન માનવા (શિક્ષાપત્રી-૨૯). (૨) સ.ગુ. ભગવદાનંદ સ્વામી - કારીયાણી-૨. (૩) જોબનપગી. (૪) "સારંગપુરમાં અંતકાળે કોઈને યમદૂતો લેવા ન આવે." (૫) સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી. (૬) "જેણે ભેખ લીધો એમાં ભગવાન આવી મુક્યા ભેખ લીધો એ બધા ભગવાન. (૭) શ્લોક ૨૧૪, ૧૦૦૦ નામ ગ્રંથકર્તા શતાનંદ સ્વામી.

૧. અંજનબેન (નાંદોલ)
૨. સાકરબેન, કૈલાસબેન (નાંદોલ)
૩. કરશનભાઈ જોઈતારામ (કોઠાવાળા)
૪. પરમાર ભાનુબેન (બોડકા)
૫. નીતાબેન ભાવેશ ટાંક
૬. મંજુબેન - મોરસીયા (રતનપર)
૭. ચંદ્રિકાબેન, પ્રગતિબેન ટાંક (જીરાગઢ)
૮. મનાણી પુષ્પા
૯. અમરશીભાઈ (વિઠ્ઠલાપરા)
૧૦. પ્રફુલ્લાબહેન એસ. પટેલ (ઉવારસદ)
૧૧. બાઈઓનું સ્વામિનારાયણ મંદિર (મોખાસણ)
૧૨. હાર્દ, હેલી, કિરીટભાઈ પટેલ
૧૩. બી.પી. ભાવસાર (અમદાવાદ)
૧૪. પટેલ વિષ્ણુભાઈ જીવાભાઈ (સીતાપુર)
૧૫. ચોટલીયા પુષ્પા, મનીષ અને રંજન (ઘૂળકોટ)
૧૬. પરમાર ભાનુબેન ભગવાનજીભાઈ (બોડકા)
૧૭. સુભદ્રાબેન રમેશભાઈ (કનીપુર)
૧૮. દેવીબેન એસ. દબાસીયા (મીરઝાપર-કચ્છ)
૧૯. વિનોદભાઈ પટેલ (વહેલાલ)
૨૦. ભારતીબેન ગોરધનભાઈ વાઘેલા (જામસર)
૨૧. ભક્તિભાઈ ભોળાભાઈ પટેલ (રાણીપ)
૨૨. ગંગાબેન ભક્તિભાઈ (ઝુલાસણ)
૨૩. જ્યોત્સના રાજુભાઈ (આનંદપુરા)
૨૪. ઘનશ્યામભાઈ રાજુભાઈ (આનંદપુરા)
૨૫. રેખાબેન કીર્તિકુમાર (ઉંઝા)
૨૬. માધવજીભાઈ હરખજીભાઈ (આદ્રોજા)
૨૭. ભાવના કમલેશભાઈ (મોરબી)
૨૮. માણેકબેન મણીલાલ (દહેગામ)
૨૯. અમૃતલાલ કે. મોદી
૩૦. પટેલ ગોરધનભાઈ શંકરદાસ
૩૧. વર્ષાબેન અરવિંદભાઈ સોની
૩૨. અરવિંદાબેન, વીણાબેન, સુમતીબેન, દક્ષાબેન



સત્સંગ સમાચાર

અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રીહરિ પ્રાકટ્યોત્સવ ઉજવાયો.

શ્રીહરિ પ્રસ્થાપિત વિશ્વ પ્રસિદ્ધ સંપ્રદાયના સૌ પ્રથમશ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર ખાતે ચૈત્ર સુદ-૯ ને તા. ૧૪-૪-૨૦૦૮ના શુભ દિને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા મહંત સ્વામી નારાયણસ્વરૂપદાસજીની પ્રેરણાથી સમૈયાનું પરંપરાગત સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. પ્રાતઃ ૬-૩૦ થી ૭-૦૦ સુધી અક્ષરભુવનમાં બિરાજમાન બાલસ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ-અભિષેક પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે ષોડશોપચાર વિધિ પૂર્વક વેદ વિધિસર સંપન્ન થયો. શિકાગો વસતા પ.ભ. વસંતકુમાર ત્રિવેદી અને તેમના ચિ. અમિત અને રાજન તેમજ તેમના ધર્મપત્નિ દેવકાબેન અને પુત્રવધુ એ યજમાન બની અલૌકિક લાભ લઈ જીવન ધન્ય બનાવ્યું.

પ્રાસંગિક સભામાં શ્રીહરિના ત્રણે અપરસ્વરૂપોની આરતી શ્રી ઘનશ્યામમહારાજના પાટોત્સવના યજમાન પ.ભ. વસંતભાઈ ત્રિવેદી, શ્રી બિપીનભાઈ કવિ, રાજન ત્રિવેદી તેમજ સમૂહ મહાપૂજાના યજમાન પ.ભ. પ્રવેશભાઈ સોની અને પ.ભ. ડૉ. હર્ષદભાઈ ઝિંઝુવાડિયા આદિ સૌ હરિભક્તોએ આરતી ઉતારીને આશીર્વાદ મેળવ્યા. પૂ. મહંત સ્વામીની પ્રેરણા માર્ગદર્શનથી સભાનું સંચાલન શા. સ્વામી વિશ્વરુપદાસજીએ સુંદર રીતે સંભાળ્યુ હતું. છેલ્લે સમસ્ત સભાને પ.પૂ. મોટા મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. ત્યારબાદ ઠાકોરજીની શણગાર અને અન્નકૂટ આરતી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ ઉતારી હતી. પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સમૂહ હોમાત્મક મહાપૂજાની પ્રારંભ પૂજન-આરતી કરીને મહાપૂજાનો પ્રારંભ કરાવ્યો હતો. જેના મુખ્ય જમાન પ.ભ. અનિ. મણીલાલ લક્ષ્મીદાસ ભાલજા સત્સંગ મંડળના અનિ. પ.ભ. કસ્તુરચંદ પોપટલાલ ઝિંઝુવાડિયા પરિવાર વતી પ.ભ. ડૉ. હર્ષદભાઈ ઝિંઝુવાડિયા અને સહ યજમાન પ.ભ. પ્રવેશભાઈ સોની અને સમગ્ર રસોઈના યજમાન (સંત-હરિભક્તો સમસ્ત) પ.ભ. ઘનશ્યામભાઈ ભુલાભાઈ પટેલ (કનીપુર) હસ્તે સુપુત્ર પરાગકુમાર અને મૂર્તિના યજમાન પ.ભ. જયંતીભાઈ મુળજીભાઈ કા. પટેલ પરિવાર (બાલાસિનોર) રહ્યાં હતા.

કોઠારી શા. સ્વામી રામાનુજદાસજી, પૂ. શ્યામ સ્વામી, શાસ્ત્રી સ્વામી ધર્મકિશોરદાસજી, શા. વી.પી. સ્વામી, વિષ્ણુ સ્વામી, યોગી સ્વામી, છપૈયા સ્વામી, વિશ્વસ્વરૂપ સ્વામી આદિ સંત-મંડળની પ્રેરણાથી સમૂહ મહાપૂજામાં પાટલાની સંખ્યા ૩૦૧ થી પણ વધારે થઈ હતી. શ્રી નરનારાયણદેવના શુભ સાનિધ્યમાં આખો ચોક મંડપથી સુશોભિત અને દિવ્ય લાગતો હતો. મહાપૂજા વિધિ શ્રી રાજુભાઈ એ વિધિવત રીતે કરાવી હતી. અનેક હરિભક્તોએ સજોડે લાભ લીધો હતો. સવારના ૯ થી બપોરના ૨ વાગ્યા સુધી મહાપૂજા વિધિ ચાલી હતી. પૂર્ણાહુતિનું શ્રીફળ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ હોમીને મહાપૂજાની પૂર્ણાહુતિ કરી હતી. ત્યારબાદ પ્રસાદીના સભા મંડપમાં બપોરના ૧ થી ૭ સુધી શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન્ય યોજવામાં આવી હતી. જેમાં જયદેવપુરાના સંત-મંડળે ધૂન્યની રમઝટ બોલાવી હતી. ઈષ્ટદેવનો પ્રાકટ્યોત્સવ હોય અને તેમનું અલૌકિક નામ-સ્મરણ સતત ગુંજતુ હોય ત્યારે યુવક આબાલ વૃદ્ધ સૌ કોઈ તેમાં જોડાઈને તન્મય બની જતા હતા. સંધ્યા આરતીનો ઘંટનાદ થતા મહામંત્ર ધૂન્ય પૂર્ણ થઈ હતી.

રાત્રે ૮-૦૦ કલાકે પ્રસાદીના દિવ્ય સભા મંડપમાં કોઠારી શા. રામાનુજદાસજી અને શાસ્ત્રી ધર્મકિશોરદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી કીર્તન-ભક્તિના કાર્યક્રમમાં સુપ્રસિધ્ધ કલાકારો શ્રી દિનેશ વધાસીયા, શ્રી જયેશભાઈ સોની આદિ કલાકારોએ નંદ સંતો રચિત કીર્તનો સુંદર રાગમાં ગાઈને તથા શ્રી ધવલ સોનીએ પ્રસંગને અનુરૂપ પોતાની છટાદાર શૈલીમાં લોકભાષામાં પ્રસંગને વર્ણવ્યો હતો. પ.પૂ. મોટા મહારાજશ્રીએ

દરેક કલાકારોનું સન્માન કરી આશીર્વાદ આપ્યા હતા. છેલ્લે પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે રાત્રે ૧૦-૧૦ આપણા ઈષ્ટદેવ સર્વોપરિ શ્રી બાલ સ્વરૂપ શ્રી ઘનશ્યામમહારાજના પ્રાકટ્યોત્સવની આરતી ધામધૂમથી થઈ હતી. હજારો ભક્તજનોએ આ દિવ્ય અને અલૌકિક પ્રસંગના દર્શન કરીને જીવનને ધન્ય બનાવ્યું હતું.

મહંત સ્વામી અને કોઠારી સ્વામીની પ્રેરણાથી સમૈયા પ્રસંગે દર્શને પધારેલા ભક્તોને અસહ્ય ગરમીમાં ઠંડક મળે તે માટે છાસની સુંદર સેવા શ્રી ધ્રુવ બિપીનભાઈ કવિ (શિકાગો) તરફથી કરવામાં આવી હતી. ધન્ય છે સેવાભાવી હરિભક્તોને. આ પ્રસંગમાં શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, તેમજ બાપુનગર એપ્રોચ મંદિરના મહંત સ્વામી લક્ષ્મણજીવનદાસજીની પ્રેરણાથી પ.ભ. ધીરૂભાઈ સોરઠીયા, દાસભાઈ આદિ ઘણા હરિભક્તો તેમજ ચાંદખેડા જનતા નગર યુવક મંડળ, મેમનગર, મેઘાણીનગર, મહાદેવનગર, રાણીપ, જીવરાજપાર્ક અને કાંકરિયા આદિ યુવક મંડળની સેવા પ્રેરણારૂપ હતી. પૂજાપાની સેવા શ્રી ચંદ્રકાંતભાઈએ કરી હતી. અન્ય સેવામાં પ્રકાશ ભગત, અલ્પેશ ભગત હાર્દિક ભગત, ઘનશ્યામભગત, શ્રી ભીખાભાઈ અને રવિ પટેલ આદિ કોઠાર સ્ટાફની સેવાને પણ ભૂલાય તેમન હતી. આમ આ રીતે રામનવમીનો સમૈયો ભવ્યાતિ ભવ્ય ઉજવાયો. *(શા. ધર્મકિશોરદાસજી)*

પ.પૂ. મોટા મહારાજશ્રીનો ૬૪ મો પ્રાકટ્યોત્સવ

સર્વોપરિશ્રી સ્વામિનારાયણ ભગવાન પ્રસ્થાપિત શ્રી નરનારાયણદેવ પીઠના ૬ઠ્ઠા નિવૃત આચાર્ય મહારાજ પ.પૂ. શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો ૬૪ મો પ્રાકટ્યોત્સવ ચૈત્ર વદ-૩ ત્રીજ તા. ૨૩-૪-૨૦૦૮ બધુવારના રોજ સાદગી પૂર્ણ રીતે ઉજવાયો.

પ્રસાદીના સભા મંડપમાં અમદાવાદ મંદિર સ્કીમકમિટીના સભ્યો અને અગ્રગણ્ય હરિભક્તોએ પ.પૂ. મોટા મહારાજશ્રીની આરતી ઉતારીને આશીર્વાદ મેળવ્યા હતા. ત્યારબાદ, પ.પૂ. મોટા મહારાજશ્રીની ઈચ્છા આજ્ઞા મુજબ ફક્ત સર્વોપરિ ઈષ્ટદેવની કીર્તન ભક્તિ કરીને ઉત્સવ ઉજવવો. જેથી સંપ્રદાયના પ્રસિદ્ધ કલાકારો શ્રી હસમુખભાઈ પાટડીયા અને શ્રી જયેશભાઈ સોનીએ હૃદય હચમચી જાય તેવું સાંપ્રદાયિક ઢાળમાં પ.પૂ. મોટા મહારાજશ્રીનું સ્વ રચિત પદ ગાયું હતું. સંપ્રદાયમાં પ.પૂ. મોટા મહારાજશ્રીની અલૌકિક પ્રતિભા અને સાક્ષાત્ શ્રીહરિના જ અપર સ્વરૂપના અપાર ગુણોનું વર્ણન કરતું કીર્તન એ ખરેખર જીવ માત્રને કલ્યાણ અને મોક્ષ અપાવે તેવું હતું. છેલ્લે પ.પૂ. મોટા મહારાજશ્રીએ આશીર્વાદ આપતા શ્રી નરનારાયણદેવની કૃપાથી પોતાના દિવ્ય સંકલ્પ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ નિર્માણની પ્રવૃતિની વાત કરી હતી. છેલ્લે સંત-હરિભક્તોએ ચરણ સ્પર્શ દર્શન કરી શણગાર આરતીના દર્શન કરીને સભા પૂર્ણ થઈ હતી. આજના શુભ દિને સભા સંચાલન યુવાન શાસ્ત્રી ધર્મકિશોરદાસજીને શોભાવ્યુ હતું. કોઠારી સ્વામી રામાનુજદાસજી, વી.પી. સ્વામી અને વિષ્ણુ સ્વામીની પ્રેરણાથી સંત-હરિભક્તોની સેવા પ્રસંશનીય હતી. *(રવિ પટેલ)*

શ્રી સ્વામિનારાયણ મંદિર ઘાટલોડીયા

શ્રીનરનારાયણદેવ તાબાના ઘાટલોડીયા શ્રી સ્વામિનારાયણ મંદિર નિર્માણ પહેલા પ.પૂ.ધ.ધુ. આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા અને કૃપાથી નિષ્ઠાવાન હરિભક્તો દ્વારા સતત ૭ વર્ષ જ્ઞાન જ્યોત સ્કુલમાં દર એકાદશીના સત્સંગ સભાનું આયોજન થતું. સભામાં જે હરિભક્તો આવતા તે તમામ નિયમ, નિશ્ચય અને પક્ષના હિમાયતી હતા. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને વર્તમાન પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની કૃપા-આશીર્વાદથી અને હરિભક્તોના મક્કમ મનોબળથી અહીં સુંદર ભવ્ય હરિમંદિરનું નિર્માણ થયું. અને સં. ૨૦૬૩ ના ફાગણ સુદ-૧૦ ના શુભ દિને પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે મૂર્તિ પ્રતિષ્ઠા ધામધૂમથી સંપન્ન થઈ. પ.પૂ. મોટા મહારાજશ્રીનો અત્રે મંદિર નિર્માણનો સંકલ્પ પરિપૂર્ણ થયો. મંદિર નિર્માણ થતા શ્રી નરનારાયણદેવના અનન્ય નિષ્ઠાવાળા હરિભક્તોની વૃદ્ધિ થઈ.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી શ્રી નરનારાયણદેવ યુવક મંડળ તા. ૧-૪-૦૭ થી દર શનિવારે રાત્રે ૯ થી ૧૧ સુધી સભાનું આયોજન કરે છે. જેમાં ધૂન કીર્તન અને શાસ્ત્રોનું વાચન થાય છે.

સેવામાં પણ અગ્રેસર છે. અમદાવાદ મંદિરના મોટા દરેક ઉત્સવોમાં યુવક મંડળ સેવામાં લાગી જાય છે. હરિભક્તો સાથે મળી આપણા નાના મોટા ગામોના મંદિરોની તીર્થયાત્રાનું આયોજન કરી જે તે તીર્થોનો મહિમા માહાત્મ્ય નવા આશ્રિતોને સમજાવે છે. વ્યસન મુક્તિની ઝુંબેશથી ઘણા યુવકો વ્યસન મુક્ત થયા.

હમણા આપણા પ.પૂ. મોટા મહારાજશ્રીના જમાઈરાજ પૂ. શ્રી પ્રફુલકુમારના અક્ષરવાસ નિમિત્તે તા. ૬-૪-૦૮ ના રોજ ૬

કલાક અખંડ મહામંત્ર ધૂન્ય કરી હતી. શ્રી નરનારાયણદેવ યુવક મંડળ દ્વારા હવે પછીના કાર્યક્રમોમાં દર શનિવારે ઘર સભા યોજવામાં આવશે. સર્વોપરિ નરનારાયણદેવ ગાદીના નિષ્ઠાવાન હરિભક્તોની નેમ છે કે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞામાં વર્તીને વિશેષને વિશેષ સત્સંગની પ્રવૃતિ કરવી તેવી શ્રીહરિના ચરણોમાં પ્રાર્થના.

(શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, ઘાટલોડીયા)

પૂજ્ય શ્રી પ્રફુલકુમાર આર. દ્વિવેદી સાહેબના અક્ષરવાસ નિમિત્તે આપણા દરેક મંદિરોમાં થયેલી ધૂન

પ.પૂ. મોટા મહારાજશ્રીના જમાઈરાજ પૂ. શ્રી પ્રફુલકુમાર આર. દ્વિવેદી સાહેબના અચાનક અક્ષરવાસથી પ.પૂ. મોટા મહારાજશ્રીના ધર્મકુળ પરિવાર તેમજ શ્રી દ્વિવેદી સાહેબના પરિવાર સાથે સમગ્ર સત્સંગને પણ ઉંડો આઘાત અને દુઃખ લાગ્યું છે. આવા દુઃખદ પ્રસંગે ઈષ્ટદેવનું સ્મરણ આપણા દરેક મંદિરોમાં થાય તેવું અમદાવાદ મંદિરના મહંત સ્વામીએ સૂચન કર્યું હતું જેથી શ્રી નરનારાયણદેવ તાબાના અમદાવાદ, મૂળી અને ભુજ (કચ્છ)ના દરેક નાના મોટા મંદિરોમાં શ્રી સ્વામિનારાયણ મહામંત્રની અખંડ ધૂન કરવામાં આવી હતી. એપ્રોચ બાપુનગર મંદિરમાં પણ ત્યાંના મહંત સ્વામીની પ્રેરણાથી તા. ૩૧-૩-૦૮ થી તા. ૯-૪-૦૮ પર્યન્ત ૧ કલાક રોજ ધૂન્ય કરવામાં આવી હતી.

આમ દરેક મંદિરમાં પૂ. શ્રી પ્રફુલકુમારના અક્ષરવાસ નિમિત્તે શ્રીહરિની મહા મંત્ર ધૂન્ય કરીને સંત-હરિભક્તોએ ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પી હતી.

(ગોરધનભાઈ વી. સીતાપરા)

નવા વાડજ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં દશાબ્દી મહોત્સવ ઉજવાયો

નવા વાડજ આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અત્રે મંદિર જીર્ણોદ્ધારને ૧૦ વર્ષ પૂર્ણ થતા દશાબ્દી મહોત્સવ ઉજવવામાં આવેલ. જેમાં હરિભક્તો દ્વારા દશ મંદિરોની પદયાત્રા, કાલુપુર, ગાંધીનગર, જેતલપુર, વાસણા નારણપુરા, નારાયણઘાટ, કાંકરિયા, જમીયતપુરા, એપ્રોચ અને કોટેશ્વર મંદિર અને ૧૦ અલગ-અલગ વિસ્તારોમાં સંત-હરિભક્તો દ્વારા સભા યોજવામાં આવી હતી. તેમજ મહાપૂજા, વચનામૃત પારાયણ, ભક્ત ચિંતામણી પારાયણ, શિક્ષાપત્રીના ૧૦૦૦ પાઠ અને ૧૦ કલાકની અખંડ ધૂન કરવામાં આવી હતી. સાથે દંડવત-પ્રદિક્ષણા વગેરે કર્યા હતા. તા. ૬-૪-૦૮ થી ૧૦-૪-૦૮ પર્યન્ત સત્સંગિજીવન પારાયણ તથા હરિયાગનું આયોજન થયું હતું. વક્તાપદે શા.સ્વા. રામકૃષ્ણદાસજી (કોટેશ્વર ગુરુકુળ) રહ્યાં હતા. હજારો હરિભક્તોએ કથા શ્રવણ કર્યું હતું. આ પ્રસંગે રોજે રોજ અંદાજે ૫૦ જેટલા આપણા સંતોએ પ્રેરક વાણીનો લાભ આપેલ. પાટોત્સવ અને હરિયાગના મુખ્ય યજમાન અનિ. પ.ભ. કેશવજીભાઈ નાનજીભાઈ ચૌહાણ પરિવાર તેમજ હરિયાગના સહ યજમાન પ.ભ. વાલજીભાઈ કાનજીભાઈ પોરીયા, રસોઈના મુખ્ય યજમાન પ.ભ. ભીખાભાઈ પરમાર, પ.ભ. સોમાભાઈ પટેલ, પ.ભ. હીરજીભાઈ, અનિ. નરસીભાઈ પટેલ પરિવાર અને દૈનિક પ્રસાદી અનિ. મનજીભાઈ પટેલ પરિવાર અને સંતોના પૂજનમાં શ્રી ભરતભાઈ પટેલ અને શ્રી પંકજભાઈ ભાવસાર રહ્યાં હતા. આ પ્રસંગમાં યજમાનો અને શુભેચ્છક મળી ૧૫૦ હરિભક્તો સેવામાં સહભાગી બન્યા હતા. ચૈત્ર સુદ-૫ ને તા. ૧૦-૪-૦૮ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે હરિયાગની પૂર્ણાહુતિ બાદ મંદિરમાં ઠાકોરજીની પાટોત્સવ, અન્નકૂટની આરતી ઉતારવામાં આવી હતી. ત્યારબાદ કથાની પૂર્ણાહુતિની આરતી ઉતારવામાં આવી હતી. છેલ્લે સમસ્ત સભાને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. હજારો હરિભક્તોએ દર્શન કરીને મહા પ્રસાદ લીધો હતો. કોટેશ્વરના નાના પી.પી. સ્વામીના માર્ગદર્શનથી આયોજન થયું હતું.

(શ્રીનરનારાયણદેવ યુવક મંડળ, નવાવાડજ)

ઘનસુરા શ્રી સ્વામિનારાયણ મંદિર

પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા અ.નિ.બ્ર. મુનિસ્વામીની દિવ્ય પ્રેરણાથી અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ઠાકોરજીનો ૧૬ મો પાટોત્સવ ચૈત્ર સુદ-પના રોજ ધામધૂમથી ઉજવ્યો હતો. પાટોત્સવ પ્રસંગે શાસ્ત્રી છપૈયાપ્રસાદદાસે મહાપૂજા વિધિ કરાવી હતી.

(સોમાભાઈ પટેલ)

ભુંડીયા (જી. ગાંધીનગર) ગામે સત્સંગ સભા

અત્રે ભુંડીયા (ધરમપુર) ગામે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી જમીયતપુરા થી શા. ઘનશ્યામપ્રકાશદાસજી (માણસા મહંત) અને સંત મંડળે તા. ૬-૪-૦૮ ના રોજ સત્સંગ સભામાં ભગવાન શ્રી સ્વામિનારાયણનું મહિમા માહાત્મય અને ધર્મકુળનો મહિમા

દ્રષ્ટાંત સાથે સમજાવ્યું હતું. માણસાથી પી.પી. સ્વામી અને ગવૈયા ચંદ્રપ્રકાશ સ્વામીએ કીર્તન-ભક્તિ કરીને હરિભક્તોને રાજી કર્યા હતા. ઘણા સમય બાદ ગામના હરિભક્તોને સંતોની કથાનો લાભ મળતા સૌ લાગણી સભર બન્યા હતા.

(શા. વિજયપ્રકાશદાસ)

શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણપુરા

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહાારજશ્રીની આજ્ઞાથી અત્રે નારણપુરા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સર્વોપરિ શ્રી ઘનશ્યામમહારાજનો ૧૪ મો પાટોત્સવ તા. ૧૬-૨-૦૮ના રોજ મહંત શા. સ્વામી શ્રીજીપ્રકાશદાસજીની પ્રેરણાથી અનિ.પ.ભ. ઈન્દ્રવદનભાઈ મણીલાલ શાહ પરિવાર તરફથી ધામધૂમથી સંપન્ન થયો. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે સર્વોપરિ શ્રી ઘનશ્યામમહરાજનો પાટોત્સવ અભિષેક અને અન્નકૂટ આરતી ધામધૂમથી હતી. પ્રાસંગિક સભામાં પાટોત્સવના યજમાન અ.નિ. ઈન્દ્રવદનભાઈ શાહના પુત્રોએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આરતી ઉતારીને આશીર્વાદ મેળવ્યા હતા. શાકોત્સવમાં નવયુવાન હરિભક્તો શરદકુમાર ગોવિંદભાઈ ખીમજીભાઈ પટેલ તથા ધર્મેશકુમાર વાસુદેવભાઈ લવજીભાઈ પટેલ સંયુક્ત રીતે માંગણી કરીને યજમાન બન્યા હતા. જેથી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ તેમના પર ખૂબજ રાજી થઈ આશીર્વાદ આપ્યા હતા.

આ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીની પ્રેરણાથી શ્રીમદ્ ભાગવત કથાનું આયોજન કરવામાં આવેલ. જેના વક્તા પદે શાસ્ત્રી સ્વામી શ્રીજીપ્રકાશદાસજી એ બિરાજીને અલૌકિક લાભ આપેલ. અત્રે પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી દરેક ઉત્સવો ધામધૂમથી ઉજવાય છે. હરિભક્તો પણ મોટી સંખ્યામાં લાભ લે છે.

(પૂજારી સ્વા. સ્વયંપ્રકાશદાસ)

શ્રી સ્વામિનારાયણ મંદિર જયપુર (રાજસ્થાન)

જયપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સત્સંગી યાત્રિકો માટે ઉતારાની અદ્યતન સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે.
દર્શનાર્થી હરિભક્તોને લાભ લેવા અનુરોધ છે.

શ્રી સ્વામિનારાયણ મંદિર જયપુર,
ચાંદપોલ બજાર, દિનાનાથની ગલી.
ફોન : (૦૧૪૧) ૨૩૨૦૬૯૮.

કલોલી શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પાટોત્સવ ઉજવાયો

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી જેતલપુરધામમાં બિરાજમાન શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજના સાનિધ્યમાં આવેલ કલોલી ગામના શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ફાગણ સુદ-૩ ના પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીને પંચામૃત અભિષેક, મહાપૂજા, આરતી અને હરિભક્તો દ્વારા બનાવેલ અન્નકૂટ ધરાવવામાં આવેલ. ત્યારબાદ બપોરના હોમાત્મક યજ્ઞનું આયોજન કરવામાં આવેલ. પાટોત્સવના યજમાન અ.નિ.પ.ભ. પોપટલાલ લાલજીભાઈ ઠક્કર પરિવારે લાભ લીધો હતો. આ પ્રસંગે જેતલપુરથી હરિઓમસ્વામી, કે.પી. સ્વામી, શોકલીથી રઘુવીર સ્વામી અને માતરથી ઘનશ્યામસ્વામી આદિ સંતોએ કથા વાર્તામાં શ્રી નરનારાયણદેવ ગાદીનું મહિમા માહાત્મ્ય સાથે નિયમ, નિશ્ચય અને પક્ષ દ્રઢ રાખવા ખાસ ભલામણ કરી હતી.

(વાડીલાલ ચંદુલાલ ઠક્કર)

શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલય જેતલપુરધામ પ્રવેશ માહિતી

આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી દ્વારા સંસ્થાપિત તેમજ શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી સંચાલિત શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલયમાં નવાસત્રથી પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ માર્કસીટ ઝેરોક્ષ-૧ ફોટો-૧ ડૉકટરી મેડીકલ રિપોર્ટ ફોર્મ સાથે જોડી તા. ૨૫-૫-૦૮ સુધીમાં નીચેના સરનામે મોકલી આપવું.

પ્રવેશ યોગ્યતા સરકાર માન્ય શાળા દ્વારા ધો-૭ પાસ અથવા સરકાર માન્ય કોઈપણ પાઠશાળામાં પાસ કરેલ કોઈપણ કક્ષાનો વિદ્યાર્થી પ્રવેશને યોગ્ય ગણાશે.

નોંધ : તા. ૧-૬-૦૮ રવિવારના રોજ સવારે ૯-૦૦ કલાકે લેવામાં આવનાર ઈન્ટરવ્યુમાં પાસ થનાર વિદ્યાર્થીઓને જ પ્રવેશ આપવામાં આવશે.

ફોર્મ મેળવવાનું સ્થળ
શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ.
ફોર્મ પ્રાપ્તિ તથા ઈન્ટરવ્યુ સ્થળ
સંચાલકશ્રી,
શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલય
તા. દશક્રોઈ, જી. અમદાવાદ. મુ જેતલપુરધામ
ફોન : (૦૨૭૧૮) ૨૮૨૫૦૦, ૨૩૩૯૬૦

મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

ખોલડીયાદ ગામે યોજાયેલ ભાગવત પારાયણ

મૂળી શ્રી રાધાકૃષ્ણદેવ તાબાના સ.ગુ. આધારાનંદ સ્વામીના પૂર્વાશ્રમના ખોલડીયાદ (જી. સુરેન્દ્રનગર) ગામે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી મૂળીના અનિ. સ.ગુ. સ્વામી માધવજીવનદાસજી (માધદા સ્વામી) ના સ્મરણાર્થે તા. ૨૬-૩-૦૮ થી તા. ૧-૪-૦૮ પર્યન્ત શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ સ.ગુ. સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી તથા સ.ગુ. સ્વામી હરિસ્વરૂપદાસજીની પ્રેરણાથી ખોલડીયાદના પ.ભ. રામજીભાઈ ગોહિલ પરિવાર તેમજ સમસ્ત ગામ તરફથી યોજવામાં આવી હતી. જેના વક્તાપદે જમીયતપુરાના શાસ્ત્રી સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજી (માણસા મહંતશ્રી)એ તેમની લાક્ષણિક શૈલીમાં કથા કરીને ઝાલાવાડના હજારો ભાવિક ભક્તોને કથા રસમાં તરબોળ કર્યા હતા. આ પ્રસંગે પ.પૂ. મોટા મહારાજશ્રી પધાર્યા હતા અને પ્રાસંગિક સભામાં આશીર્વાદ આપતા અનિ. માધદા સ્વામીના જુના સંસ્મરણો યાદ કર્યા ત્યારે સમસ્ત ખોલડીયાદ ગામ મંત્ર મુગ્ધ બની ગયુ હતું. આવા શ્રીહરિના સાક્ષાત્ અપર સ્વરૂપ પ.પૂ. મોટા મહારાજશ્રી નાનામાં નાના સંતને પણ કેવા લાગણી ભર્યા, સ્નેહ ભર્યા ભાવથી યાદ કરે છે. ત્યારે સમસ્ત સંપ્રદાયને ગર્વ થાય કે અમને આવા સાક્ષાત્ પરમાત્મા સ્વરૂપે મહારાજ મળ્યા છે. જે અમારા ધન્ય ભાગ્ય છે. આ પ્રસંગમાં અયોધ્યાથી મહંત દેવ સ્વામી, મૂળીથી જે.પી. સ્વામી, અનુ સ્વામી, શ્રીપ્રકાશ સ્વામી, ચંદુ ભગત વગેરેની સેવા પ્રસંશનીય હતી. સભા સંચાલન પા. ભરત ભગતે સંભાળ્યું હતું.

(જયેશ દલવાડી, મૂળી)

વિદેશ સત્સંગ સમાચાર

કોલોનિયા શ્રી સ્વામિનારાયણ મંદિર

આપણા કોલોનિયા (અમેરિકા) શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી શ્રી નરનારાયણદેવ જયંતી ફુલડોલ ઉત્સવ પ્રસંગે ચેરિહીલ, પારસીપેની, ન્યુયોર્ક વગેરે શહેરોમાંથી સેંકડો હરિભક્તો દર્શનાર્થે પધાર્યા હતા. મહંત શા. સ્વામી વ્રજનંદનદાસ અને શા. હરિવલ્લભદાસ આદિ સંતોએ ફૂલડોલ ઉત્સવ અને શ્રી નરનારાયણદેવ જયંતીનું માહાત્મ્ય દ્રષ્ટાંત સાથે સમજાવ્યું હતું. યજમાન પરિવારો અને મહેમાન હરિભક્તોનું સ્વામીએ પુષ્પહાર કરી સન્માન કર્યું હતું. ત્યારબાદ હોળીનું પૂજન અને હરિભક્તોએ સમૂહમાં જનમંગલ પાઠ આદિ કર્યા હતા. છેલ્લે ઠાકોરજીને થાળ-આરતી કરી સૌને પ્રસાદ આપવામાં આવેલ.

કોલોનિયા મંદિરમાં અ.નિ.પૂ.શ્રી પ્રફુલકુમારને ભાવભીની શ્રદ્ધાંજલિ

અત્રે કોલોનિયા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ૨૯-૩-૦૮ ને શનિવારના સાંજે ૫ થી ૮ દરમ્યાન પ.પૂ. મોટા મહારાજશ્રીના જમાઈરાજ પૂ. શ્રી પ્રફુલકુમારના અક્ષરવાસ નિમિત્તે શ્રદ્ધાંજલિ સભા યોજવામાં આવી હતી. જેમાં હજારો હરિભક્તો ઉસ્થિત રહ્યાં હતા. કોલોનિયા મંદિરના મહંત શા. સ્વા. સિધ્ધેશ્વર-દાસજીએ પૂ. શ્રી પ્રફુલકુમારને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પતા જણાવ્યું કે તેમના અક્ષરવાસથી ધર્મકુળ પરિવાર અને શ્રી દ્વિવેદી સાહેબના પરિવાર ઉપર મોટું દુઃખ આવી પડ્યું છે. શ્રી નરનારાયણદેવ દેશ સત્સંગમાં પણ ઘેરા શોકનું વાતાવરણ છવાઈ ગયું છે. સર્વોપરિ શ્રીહરિ તેમને હંમેશા તેમની નિજ સેવામાં રાખે અને આપણને સૌને પણ આવા કપરા સમયે મહારાજ બળ આપે અને આપણા દરેક મંદિરોમાં આ નિમિત્તે શ્રી સ્વામિનારાયણ ભગવાનની ધૂન ભજન વિશેષ કરવા સ્વામીએ સૂચન કર્યું હતું. છેલ્લે સૌએ સાથે મળી જનમંગલના પાઠ કર્યા હતા. છેલ્લે શ્રીહરિના ચરણોમાં પ્રાર્થના કરતા કહ્યું કે પૂ. બિન્દુરાજા, શ્રી સુવ્રતકુમાર અને સૌમ્યકુમારને તેમના દાદા સર્વોપરિ શ્રીહરિ ધૈર્ય અને બળ પ્રેરે તેવી પ્રાર્થના સાથે સભા વિરામ પામી હતી.

(પ્રવિણભાઈ શાહ)

શ્રી પૂર્વ આફ્રિકા સત્સંગ સ્વામિનારાયણ મંદિર નાઇરોબી

આપણા શ્રી પૂર્વ આફ્રિકા સત્સંગ સ્વામિનારાયણ મંદિર નાઈરોબી ખાતે શ્રી નરનારાયણદેવ ગાદીના પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીની શુભ આજ્ઞાથી બાળ યુવતી (મહિલા) શિબિરનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ વિષયો ઉપર સંવાદ કરવામાં આવેલ. સ્લાઈડ શો દ્વારા સત્સંગમાં સેવા કરવા માટે શરમ રાખ્યા વગર પ્રવૃતિ કરવી તેમજ આપણી વર્તણુંક બાબતે ખાસ સમજણ પુરી પાડી હતી. જેમાં હસ્મિતાબેન રાબડીયા, કાંતાબેન ભંડેરી આદિ બહેનોએ બહેનોના જીવન આદર્શ બનાવવા શાસ્ત્રો અને અનુભવના આધારે સુંદર સમજણ પુરી પાડી હતી. દરેક વ્યક્તિ માટે ૧૫ થી ૨૫ વર્ષનો જીવનકાળ એ ખૂબજ નિર્ણાયક હોય છે. આ સમય દરમ્યાન જો જીવન જીવવાની સાચી દિશા પ્રાપ્ત ન થાય તો કુસંગ, કુટેવ અને ગાફલાઈના કારણે થતા દોષોથી બચવા સત્સંગની

ખાસ અનિવાર્યતા છે.

ખાસ તો મારે જીવનમાં શું મેળવવાનું છે ? મારો જન્મ શા માટે છે ? આ લક્ષ્ય પકડાય અને યુવાનીના આરંભમાં જ આધ્યાત્મિક જીવનનો પાયો દ્રઢ બને તો તે અનેકનો આદર્શ બની શકે. પરંતુ આવા બનવા માટે યુવતીઓએ પોતાના કૌટુંબિક જીવન, કોલેજીયન જીવન, સામાજિક જીવન અને આધ્યાત્મિક જીવનમાં કેવી કેવી કાળજી લેવી જોઈએ તે સમજાવ્યું હતું. જીવનને આદર્શ બનાવવા માટે જે કાંઈ પ્રયાસો કરવા જોઈએ તે વિષયો ઉપર દ્રષ્ટાંત સાથે સમજાવવામાં આવેલ. આ શિબિરમાં અંદાજે ૭૦૦ જેટલી યુવતીઓએ ભાગ લીધો હતો.

શિબિરનું આયોજન શ્રી પુ.આ.સ. સ્વા. મંદિરના યુવતી મંડળના સક્રિય કાર્યકર શ્રી હસ્મિતાબેન રાબડીયાએ કર્યું હતું.

(કાંતાબેન રાધવાણી અને તેજુબેન પિંડોરીયા)

વોશિંગ્ટન ડી.સી. (I.S.S.O. ચેપ્ટર)

તા. ૧૬ માર્ચના રવિવારે સાંજના ૩-૩૦ થી ૮-૦૦ સતત ૪॥ કલાક સર્વના પાર્ક કોમ્યુનીટી હોલમાં સત્સંગ સભાનું સુંદર આયોજન થયું હતું. જેમાં "આજ મારે ઓરડે" પદથી પ્રારંભ થયો હતો. ત્યારબાદ નંદસંતોના કીર્તનોના પદ ગવાયા હતા. આપણા ચેરિહીલ મંદિરથી પ.ભ. રૂષિભાઈ સાથે આવેલા શા. સ્વામી વિશ્વપ્રકાશદાસે સર્વોપરિ શ્રી નરનારાયણદેવનું માહાત્મ્ય વિવિધ દ્રષ્ટાંત સાથે સમજાવ્યું હતું. અને છેલ્લે વોશિંગ્ટનમાં આપણું મંદિર વહેલું નિર્માણ થાય તે માટે સંતોએ શ્રી નરનારાયણદેવ અને શ્રી રેવતી બળદેવજી મહારાજના ચરણોમાં પ્રાર્થના કરીશું તેમ જણાવ્યું હતું. છેલ્લે વચનામૃત (૨૭૩) અમૃતપાન, થાળ, આરતી, ઠાકોરજી સમક્ષ સમૂહમાં થયા હતા. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની કૃપાથી સત્સંગ ઉત્તરોત્તર વધતો જાય છે.

(કનુભાઈ પટેલ)

શ્રી સ્વામિનારાયણ માસિક ભેટ યોજના

૧૦૧-૦૦ શ્રી મુકતાબેન બચુલાલ પરમાર શ્રીજી પ્રસન્નાર્થે	ધૂળકોટ વિલેપાર્લા
૧૦૧-૦૦ શ્રી જગદીશ બચુલાલ પરમાર શ્રીજી પ્રસન્નાર્થે	ધૂળકોટ નાઈરોબી
૧૦૧-૦૦ શ્રી ભરત બચુલાલ પરમાર શ્રીજી પ્રસન્નાર્થે	ધૂળકોટ વિલેપાર્લા
૧૦૧-૦૦ શ્રી કીર્તિકુમાર બચુલાલ પરમાર શ્રીજી પ્રસન્નાર્થે	યુ.એસ.એ.
૧૦૧-૦૦ શ્રી મહેન્દ્રકુમાર બચુલાલ પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે	ધૂળકોટ નાઈરોબી
૧૦૧-૦૦ શ્રી દિલીપ બચુલાલ પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે	ધૂળકોટ વિલેપાર્લા
૧૦૧-૦૦ શ્રી ઘનશ્યામજગદીશ પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે	ધૂળકોટ નાઈરોબી
૧૦૧-૦૦ શ્રી જય કીર્તિકુમાર પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે	ધૂળકોટ યુ.એસ.એ.
૧૦૧-૦૦ શ્રી હાર્દિક દિલીપકુમાર પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે	ધૂળકોટ વિલેપાર્લા
૧૦૦-૦૦ શ્રી જેઠીબેન સોમાભાઈ ગોદડ નવા મકાનમાં રહેવા ગયા તે નિમિત્તે	ઊંઝા
૧૦૧-૦૦ શ્રી કૌશિક, દિપીકા, જીજ્ઞેશ મિસ્ત્રી શ્રીજી પ્રસન્નાર્થે	માણેકપુર (ભીરારોડ)
૨૫૧-૦૦ શ્રી અંજનાબેન શ્રીજી પ્રસન્નાર્થે	રતનપર
૧૦૧-૦૦ શ્રી જીતેનકુમાર પરસોતમભાઈ ધો-૧૨માં ૮૨ ટકાએ પાસ થયા તે નિમિત્તે	ગોઠીબ
૧૦૧-૦૦ શ્રી રમણભાઈ જેઠાભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	ગોઠીબ
૧૦૫-૦૦ શ્રી શકરાભાઈ શીવાભાઈ પટેલ ચિ. ઘનશ્યામકુમારને પી.એસ.આઈ.માં જોબ મળી તે નિમિત્તે	ખેરોલ
૧૧૧-૦૦ શ્રી રમેશભાઈ અંબાલાલ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	વહેલાલ
૧૦૧-૦૦ શ્રી વિષ્ણુભાઈ કેશવલાલ પટેલ નવી ફલોર ફેકટરી કરી તે નિમિત્તે	વહેલાલ
૧૦૧-૦૦ શ્રી દક્ષાબેન વિષ્ણુભાઈ પટેલ પગાર વધ્યો તે નિમિત્તે	કરજીસણ
૧૦૧-૦૦ શ્રી દિપીકાબેન માણકેલાલ પટેલ અમેરિકા ગયા તે નિમિત્તે	વડસર
૧૦૧-૦૦ શ્રી બળદેવભાઈ નારણભાઈ પટેલ ૭૫ માં જન્મદિન નિમિત્તે	વિરમગામ
૧૫૧-૦૦ શ્રી હંસાબેન ઉપેન્દ્રભાઈ સોની એકસીડન્ટમાં શ્રીજી મહારાજે રક્ષા કરી તે નિમિત્તે	(જીરાગઢ) કાંદીવલી
૨૦૧-૦૦ શ્રી વ્રજેનકુમાર ભરતભાઈ મારવી નવા ફલેટમાં રહેવા ગયા તે નિમિત્તે	સુરત
૧૦૨-૦૦ શ્રી તુષારભાઈ નટુભાઈ પટેલ લગ્ન પ્રસંગે અને ઓસ્ટ્રેલીયાના વિઝા મળ્યા તે નિમિત્તે	કુકડીયા
૧૦૦-૦૦ ડો. બી.એમ. ભાવસાર તેમના પુત્રને ફિજીયોથેરાપીમાં એડમીશન નિમિત્તે	કોઠંબા
૧૦૦-૦૦ શ્રી રાયજીભાઈ નાથાભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	

૧૦૦-૦૦ શ્રી ચિમનલાલ એમ. કાછીયા શ્રીજી પ્રસન્નાર્થે	મુંબઈ
૨૦૧-૦૦ શ્રી નરેશકુમાર જેશંગભાઈ પટેલ ચિ. તીર્થ અને તેજ ની સાકર તુલા નિમિત્તે	ધનસુરા
૧૦૧-૦૦ શ્રી શંકરભાઈ મણીભાઈ પટેલ નવું એકટીવા લીધું તે નિમિત્તે	અસલાલી
૧૦૦-૦૦ શ્રી કાંતિભાઈ લાલજીભાઈ પટેલ મકાન નવું લીધું તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી ઈશ્વરલાલ અંબાલાલ ભાવસાર નિવૃતિ નિમિત્તે	મોટપ
૧૦૧-૦૦ શ્રી રાધવજીભાઈ લધુભાઈ ટાંક ચિ. નીતાના લગ્ન પ્રસંગે	ધૂળકોટ
૧૦૧-૦૦ યશ હરેશભાઈ વરૂ શ્રીજી પ્રસન્નાર્થે	જીરાગઢ
૧૦૧-૦૦ શ્રી દામજીભાઈ રવજીભાઈ વરૂ ચિ. પરેશના લગ્ન પ્રસંગે	(જીરાગઢ) રાજકોટ
૧૦૧-૦૦ શ્રી પ્રભુલાલ કાનજીભાઈ વેગડ ચિ. જયેશના લગ્ન પ્રસંગે	(જીરાગઢ) રાજકોટ
૧૦૧-૦૦ શ્રી પાર્વતીબેન વિરજીભાઈ રાઠોડ બ્લોક લીધો તે નિમિત્તે	મુંબઈ
૧૦૧-૦૦ શ્રી નરેન્દ્રભાઈ હેમરાજભાઈ વાઘેલા લગ્ન પ્રસંગે	જામસર
૧૦૧-૦૦ શ્રી અશોકકુમાર રાઘવજીભાઈ સાપરીયા લગ્ન પ્રસંગે	(ધૂળકોટ) સુરત
૧૦૦-૦૦ શ્રી ભૂપેન્દ્ર દામોદરદાસ પોતદાર પૌત્રના જન્મ નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી જીગર હરગોવિંદભાઈ મોદી લગ્ન નિમિત્તે	ગાંધીનગર
૧૦૧-૦૦ રીયા ધર્મેશ વંડરા શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૨૫૧-૦૦ શ્રી ધર્મેન્દ્ર રમેશભાઈ પટેલ પુત્ર જન્મ પ્રસંગે	દેઉસણાવાળા (અમેરિકા)
૧૧૧-૦૦ શ્રી ધર્મેશ દિનેશભાઈ ભાવસાર લગ્ન પ્રસંગે	અમદાવાદ
૧૦૧-૦૦ લતા અરૂણકુમાર અંધારીયા નવો ફલેટ લીધો તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી અખિલેશકુમાર અમરશીભાઈ મનાણી શ્રીજી પ્રસન્નાર્થે	જીરાગઢ
૧૦૨-૦૦ શ્રી કાંતિલાલ મોહનભાઈ પરમાર ચિ. પુષ્પાબેનના લગ્ન પ્રસંગે	ગોધરા
૧૦૧-૦૦ શ્રી મનોજકુમાર મગનભાઈ ચિ. દક્ષાબેનના લગ્ન પ્રસંગે	(બોડકા) સુરત
૧૦૧-૦૦ શ્રી નરસીરામ ઉકાજી ચૌધરી મકાન લીધું તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી ગોવિંદભાઈ જીવણભાઈ મોદી ચિ. શિતલના લગ્ન પ્રસંગે	ચાણસ્મા
૧૦૧-૦૦ શ્રી સુમિત કાંતિભાઈ નરોત્તમદાસ ચિ. હર્ષના જન્મદિન નિમિત્તે	(મોટપ) સુરત
૨૦૧-૦૦ શ્રી મણીભાઈ દલસુખભાઈ પટેલ જન્મ દિન નિમિત્તે	કરજીસણ (અમેરિકા)
૨૦૦-૦૦ શ્રી રાજ કૃષ્ણકાંત પટેલ ચિ. મેધાના જન્મ દિન નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી કેવલ અરજીતભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	ઉવારસદ
૧૦૧-૦૦ શ્રી જયંતકુમાર ભીખાભાઈ પ્રજાપતિ શ્રીજી પ્રસન્નાર્થે	ચાંદખેડા
૧૦૧-૦૦ શ્રી અનસુયાબેન મણીલાલ ગજજર લગ્ન પ્રસંગે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી પ્રભુદાસ માણેકલાલ ભાવસાર ઓપરેશન સફળ થયું તે નિમિત્તે	ઘોડાસર
૧૦૫-૦૦ શ્રી ભીખાભાઈ મોહનલાલ રાજપરા ચિ. ઈન્દ્રવદન અમેરિકન સીટીઝન થયા તે નિમિત્તે	ઈટાદરા
૧૫૧-૦૦ શ્રી લાલભાઈ શંકરભાઈ પટેલના પુત્ર શ્રી રાજેન્દ્રભાઈના ચિ. પુત્રી શ્વેતલના શુભ લગ્ન પ્રસંગે	ધમાસણાવાળા
૧૦૧-૦૦ શ્રી પ્રાર્થના રાજીવ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૦૦૧-૦૦ અનિ. સાં. સીતાબા તથા ગૌરીબા હા. કંચનબા સર્વોપરિ છપૈયા ધામની યાત્રા નિમિત્તે	ધ્રાંગધ્રા (બાઈઓનું મંદિર)
૧૦૦-૦૦ તીર્થ મુકેશભાઈ પટેલ જન્મ દિન નિમિત્તે	ડાંગરવાવાળા
૧૦૧-૦૦ શ્રી કુમુદચંદ્ર જગન્નાથ ઉપાધ્યાય ચિ. કૃપલબેનના લગ્ન નિમિત્તે	અમદાવાદ
૧૧૧૧-૦૦ શ્રી દેવેન્દ્રકુમાર રમેશભાઈ પટેલ સ્ટુડન્ટ વિઝા મળ્યા તે નિમિત્તે	આનંદપુરા
૧૦૫-૦૦ શ્રી જિજ્ઞેશભાઈ નારણભાઈ પટેલ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે	લાલોડા
૧૦૧-૦૦ શ્રી મહેશભાઈ ઘનશ્યામભાઈ વંડરા લગ્ન પ્રસંગે	આંબા
૧૦૧-૦૦ શ્રી ગીરીશભાઈ જગાભાઈ મોરી શ્રીજી પ્રસન્નાર્થે	કાલીયાણા
૧૦૧-૦૦ શ્રી બળદેવભાઈ પુરૂષોત્તમદાસ ચિ. અમિત તથા પુત્રવધુ અમિષાને ઓસ્ટ્રેલીયાના વિઝા મળ્યા તે નિમિત્તે	રાણીપ
૧૦૧-૦૦ કા. કલ્પેશકુમાર મોહનલાલ નવી મારૂતિ લાવ્યા તે નિમિત્તે	કોઠંબા
૧૫૧-૦૦ શ્રી રાજેશકુમાર કાંતિલાલ પટેલ શ્રી નરનારાયણદેવના પાટોત્સવ નિમિત્તે	શાહીબાગ
૧૦૧-૦૦ શ્રી રાકેશકુમાર બળદેવભાઈ પટેલ દાદાશ્રીની પુણ્ય તિથિ નિમિત્તે	સઈજ
૧૦૧-૦૦ શ્રી કુમુચંદ્ર જગન્નાથ ઉપાધ્યાય શ્રી નરનારાયણદેવના પાટોત્સવ નિમિત્તે	અમદાવાદ

૧૦૦-૦૦ શ્રી જલ્પાબેન હિતેશકુમાર કરમલીયા ઓસ્ટ્રેલીયા ગયા તે નિમિત્તે	હડમતીયા-મોરબી
૧૦૦-૦૦ કોઠારી અરવિંદભાઈ અમીન નવી ટ્રાવેરા લાવ્યા તે નિમિત્તે	દહેગામ
૧૦૧-૦૦ શ્રી નરેન્દ્રસિંહ ભીખુભાઈ રથવી શુભ લગ્ન પ્રસંગે	લટુડાવાળા અમદાવાદ
૧૦૦-૦૦ શ્રી બટુકભાઈ માવજીભાઈ પ્રજાપતિ શ્રી નરનારાયણદેવના પાટોત્સવ નિમિત્તે	બાવળા
૧૦૧-૦૦ શ્રી રમેશચંદ્ર શાંતિલાલ ભાવસાર ચિ. જિજ્ઞેશના લગ્ન પ્રસંગે	ચાંદલોડીયા
૧૦૧-૦૦ શ્રી કેતન જીતેન્દ્રભાઈ વડોદરીયા શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૦૦-૦૦ શ્રી રાજેન્દ્ર હિરાલાલ બ્રહ્મભટ્ટ નવું મકાન લીધું તે નિમિત્તે	બોરલ
૧૦૧-૦૦ શ્રી હર્ષદભાઈ શાંતિલાલ કાછીયા શ્રી નરનારાયણદેવના પાટોત્સ પ્રંસગે	બાલાસિનોર
૧૦૧-૦૦ શ્રી સુધીરભાઈ શાંતિભાઈ કાછીયા શ્રીજી પ્રસન્નાર્થે	બાલાસિનોર
૧૦૦-૦૦ શ્રી અમૃતલાલ મગનલાલ મોદી શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૦૦-૦૦ શ્રી અંકિતભાઈ મહેન્દ્રભાઈ ભક્તિભાઈ શ્રીજી પ્રસન્નાર્થે	વડુવાળા
૧૦૧-૦૦ શ્રી હેમલતાબેન મગનલાલ પુરૂષોત્તમ ચૌહાણ ચિ. લલીતના લગ્ન પ્રસંગે	(જામસર) નવસારી
૧૦૧-૦૦ શ્રી મુક્તાબેન વેલજીભાઈ રાઠોડ ચિ. વંદનાબેનના લગ્ન પ્રસંગે	(જીરાગઢ) સુરત
૧૦૧-૦૦ શ્રી કાંતાબેન કેશવજી વરૂ ચિ. ભાવનાબેનના લગ્ન પ્રસંગે	(જીરાગઢ) સુરત
૧૦૧-૦૦ શ્રી દર્શન નિલેશભાઈ દયાળજીભાઈ ટાંક શ્રી નરનારાયણદેવના પાટોત્સવ નિમિત્તે	(જીરાગઢ) સુરત
૧૦૧-૦૦ શ્રી કા. પટેલ મોહનલાલ ઓચ્છવલાલ નવી મારૂતિ ગાડી લાવ્યા તે નિમિત્તે	કોઠંબા
૧૦૧-૦૦ શ્રી મધુબેન છનાભાઈ પટેલ પુત્રના લગ્ન પ્રસંગે	આનંદપુરા
૧૦૧-૦૦ શ્રી હરિકૃષ્ણ કોદરલાલ નવા બાંધકામ નિમિત્તે	રાબડીયા
૧૧૧-૦૦ શ્રી ભક્તિભાઈ પુંજલદાસ ચિ. જિગ્નેશ-મીનાને ત્યાં સિધ્ધિના જન્મ પ્રસંગે	દેઉસણાવાળા રાણીપ
૧૦૧-૦૦ શ્રી રમાબેન મનહરભાઈ પટેલ નવી દુકાન લીધી તે નિમિત્તે	બાયડ
૧૦૧-૦૦ શ્રી ગૌરાંગ પંડ્યા જન્મદિન નિમિત્તે	કાંકરિયા
૧૦૧-૦૦ જયનગર ગોપી મંડળ શ્રી નરનારાયણદેવના પાટોત્સવ નિમિત્તે	કાંકરિયા સ્વા. મંદિર
૧૦૧-૦૦ શ્રી નિહારીકા અશોકભાઈ પટેલ જન્મ દિન નિમિત્તે	કાંકરિયા
૧૦૧-૦૦ શ્રી ચંદ્રિકાબેન પાટોત્સવ પ્રસંગે	કાંકરિયા
૧૦૧-૦૦ શ્રી રસિકભાઈ શંકરદાસ પટેલ પાટોત્સવ નિમિત્તે	મોખાસણ
૧૦૦-૦૦ શ્રી ધીમંત સેવંતીલાલ ભાવસાર શ્રીજી પ્રસન્નાર્થે	નવાવાડજ
૧૫૦-૦૦ શ્રી સેવંતીલાલ ચુનીલાલ ભાવસાર શ્રીજી પ્રસન્નાર્થે	નવાવાડજ
૧૦૦-૦૦ શ્રી કેશવલાલ જેઠાલાલ પટેલ અમેરિકાના વિઝા મળ્યા તે નિમિત્તે	ભાઉપુરા
૧૦૦-૦૦ શ્રી બાબુભાઈ સાંકાભાઈ પટેલ મહા શિવરાત્રીના અક્ષરવાસ નિમિત્તે	રામપુરા
૧૦૧-૦૦ શ્રી જીવરાજભાઈ અરજણભાઈ શ્રીજી પ્રસન્નાર્થે	
૧૦૦-૦૦ વૃંદા મહેન્દ્રભાઈ ઠક્કર ધો.-૧૨ની પરીક્ષા નિમિત્તે	અમદાવાદ
૧૦૦-૦૦ વત્સલ મહેન્દ્રભાઈ ઠક્કર ધો.-૭ ની પરીક્ષા નિમિત્તે	અમદાવાદ
૫૦૦-૦૦ શ્રી કેતન મફતભાઈ ઈશ્વરભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	ચાંદખેડા (ઉનાવા)
૨૦૫-૦૦ શ્રી ભગવાનજી ધનજી ટ્રેકટર લાવ્યા તે નિમિત્તે	બોડકા (હાલાર)
૧૨૧-૦૦ શ્રી રાજેન્દ્રભાઈ રતીલાલ પટેલ તેમના માતુશ્રી વિદ્યાબાની તૃતીય પુણ્ય તિથિ નિમિત્તે	સોલા
૧૨૧-૦૦ શ્રી રીટાબેના પટેલ ચિ. હર્ષલના જન્મ દિન પ્રસંગે	સોલા
૨૫૧-૦૦ શ્રી છોટાભાઈ શામળભાઈ નારણભાઈ પટેલ ગાડી લાવ્યા તે નિમિત્તે	પોર
૫૦૦-૦૦ શ્રી લાલભાઈ ભગાભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	ઝુંડાલ
૧૦૦-૦૦ અ.નિ. મૃદુલાબેન સતીષચંદ્ર પટેલ પુણ્યતિથિ નિમિત્તે	હાંસોલ
૧૦૦-૦૦ અ.નિ. ઉષાબેન દશરથભાઈ પટેલ	અસલાલીવાળા
૧૦૦-૦૦ શ્રી રામભાઈ સોમાભાઈ પટેલ પરઢોલવાળા	
૧૧૧-૦૦ શ્રી અનીલકુમાર ઘનશ્યામભાઈ કાછીયા ચિ. ઉત્કર્ષની બાબરી નિમિત્તે	લુણાવાડા
૧૦૧-૦૦ શ્રી પાયલબેન ભક્તિભાઈ ડાહ્યાલાલ પટેલ લગ્ન પ્રસંગે	વડુ
૧૦૧-૦૦ શ્રી દર્શિલ અશોકભાઈ ચોટલીયા જન્મદિન નિમિત્તે	અમદાવાદ
૨૦૦૧-૦૦ શ્રી મેહુલભાઈ દિનેશભાઈ શિરોયા શ્રીજી પ્રસન્નાર્થે	બાપુનગર

૧૦૧-૦૦ શ્રી ડિમ્પલ કનુભાઈ પટેલ જન્મ દિન નિમિત્તે	અમેરીકા
૧૦૧-૦૦ શ્રી કુશલ ડિમ્પલ પટેલ જન્મ દિન નિમિત્તે	અમેરિકા
૧૦૧-૦૦ શ્રી સાવિત્રીબેન મનુભાઈ ભાવસાર પાટોત્સવ નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી સુરેશભાઈ અંબાલાલ પટેલ નવું મકાન ખરીદ્યું તે નિમિત્તે	સોજા
૧૦૧-૦૦ શ્રી દિશાંતકુમાર જગદીશભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	નરોડા
૧૦૧-૦૦ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ જેતલપુર પૂનમની પદયાત્રા નિમિત્તે	સોજા
૧૦૦-૦૦ શ્રી રમેશચંદ્ર વિરચંદ પારેખ નવી મારૂતિ લાવ્યા તે નિમિત્તે	
૧૧૧-૦૦ શ્રી ઈલાબેન હસમુખભાઈ પટેલ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી પ્રિયલકુમાર રણછોડભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	ઉનાવા
૧૦૧-૦૦ શ્રી જીતેન્દ્રકુમાર વલ્લભભાઈ પટેલ અલ્ટો ગાડી લાવ્યા તે નિમિત્તે	રાયણીયા
૨૦૧-૦૦ શ્રી અશોકભાઈ જામુભા ચિ. પ્રદિપ તથા વિજયના લગ્ન પ્રસંગે	ગોધાવી
૧૦૧-૦૦ શ્રી વલ્લભભાઈ ખેમાભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	વસઈ ટીંબા
૧૦૧-૦૦ શ્રી વાલજી મુરજી રાઠોડ શ્રીજી પ્રસન્નાર્થે	અંધેરી (જીરાગઢ)
૧૦૧-૦૦ શ્રી દયારામકુંવરજી ટાંક ચિ. વિરેન્દ્રના લગ્ન પ્રસંગે	અંધેરી (જીરાગઢ)
૧૦૧-૦૦ શ્રી મનસુખ ગોવિંદ ચોટલીયા ચિ. મીતાના લગ્ન પ્રસંગે	મુલુન્ડ (માણેકપુર)
૧૦૧-૦૦ શ્રી રમાબેન બાબુભાઈ ટાંક શ્રીજી પ્રસન્નાર્થે	મીરારોડ (મુંબઈ)
૫૦૧-૦૦ શ્રી દિનુભાઈ મગનભાઈ પટેલ નવી બોલેરો ગાડીને એક વર્ષ પુરુ થયું તે નિમિત્તે	વલસાડ
૧૦૧-૦૦ શ્રી હિતેશ મગનભાઈ ગાંગાણી શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી નટવરભાઈ પરસોતમભાઈ ચૌહાણ નવું મશીન લાવ્યા તે નિમિત્તે	બારડોલી
૧૦૧-૦૦ શ્રી જેશંગભાઈ લાધુભાઈ ભાલૈયાના સ્મરણાર્થે	બુબાણા
૧૦૫-૦૦ શ્રી કેશવલાલ શંકરદાસ નવું મકાન લીધું તે નિમિત્તે	લાંધણજ
૧૦૨-૦૦ ભવ્ય અને ધરા જીજ્ઞેશકુમાર જન્મ દિન નિમિત્તે	દહેગામ
૧૨૫-૦૦ શ્રી આનંદબા ઘનશ્યામસિંહ વાઘેલા શ્રીજી પ્રસન્નાર્થે	ગોધાવી
૧૦૧-૦૦ શ્રી રેવાબેન રણછોડભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	સુકાટીંબા
૧૦૦-૦૦ શ્રી પુષ્પાબેન અમૃતલાલ મકવાણા ફુલદોલોત્સવ પ્રસંગે	પૂના
૧૦૦-૦૦ શ્રી બળદેવભાઈ શંકરદાસ પટેલ જગદીશ, દક્ષા અને મિતને કેનેડાના વિઝા મળ્યા તે નિમિત્તે	આનંદપુરા
૧૦૧-૦૦ શ્રી રમણીકભાઈ રામજીભાઈ ચોટલીયા શ્રીજી પ્રસન્નાર્થે	જીરાગઢ
૨૦૧-૦૦ શ્રી દક્ષાબેન ચંદુભાઈ ચૌહાણ શુભ લગ્ન પ્રસંગે	સુરત
૧૦૧-૦૦ શ્રી કનુભાઈ મુલચંદદાસ પટેલ ચિ. પ્રકાશભાઈના લગ્ન પ્રસંગે	આનંદપુરા
૧૦૧-૦૦ શ્રી કૈલાશબેન વિષ્ણુભાઈ પટેલ ચિ. અલ્પેશના લગ્ન પ્રસંગે	આનંદપુરા
૧૦૧-૦૦ શ્રી માધવસિંહ ખુમાનસિંહ ચૌહાણ લગ્ન પ્રસંગે	ટાંકીયા
૧૦૦-૦૦ શ્રી ગોપાલભાઈ સોમનાથભાઈ સુથાર શ્રીજી પ્રસન્નાર્થે	કડી
૧૦૧-૦૦ શ્રી મનોરમાબેન પિયુષભાઈ પટેલ શ્રી નરનારાયણદેવના પાટોત્સવ પ્રસંગે	સુકાટીંબા
૧૦૧-૦૦ શ્રી રાજેશભાઈ વિષ્ણુભાઈ શંકરદાસ પટેલ પ્રથમ વર્ષ બી. ફાર્મમાં ફર્સ્ટ ક્લાસ નિમિત્તે	મારૂસણા
૧૦૧-૦૦ શ્રી ગીરીશકુમાર ગોવિંદભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	પરઢોલ
૫૦૦-૦૦ શ્રી ગુણવંતરાય નાગરદાસ પટેલ બી.ટી. કપાસ સારો થયો તે નિમિત્તે	બાન્ટાઈ
૧૫૧-૦૦ શ્રી ભીખાભાઈ કનુભાઈ મોરી શ્રીજી પ્રસન્નાર્થે	ડેડીયાસણ
૧૦૦-૦૦ શ્રી રાજવિરસિંહ મહિપતસિંહ વાઘેલા સરકારી નોકરી મળી તે નિમિત્તે	ગોધાવી
૧૦૧-૦૦ શ્રી વિજુભાઈ લક્ષ્મણભાઈ ચૌહાણ ટાટા સુમો ગાડી લાવ્યા તે નિમિત્તે	વસઈટીંબા
૧૦૧-૦૦ શ્રી હસમુખભાઈ ત્રિકમલાલ સોની શ્રીજી પ્રસન્નાર્થે	વડોદરા
૧૦૧-૦૦ શ્રી અરવિંદભાઈ જાદવજીભાઈ ચોકસી શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી વિજય કાંતિલાલ ટાંક ચિ. કિષ્ણાના જન્મ નિમિત્તે	
૧૦૧-૦૦ શ્રી અમિતભાઈ રતીલાલ ચૌહાણ ધર્મકુળના આશીર્વાદથી પુત્ર જન્મ પ્રસંગે	જામસર
૧૦૧-૦૦ શ્રી વિશાલ ઘનશ્યામભાઈ પટેલ ફાર્મસીમાં ફર્સ્ટ ક્લાસ પાસ થયા તે નિમિત્તે	વડુવાળા
૧૦૧-૦૦ શ્રી નારણભાઈ ચિ. પારૂલના ભાણાના જન્મ પ્રસંગે	

૧૫૧-૦૦ શ્રી મહેશ્વરીબેન નરેન્દ્રકુમાર બાબુલાલ લગ્ન પ્રસંગે	બાલાસિનોર
૫૦૧-૦૦ શ્રી ઠાકરસીભાઈ કરશનભાઈ પટેલ ભારતયાત્રા નિમિત્તે	લંડન
૧૦૧-૦૦ શ્રી રાજેશકુમાર કરશનભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	વલસાડ
૧૦૧-૦૦ એક હરિભક્ત શ્રીજી પ્રસન્નાર્થે	વલસાડ
૧૦૧-૦૦ શ્રી નિત્યા ઉપેન્દ્રભાઈ પટેલ ધો.-૧૨ માં સારા અભ્યાસાર્થે	કુંડાલ
૧૦૧-૦૦ શ્રી નરસીભાઈ ધનજીભાઈ પરમાર શ્રીજી પ્રસન્નાર્થે	બોડકા
૧૫૧-૦૦ શ્રી ભગવતીબેન જયંતીલાલ પરસોતમ મનાણી ચિ. સુપુત્ર સંદિપના લગ્ન પ્રસંગે	વાપી
૧૫૧-૦૦ શ્રી મંજુલાબેન કાંતિલાલ પરસોતમરાઠોડ ચિ. મનિષાના લગ્ન પ્રસંગે	સુરત
૧૫૧-૦૦ શ્રી ગીતાબેન ધીરજલાલ પ્રજાપતિ નવી દુકાન લીધી તે નિમિત્તે	જોરાવરનગર
૧૦૧-૦૦ શ્રી નિકુંજકુમાર રમેશભાઈ પોંકિયા લંડનના વિઝા મળ્યા તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ અનિ. માણેકલાલ મણીલાલ ત્રિવેદી શ્રીજી પ્રસન્નાર્થે	વિહાર
૧૦૧-૦૦ શ્રી પ્રતિકભાઈ વિષ્ણુભાઈ પટેલ નવું કોમ્પ્યુટર લાવ્યા તે નિમિત્તે	વિહાર
૨૫૧-૦૦ શ્રી નરેન્દ્રભાઈ ડાહ્યાભાઈ રાણપરા નવા ફલેટના વાસ્તુ પૂજન નિમિત્તે	પુના
૧૦૦-૦૦ શ્રી અમૃતલાલ મગનલાલ મોદી શ્રીજી પ્રસન્નાર્થે	સેટેલાઈટ
૫૦૧-૦૦ શ્રી કલાબેન નરેન્દ્રભાઈ પટેલ તેમના પુત્રના લગ્ન પ્રસંગે	કનીપુર
૧૦૧-૦૦ શ્રી ધનીબેન શીવાભાઈ પટેલ ઓપરેશન સફળ થયું તે નિમિત્તે	જુનાઝીંઝવા
૧૦૧-૦૦ શ્રી અવનીબેન ભાવિનકુમાર સોની ઓસ્ટ્રેલીયા ગયા તે નિમિત્તે	મહેસાણા
૧૦૧-૦૦ શ્રી દિવ્યાંગકુમાર રસિકલાલ દરજી નવી ગાડી લાવ્યા તે નિમિત્તે	કોઠંબા
૧૦૧-૦૦ શ્રી ભૂમિકાબેન ગોવિંદલાલ કાછીયા શ્રીજી પ્રસન્નાર્થે	કોઠંબા
૨૦૦-૦૦ શ્રી વરસંગભાઈ ડાહ્યાભાઈ વણોલ શ્રીજી પ્રસન્નાર્થે	ગુંદીયાળા
૪૩૦-૦૦ શ્રી ધનજી એમ. વરસાણી શ્રીજી પ્રસન્નાર્થે	સીડની ઓસ્ટ્રેલીયા
૧૦૦-૦૦ શ્રી આનંદબા રૂદ્રદત્ત સિંહજી જાડેજાને ત્યાં પુત્ર જન્મ પ્રસંગે	અંબાળા
૧૦૧-૦૦ શ્રી રશ્મિકાંતભાઈ ઈશ્વરભાઈ પટેલ ચિ. હિતેન અમેરિકા સિલેકટ થયા તે નિમિત્તે	કુહા
૧૦૦-૦૦ શ્રી બિપીનભાઈ ભીખાભાઈ પટેલ ચિ. જૈવિકની જન્મતિથિ નિમિત્તે	કુહા
૧૦૦-૦૦ શ્રી ધ્રુવિત સંદિપકુમાર શાહ નવી રિક્ષા લાવ્યા તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી પદમાબેન દિલીપભાઈ ભાવસાર નવું મકાન કરાવ્યું તે નિમિત્તે	અમદાવાદ
૧૫૧-૦૦ શ્રી નરનારાયણ ટીમ્બર માર્ટ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી ધીરેન જસવંતલાલ ભાવસાર દુકાન લીધી તે નિમિત્તે	અમદાવાદ
૧૦૦-૦૦ શ્રી શંકરલાલ ઈશ્વરલાલ પંચાલ તેજલબેનના ભાણાના જન્મ પ્રસંગે	તલોદ
૧૦૦-૦૦ શ્રી જયેશ શાંતિલાલ ટાંક નવું બાઈક લીધું તે નિમિત્તે	જીરાગઢ
૧૧૧-૦૦ શ્રી રવજીભાઈ રતીલાલભાઈ પટેલ ચિ. શૈલેષને બેંકમાં નોકરી મળી તે નિમિત્તે	સરલા
૧૫૧-૦૦ શ્રી ગૌરાંગભાઈના પરિવાર તરફથી શ્રીહરિ જયંતી નિમિત્તે	અમદાવાદ
૧૫૧-૦૦ શ્રી રામભાઈ હરિભાઈ મોરી ચિ. કલ્પેશભાઈને ત્યાં પુત્ર જન્મ પ્રસંગે	કાલીયાણા
૧૦૧-૦૦ શ્રી હર્ષિલ તૃપલકુમાર પટેલ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે	વહેલાલ
૧૦૧-૦૦ શ્રી વિરેન્દ્રકુમાર ડાહ્યાભાઈ પટેલ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે	ડેમાઈ
૧૦૧-૦૦ શ્રી ડિમ્પલબેન પીનાકિનભાઈ પટેલ નવું મકાન ખરીદ્યું તે નિમિત્તે	ડેમાઈ
૧૦૧-૦૦ શ્રી રમેશભાઈ પરસોતમદાસ પટેલ જીતુભાઈને કીડની દાન કર્યું તે નિમિત્તે	સોજાવાળા
૧૦૧-૦૦ શ્રી ગોવિંદભાઈ અંબાલાલ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	વડુવાળા
૧૦૦-૦૦ શ્રી અરવિંદભાઈ ભલાભાઈ નવું એકટીવા લીધું તે નિમિત્તે	દહેગામ
૨૦૧-૦૦ શ્રી અશ્વિનભાઈ ભીખાભાઈ સરધારા નવું મકાન અને નવી ગાડી લીધી તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી હિતેન્દ્રસિંહ રામાજી ડાભી ચિ. ભાણી અંજના બેનના લગ્ન પ્રસંગે	ડાંગરવા
૨૦૧-૦૦ શ્રી અનુજ વિનોદકુમાર ડાહ્યાભાઈ પટેલ સ્કુલમાં બેસાડ્યો તે નિમિત્તે	રાણીપ
૨૦૨-૦૦ શ્રી સુરેશભાઈ મનસુખભાઈ ચૌહાણ પુત્રીના જન્મઅને નવું મકાન લીધું તે નિમિત્તે	(ધૂળકોટવાળા) રાજકોટ
૧૦૧-૦૦ નવદિપસિંહ કૌશિકભાઈ ચાવડા જન્મદિન નિમિત્તે	બળોલ (ભાલવાળા)

અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઇ આપનારની ગાદી

મહા સુદ-૪ પ.ભ. નાથાલાલ અંબાલાલ પટેલ, વિહારવાળા. **મહા સુદ-૫** પ.ભ. માધવભાઈ કરસનભાઈ પટેલ, હિંમતનગર ● પ.ભ. ઈશ્વરભાઈ પટેલ (અમેરિકા), માણેકપુર. **મહા સુદ-૬** પ.ભ. સૌમ્યકુમાર તથા પ.ભ. સુવ્રતકુમારના જન્મદિન નિમિત્તે (હ. પૂ. બિન્દુરાજા) ● પ.ભ. ઋતુલ ગીરીશભાઈ પટેલ (યુ.કે.). **મહા સુદ-૭** પ.ભ. કાનજીભાઈ ચતુરદાસ પટેલ, ભગવાનપુરા-કલોલ. **મહા સુદ-૧૩** પ.ભ. રજનીભાઈ પટેલ, જન્મ દિન નિમિત્તે (હ. સંદિપભાઈ વોરા), બેંગકોક. **મહા સુદ-૧૪** પ.ભ. નાથાલાલ સોમદાસ પટેલ, કરજીસણ.

મહા વદ-૧ પ.ભ. અમૃતભાઈ નરસિંહભાઈ પટેલ (વિમલ પ્લાસ્ટ), જોષીપુરા ● અનિ. પ.ભ. ઠક્કર ઘનશ્યામભાઈ મુળજીભાઈ દૂધવાળા (હ. શૈલેષભાઈ ઠક્કર). **મહા વદ-૨** પ.ભ. ઘનશ્યામભાઈ શિવાભાઈ પટેલ, ખંડેરાવપુરા ● પ.ભ. જયંતિલાલ ચિમનલાલ ભાવસાર. **મહા વદ-૪** પ.ભ. ચંદ્રકાંત અરવિંદકુમાર પટેલ, મોખાસણ. **મહા વદ-૧૨** પ.ભ. વિનુભાઈ પ્રાગજીભાઈ પટેલ, શીંગાળા ● પ.ભ. નિરલ રમેશભાઈ મફતલાલ મોદી.

ફાગણ સુદ-૨ અનિ. પ.ભ. નટવરલાલ શંકરલાલ પટેલ (હ. ભરતભાઈ, રમેશભાઈ મારફતીયા). **ફાગણ સુદ-૩** પ.ભ. ઘનશ્યામભાઈ કાંતિભાઈ પટેલ ● પ.ભ. ક્રિસ રોનકભાઈ પટેલ, માલેજ ● પ.ભ. દિશલ હરેશભાઈ જેસાણી.

ફાગણ વદ-૧ પ.ભ. રામભાઈ પ્રફુલભાઈ પટેલ, કલોલ ● શ્રી નરનારાયણદેવ ઉત્સવ મંડળ (હ. હરેશભાઈ સેવંતીભાઈ, ગાંધીનગર). **ફાગણ વદ-૨** શ્રી ઘનશ્યામમહિલા મંહિલ મંડળ, મુંબઈ ● પ.ભ. રમેશભાઈ રણછોડલાલ મારફતીયા. **ફાગણ વદ-૫** અનિ. પ.ભ. મહેન્દ્રપ્રસાદજી રાધારમણપ્રસાદજી મહારાજના નિમિત્તે. **ફાગણ વદ-૮** પ.ભ. કૌશિકભાઈ આર. પટેલ. **ફાગણ વદ-૧૦** પ.ભ. ભાઈલાલભાઈ રામદાસ પટેલ, દેત્રોજ (હ. વિજયપ્રકાશ સ્વામી) **ફાગણ વદ-૧૨** અનિ.પ.ભ. તેજેન્દ્ર ચિમનભાઈ પટેલ, ટેલીફોનવાળા. **ફાગણ વદ-૩૦** પ.ભ. કુરજીભાઈ દેવરાજભાઈ વેકરીયા, લંડન ● અનિ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરગોવિંદદાસજીની ત્રયોદશા નિમિત્તે (હ. ગુરુપ્રસાદ સ્વામી, કાંકરીયા)

અક્ષરનિવાસી સંત-હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ

મરતોલી : પ.ભ. બેચરભાઈ રામદાસ પટેલ તા. ૧-૩-૦૮ ના રોજ શ્રીજી મહારાજનું સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

નવા વાડજ અમદાવાદ : પ.ભ. રમણલાલ હરગોવનદાસ ભાવસાર (લાકરોડાવાળા) શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા તા. ૧૯-૪-૦૮ના રોજ અક્ષરનિવાસી થયા છે.

જીરાગઢ (હાલાર) : પ.ભ. મગનભાઈ લાલજીભાઈ રાઠોડ, (વર્ષ ૭૦) તા. ૧૭-૪-૨૦૦૮ ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

મેડા (અમદાવાદ) : સર્વોપરિશ્રી નરનારાયણદેવ ગાદીના અનન્ય નિષ્ઠાવાન અને ખાખરીયા ઝાલાવાડી સમાજના ગૌરવ સમા શિરમોર વડીલ અને પ.ભ. ઓધવજીભાઈ પટેલના પિતાશ્રી પ.ભ. જાદવજીભાઈ સુંદરજીભાઈ પટેલ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા તા. ૨૮-૪-૨૦૦૮ના રોજ અક્ષરનિવાસી થયા છે.

કણભા (વિજાપુર) : સર્વોપરિશ્રી નરનારાયણદેવ ગાદીના અનન્ય નિષ્ઠાવાન યુવાન પ.ભ. જયેશભાઈ પ્રહલાદભાઈ ગણપતરામ મેવાડા (વર્ષ ૨૮) શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા તા. ૨૨-૪-૨૦૦૮ના રોજ અમેરિકા મુકામે અક્ષરનિવાસી થયા છે. શ્રીહરિ તેમના પરિવારને દુઃખ સહન કરવાનું બળ આપે તેવી પ્રાર્થના.

સંપાદક, મુદ્રક અને પ્રકાશક : મહંત સ્વામી નારાયણસ્વરૂપદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ વતી પ્રકાશિત કર્યું.


1


2


3




4


5




શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુરના સાહિત્ય કેન્દ્રમાં ઉપલબ્ધ સાંપ્રદાયિક સાહિત્ય. અને વિદ્યાર્થીઓ માટે ફુલ સ્કેપ, જેમ્બો અને નોટબુકનું વિતરણ ચાલું છે.

(૧) નારાયણઘાટ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રીહનુમાન જયંતી પ્રસંગે યજ્ઞમાં શ્રીફળ હોમતા પ.પૂ. મોટા મહારાજશ્રી. (૨) પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના શુભ હસ્તે સંત મહાદીક્ષા. (૩) ભાયંદર (મુંબઈ) માં આપણા શ્રી નરનારાયણ દેવ સત્સંગ મંડળ આયોજીત વિશાળ સત્સંગ સભામાં પ.પૂ. મોટા મહારાજશ્રીની શુભ નિશ્રામાં સંતો કથા કરતા. (૪) ચૂડા ગામે (મૂળી દેશ) નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોનું) માં મૂર્તિ પ્રતિષ્ઠા કરતા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી. (૫) આપણા ઈષ્ટ આફ્રિકા સ. સ્વા. મંદિર નાઈરોબીમાં પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વાદથી યોજાયેલ મહિલા સત્સંગ શિબિર.

Registered under RNI-No-GUJGUJ/2007\20221 “Permitted to post at
Ahd PSO on 11th every month under postal Regd. No.GAMC 003 issued SSP
Ahd Valid up to 31-12-08 Licenced to Post without pre payment No.AM-019 valid up to 31/5/2008


1


2


3


4


5


6


7


8

(૧) કલિવલેન્ડના ભવ્ય મંદિરને દર્શનાર્થે ખુલ્લું મુકતા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી. (૨) અમેરિકામાં કલિવલેન્ડમાં આપણા (આઈ.એસ.એસ.ઓ. સંસ્થાપિત) નૂતન શિખરબધ્ધ મંદિરમાં શ્રી નરનારાયણદેવ, શ્રી રાધાકૃષ્ણ દેવ, હરિકૃષ્ણ મહારાજ અને શ્રી લક્ષ્મીનારાયણાદિ દેવોની પ્રાણપ્રતિષ્ઠા કરતા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી. (૩) કલિવલેન્ડ મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠાની આરતી ઉતારતા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી. (૪) મુમુક્ષુને વર્તમાન ધરાવતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી, સાથે મહંત સ્વામી, પી.પી.સ્વામી અને શ્રી પ્રકાશભાઈ. (૫-૬) કલિવલેન્ડના ભવ્ય રાજમાર્ગો પર શોભાયાત્રામાં દર્શન આપતા પ.પૂ. મહારાજશ્રી અને સાથે લાભ લેતા ત્યાંના મેયરશ્રી અને અન્ય મહાનુભાવો. (૭) કલિવલેન્ડ મંદિરમાં હરિભક્તોની વિશાળ સભા. (૮) કલિવલેન્ડ મંદિરમાં કથા પ્રસંગે શ્રી કૃષ્ણ જન્મોત્સવ.

Shreeji Art (079) 26580916, 9879606686